Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૨૮
તા.૦૬-૦૧-૨૦૧૮, શનિવાર
સંવત ૨૦૭૪ પોષ વદ - ૦૫
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૩ સૂર્યાસ્ત : ૦૬:૦૮

તાપમાન
ડીસા ૧૦.૬ | વડોદરા ૧૧.૪
અમદાવાદ ૦૮.૬ | સુરત ૧૫.૪
ગાંધીનગર ૦૮.૦ | નલિયા ૧૦.૫

ચાંદી : ૩૯,૩૦૦ સોનું : ૩૦,૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# રાજયમાં શીતલહેર : અમદાવાદમાં ૮.૬ ડીગ્રી



અમદાવાદ

ગુજરાતમાં આગામી બે દિવસ દરમિયાન કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવી છે. બીજી બાજુ રાજયના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે. પૂર્વીય અફઘાનિસ્તાનની સાથે પાકિસ્તાનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરની વચ્ચે ગુજરાત ઉપર અપરએર સર્કયુલેશન સર્જાતા રાજયભરમાં કોલ્ડવેવની અસર છવાઈ જવા પામી છે.રાજયના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનનો પારો ગગડી જતા લોકોએ કાતિલ ઠંડીના ચમકારાનો અનુભવ કરતા લોકો રીતસરના ઠંડીમાં હુઠવાઈ જવા પામ્યા છે.રાજયમાં આજે સૌથી ન્યૂનત્તમ તાપમાન પાટનગર ગાંધીનગર ખાતે ૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાવા પામ્યુ હતુ જયારે અમદાવાદ શહેરમાં પારો ૮.૬ ડિગ્રી સેલ્સિયસ પર રહેવા પામ્યો હતો.જયારે નલિયા ખાતે પારો ૧૦.૫ ડિગ્રી સેલ્સિયસ પર રહેવા પામ્યો હતો.હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજયમાં આગામી ૪૮ કલાક સુધી કોલ્ડવેવની અસર જોવા મળી શકે છે.

આ અંગે મળતી માહિતી અનુસાર, રાજયમાં છેલ્લા કેટલાક દિવસોથી લોકો વહેતા શીત પવનોની સાથે કાતિલ ઠંડીનો અનુભવ કરી રહ્યા છે ત્યારે રાજયના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનનો પારો ૧૦ ડિગ્રી સેલ્સિયસથી પણ નીચે ઉતરી જતા લોકોની મુશ્કેલીમાં વધારો થવા પામ્યો છે.રાજયમાં ઉંમરલાયક વૃધ્ધોની સાથે બાળકો અને શ્વાસને લગતી વિવિધ બીમારીનો શિકાર એવા લોકો માટે વહેતા થતા ઠંડા પવનોને કારણે મુસીબતમાં વધારો થવા પામ્યો છે આ ઉપરાંત રાજયના અનેક વિસ્તારોમાં શરદી, ખાંસી, દમ, અસ્થમા જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે.સૂત્રો તરફથી મળતી માહિતી અનુસાર, પૂર્વીય અફઘાનિસ્તાનની સાથે પાકિસ્તાનમાં વેસ્ટનડિસ્ટર્બન્સ સર્જાવા પામ્યુ છે આ ઉપરાંત ગુજરાત ઉપર અપરએર સાઈકલોનિક સિસ્ટમ સર્જાતા ઠંડીના પ્રમાણમાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે.રાજયમાં સરહદી જિલ્લા એવા કચ્છના નલિયાની સાથે બનાસકાંઠાના ડિસા સહિતના રણને અડીને આવેલા વિસ્તારોમાં વસતા લોકોની હાલત સૌથી કફોડી જોવા મળી રહી છે.કેમકે આ પ્રદેશોમાં સીધા ઠંડા પવનો વહેતા થઈ રહ્યા છે.આ ઉપરાંત ઈડર જેવા પર્વતીય વિસ્તારમાં પણ ઠંડા પવનોને



કારણે કાતિલ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે.રાજયમાં આજે રાજધાની ગાંધીનગરમાં પણ લોકોએ તીવ્ર ઠંડીનો અનુભવ કરવો પડ્યો હતો.આ ઉપરાંત અમદાવાદ જેવા શહેરમાં પણ પ્રદૂષણની વચ્ચે પણ ઠંડા પવનોની વચ્ચે ઠંડીનો અનુભવ કરવામાં આવી રહ્યો છે.

## અમદાવાદ, ગાંધીનગર ઠંડાગાર બન્યા : જનજીવન પર વ્યાપક અસર :જુદા જુદા રોગમાં ઝડપી વધારો

# લોકસભા અનિશ્ચિત મુદત માટે મોકૂફ : સત્રમાં ૧૨ બિલ પસાર

### શિયાળુ સત્ર દરમિયાન સરકાર દ્વારા ૧૬ બિલ રજૂ કરવામાં આવ્યા

નવીદિલ્હી

સંસદનું શિયાળુ સત્ર આજે પરિપૂર્ણ થયું હતું. લોકસભાને અનિશ્ચિત મુદત માટે મોકૂફ કરી દેવામાં આવી હતી. શિયાળુ સત્રમાં માત્ર ૧૨ બિલ જ પસાર કરવામાં આવ્યા હતા. અધ્યક્ષે કહ્યું હતું કે, સેશનમાં સરકાર દ્વારા ૧૬ બિલ રજૂ કરવામાં આવ્યા હતા. શિયાળુ સત્ર દરમિયાન ગૃહમાં ૧૨ બિલ પસાર કરવામાં આવ્યા હતા જેમાં ત્રિપલ તલાક બિલનો સમાવેશ થાય છે. લોકસભામાં ત્રિપલ તલાક બિલ પાસ કરવામાં આવ્યું હતું પરંતુ આ બિલ રાજ્યસભામાં અટવાઈ પડ્યું છે. લોકસભામાં સભ્યોએ આજે પણ ધાંધલધમાલ જારી રાખી હતી. ત્રિપલ તલાકમાં મુસ્લિમ સમુદાયમાં અપરાધની જોગવાઈ કરવામાં આવી છે. મોકૂફીની જાહેરાત કરતા અધ્યક્ષ સુમિત્રા મહાજાને કહ્યું હતું કે સત્ર ૧૫મી ડિસેમ્બરના દિવસે શરૂ થયું હતું. ૧૩ બેઠકો યોજાઈ હતી જે ૬૧ કલાક અને ૪૮ મિનિટ ચાલી હતી. ગૃહે મોકૂફી અને ખલેલના કારણે ૧૫ કલાક ગુમાવ્યા હતા. શિયાળુ સત્ર દરમિયાન જે બિલ પસાર કરવામાં આવ્યા હતા તેમાં સેન્ટ્રલ રોડ ફંડ (સુધારા બિલ), નેશનલ કેપિટલ ટેરેટરી ઓફ દિલ્હી કાયદા ખાસ જોગવાઈ બિલનો સમાવેશ થાય છે. કેટલાક બિલમાં કેટલીક મહત્વપૂર્ણ જોગવાઈ રહેલી છે. અધ્યક્ષે કહ્યું હતું કે, સરકાર દ્વારા ૧૬ બિલ રજૂ કરવામાં આવ્યા હતા.

# SBI હવે મિનિમમ બેલેન્સ મર્યાદા ઘટાડે તેવા એંધાણ

નવી દિલ્હી

સરકારના દબાણ સમક્ષ ઝુંકીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા મિનિમમ બેલેન્સમાં રાહત આપી શકે છે. શહેરી બ્રાંચમાં હાલમાં મિનિમમ બેલેન્સની મર્યાદા ૩૦૦૦ રૂપિયા છે. બેંક માસિક સરેરાશ બેલેન્સની જરૂરિયાતને ત્રિમાસિક સરેરાશ બેલેન્સને બદલી દેવાની તૈયારીમાં છે. એટલે કે ગ્રાહકોને દર મહિનાના બદલે ત્રિમાસિક આધાર પર પોતાના એકાઉન્ટમાં નિર્ધારિત બેલેન્સ જાળવવાની જરૂર પડશે. બેંક મિનિમમ બેલેન્સની જરૂરને ૧૦૦૦ રૂપિયા કરી શકે છે. જો કે, હજુ નિર્ણય કરાયો નથી. એસબીઆઈએ ગયા વર્ષે જૂન મહિનામાં મિનિમમ બેલેન્સને વધારીને ૫૦૦૦ રૂપિયા કર્યો હતો. અલબત્ત ભારે વિરોધ થયા બાદ મિનિમમ બેલેન્સની મર્યાદા મેટ્રો શહેરોમાં ઘટાડીને ૩૦૦૦ રૂપિયા, અર્ધ શહેરોમાં ૨૦૦૦ અને ગ્રામિણ ક્ષેત્રોમાં ૧૦૦૦ કરી હતી. કિશોર અને પેન્શનરો માટે આ મર્યાદાને ઘટાડવામાં આવી હતી. પેમેન્ટની રકમ ૨૫-૧૦૦ રૂપિયાથી ઘટાડીને ૨૦-૫૦ રૂપિયા કરી હતી. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા હવે તેના ગ્રાહકોને મોટી રાહત આપે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

# વિરોધ પક્ષ નેતાનું નામ એક-બે દિ'માં જાહેર થવાની વકી

### ફેરફાર ન થાય તો પરેશ ધાનાણીનું નામ નક્કી

અમદાવાદ

ગુજરાત વિધાન સભામાં કોંગ્રેસપક્ષના નેતા(વિરોધ પક્ષના નેતા) તરીકે યોગ્ય ઉમેદવારની પસંદગીને લઈ કોંગ્રેસના રાષ્ટ્રીય નીરીક્ષકોએ તાજેતરમાં ગુજરાત કોંગ્રેસના સ્થાનિક નેતાઓ અને ચૂંટાયેલા ધારાસભ્યો સાથે યોજેલી મેરેથોન બેઠકો અને તેમના અભિપ્રાયો, ચર્ચા વિચારણા બાદ વિગતવાર અહેવાલ કોંગ્રેસ હાઈકમાન્ડને સુપ્રત કરી દીધો છે. કોંગી હાઈકમાન્ડ દ્વારા નામોને લઈ ભારે મનોમંથન ચાલી રહ્યું છે અને રાજયની આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી, લોકસભાની ૨૦૧૯ની ચૂંટણી સહિતના તમામ પાસાઓને ધ્યાનમાં લઈ એકાદ-બે દિવસમાં કોંગ્રેસ પક્ષના નેતાનું નામ જાહેર કરી દેવાય તેવી શકયતા છે. બીજીબાજુ, ગુજરાત કોંગ્રેસમાં આજે પણ વિરોધપક્ષના નેતાના નામને લઈ ભારે ઈન્તેજારી અને સસ્પેન્સ વચ્ચે કશ્મકશ જોવા મળી હતી. જો છેલ્લી ઘડીયે કોઈ ફેરફાર ના થાય તો આ વખતે યુવા નેતા અને રાહુલ ગાંધીના નજીકના મનાતા પરેશ ધાનાણીનું નામ કોંગ્રેસ પક્ષના નેતા તરીકે નક્કી છે. જો કે, વિરોધપક્ષના નેતાની આ રેસમાં કોંગ્રેસના ધારાસભ્ય કુંવરજી બાવળિયા, વિક્રમ માડમ અને મોહનસિંહ રાઠવા પણ મેદાનમાં ઉતરી આવતાં પક્ષના રાષ્ટ્રીય નીરીક્ષકોએ તેમને ઠપકો આપી વિવાદ ખાળવાનો પ્રયાસ કર્યો હતો તે બાબત પણ એટલી જ વાસ્તવિક છે.

### કેપટાઉન ટેસ્ટમાં આફ્રિકા ૨૮૬ રનમાં ઓલઆઉટ

કેપટાઉન

કેપટાઉન ખાતે શરૂ થયેલી ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે આજે ભુવનેશ્વરની શાનદાર બોલિંગ ના લીધે આફ્રિકાની ટીમ ૭૩.૧ ઓવરમાં જ ૨૮૬ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. આફ્રિકા તરફથી ડિવિલિયર્સે ૬૫ અને પ્લેસિસે ૬૨ રન કર્યા હતા. ટોપ ઓર્ડરના બેટ્સમેનો ફલોપ રહ્યા હતા.

# લોકસભામાં બિલ પાસ પણ રાજ્યસભામાં અટવાયું

નવી દિલ્હી

સંસદના શિયાળુ સત્રની આજે પૂર્ણાહૂતિ થઈ હતી. આજે ત્રિપલ તલાક બિલ લોકસભામાં પાસ થયા બાદ રાજયસભામાં અટવાઈ પડ્યું છે. તેના ભાવિને લઈને ચર્ચાઓ શરૂ થઈ છે. રાજયસભામાં બિલ પેન્ડિંગ હોવાના કારણે સરકારની પાસે તેને કાયદાકીયરીતે રજૂ કરવા માટે ખુબ ઓછા વિકલ્પ રહી ગયા છે. આ બિલના ભવિષ્યના સંદર્ભમાં પૂછવામાં આવતા રાજયસભાના પૂર્વ મહાસચિવ વીકે અગ્નિહોત્રીએ કહ્યું હતું કે, સરકારની પાસે એક વિકલ્પ છે તે વટહુકમ જારી કરીને આને અમલી બનાવી શકે છે. જો કે, આ વટહુકમ મારફતે આને અમલી કરવાની બાબત રાજયસભાનું અપમાન તરીકે હોઈ શકે છે. એક વખતમાં ત્રિપલ તલાકને અપરાધ જાહેર કરવાની જોગવાઈ ધરાવનાર બિલ શિયાળુસત્રમાં લોકસભામાં પસાર થયું હતું પરંતુ રાજયસભામાં વિપક્ષે સિલેક્ટ કમિટિને આ બિલને મોકલવાના મુદ્દે જિદ્દી વલણ અપનાવ્યું હતું જેના પરિણામ સ્વરુપે આને પસાર કરી શકાયું નથી. અલબત્ત સરકારે રાજયસભામાં આને ચર્ચા માટે મુકી દીધું છે અને આ રાજયસભાની સંપત્તિ છે. તેમણે કહ્યું હતું કે, સામાન્યરીતે વટહુકમ એ વખતે લાવવામાં આવે છે જયારે સત્ર ચાલી રહ્યું હોતું નથી અને ગૃહમાં આને રજૂ કરવાની સ્થિતિ હોતી નથી. તેમણે કહ્યું હતું કે, જયારે ગૃહમાં બિલ રજૂ કરી દેવામાં આવ્યું છે ત્યારે તેના ઉપર વટહુકમ લાવવાની બાબત ગૃહના પ્રત્યે સન્માનની સ્થિતિ તરીકે જોવામાં આવતા નથી. અગ્નિહોત્રીએ કહ્યું હતું કે, સરકાર આને સિલેક્ટ કમિટિને મોકલી શકે છે. આવા દાખલા પણ છે કે, સિલેક્ટ કમિટિએ એક સપ્તાહની અંદર જ પોતાના રિપોર્ટ સોંપી દીધા છે. તેમણે કહ્યું હતુ કે, સરકારની પાસે એક વિકલ્પ એ પણ હતો કે, વિપક્ષ દ્વારા જે રજૂઆત કરવામાં આવી હતી તે રજૂઆત મારફતે સુધારા કરવામાં આવ્યા હોત. રાજયસભાના કોંગ્રેસના સભ્ય વિવેક તંખાનું કહેવું છે કે, આ સંદર્ભમાં વટહુકમ લાવવા માટે સરકાર સ્વતંત્ર છે.

# પાલનપુર રેલવે સ્ટેશનની વેસ્ર્ટન રેલવેના ઉચ્ચ અધિકારીઓએ મુલાકાત લીધી

### વેસ્ર્ટન રેલ્વે એમ્પોઈઝ યુનિયન દ્વારા વિવિધ પ્રશ્નો અંગે રજૂઆત કરાઈ

પાલનપુર

વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર અને ડી. આર.એમ. એ પાલનપુર રેલ્વેસ્ટેશનની મુલાકાત લીધી હતી. જેઓએ મહેસાણાથી આબુરોડ વચ્ચે ચાલતા ડબલ લાઈનના કામની સમિક્ષા કરી હતી. જ્યાં વેસ્ર્ટન રેલ્વે એમ્પલોઈઝ યુનિયન દ્વારા વિવિધ પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. દરમિયાન, પાલનપુર રેલવે પ્લેટફોર્મ પર એસ્કેલેટર મુકવાની જાહેરાત કરાઈ હતી.

પાલનપુર – અમદાવાદ વચ્ચે વર્તમાન સમયે ટ્રેનો એક જ લાઈન ઉપર દોડતી હોવાથી ક્રોસ સિંગ્નલના કારણે મોટાભાગની ટ્રેનો લેઈટ થતી હોય છે. મુસાફરોનો સમય પણ બગડે છે. આ પ્રશ્નનો ઉકેલ લાવવા માટે રેલવે તંત્ર દ્વારા ડબલ લાઈન નાંખવાની શરૂઆત કરવામાં આવી છે. જે કામની સમિક્ષા કરવા માટે નિકળેલા વેસ્ર્ટન રેલ્વેના જનરલ મેનેજર અનિલ ગુપ્તા, અમદાવાદ ડિવિઝનના ડી. આર. એમ. દિનેશ કુમારે તેમની ટીમ સાથે ગતરોજ પાલનપુર રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી. જ્યાં પાલનપુર રેલવે સ્ટેશન પ્રબંધક આર. ડી. બૈરવા, આરપીએફ પીઆઈ નિહાલસિંહ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### પાલનપુર રેલવે પ્લેટફોર્મને એસ્કેલેટરની ભેંટ મળશે

જનરલ મેનેજર અનિલ ગુપ્તાએ જણાવ્યું હતુ કે, પાલનપુર- મુંબઈ વચ્ચે સીધી રેલવે, પાલનપુર રેલવે સ્ટેશને શેડની લંબાઈ વધારવી સહિતની કામગીરી પર વિચારણા કરવામાં આવશે. આ ઉપરાંત પાલનપુર રેલવે સ્ટેશને પ્લેટફોર્મ પર એસ્કેલેટરની સુવિધા પણ મંજુર કરવામાં આવી છે. રેલવે સ્ટશનને વાઈફાઈથી સજ્જ કરવામાં આવ્યું છે.

### વેસ્ર્ટન રેલવે એમ્પલોઇઝ યુનિયને રજૂઆત કરી

રેલવેના જનરલ મેનેજર સમક્ષ વેસ્ર્ટન રેલવે એમ્પલોઈઝ યુનિયનના ચેરમેન પ્રહલાદ હિરાગર, સચિવ બી. પી. ગઢવી, ડી. આર. યુ. સી. સી.ના મેમ્બર અંબાલાલ રંગવાણી સહિત સભ્યોએ રજૂઆત કરી હતી. જેમાં રેલ્વે સ્ટાફ કવાર્ટસમાં થતી ચોરીઓ અટકાવવા માટે પ્રોટકશન દિવાલ ચણવાની માંગ કરાઈ હતી. તદુપરાંત પ્લેટ ફોર્મ નં.૧ની ઉત્તર દિશામાં ફુટ ઓવર બ્રીજ સહિતના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા.

## ડીસાના બીજા એડી.સેશન્સ જજનો ચુકાદો

# રાધનપુરના કારચાલકને લૂંટનાર ત્રણ આરોપીઓને પાંચ વર્ષની કેદ

### રાધનપુર થી થરા કાર ભાડે કરી કારચાલકને રસ્તામાં લૂંટયો હતો

ડીસા

પાટણ જિલ્લાના રાધનપુર થી બનાસકાંઠાના થરા જવા માટે ચાર વર્ષ અગાઉ કાર ભારે કરી રસ્તામાં કારચાલકને લૂંટી લેવાના બનાવમાં ડીસાના બીજા એડિશનલ સેશન્સ જજે ત્રણ આરોપીને પાંચ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ કેસમાં એક આરોપી બાળ આરોપી હોય તેનો કેસ જુવેનાઈલ કોર્ટમાં ચાલી રહ્યો છે જ્યારે એક શખ્સ ફરાર છે તેમજ એક શખ્સને શંકાનો લાભ આપી છોડી મુકાયો હતો.

આ અંગેની વિગત એવી છે કે ગત તારીખ ૨૬ ૬ ૨૦૧૩ના રોજ રાધનપુર ખાતે રહેતા અને બોલેરો કાર ભાડે ફેરવતા કેશવલાલ ઉર્ફે દિનેશભાઈ વાલજીભાઈ મકવાણા પાસે પાંચ છ શખ્સોએ આવી રાધનપુર થી થરા જવાનું છે તેમ કહી બોલેરો કાર ભાડે રાખી હતી. તેઓએ કાર ભાડે નક્કી કરી થરા નીકળ્યા ત્યારે વડા થી ઉણ નજીક આવતા અંદર બેઠેલા શખ્સોએ ડ્રાઈવરને ધમકી આપી તેનો મોબાઈલ તેમજ ૩૨૦૦ રૂપિયા રોકડા કઢાવી લઈ ડ્રાઈવરને ઉતારી કાર લઈ નાસી છૂટયા હતા. જે અંગે કેશવલાલ એ શિહોરી પોલીસ મથકે અભેસિંગ હકુંભા વાઘેલા, ચીકુભા કનુભા વાઘેલા, સિધ્ધરાજસિંહ માંગુભા વાઘેલા, જોગાભાઈ પૉપટભાઈ રબારી, કિરણસિંહ તિલકસિંહ વાઘેલા રહે.તમામ ઉન,અને દિનેશભાઈ કીરણ ભાઈ મકવાણા રહે. રાધનપુર એમ છ આરોપી સામે શિહોરી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોલીસે ચાર્જશીટ કર્યુ હતુ જે અંગેનો કેસ ડીસાની એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા વર્તમાન સમયમાં લૂંટનાં વધતા જતા બનાવો અને તેની ગંભીરતા અંગે સરકારી વકીલ ડી.કે. પુરોહિતે ભારપૂર્વક દલીલો કરતા તમામ દલીલોને ગ્રાહ્ય રાખી ડીસાના બીજા એડિશનલ સેશન્સ જજ એચ.વી. વ્યાસે ત્રણ આરોપીને પાંચ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. જયારે આરોપીઓને રૂપિયા ૫૦૦૦નો દંડ કર્યો હતો અને દંડ ન ભરે તો વધુ છ માસની સાદી કેદ ભોગવવાનો પણ આદેશ કર્યો હતો. આ કેસમાં એક આરોપી બાળ આરોપી હોય તેનો કેસ જુવેનાઈલ કોર્ટમાં ચાલી રહ્યો છે. જયારે એક આરોપી નાસતોફરતો છે. આ ઉપરાંત એક આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂક્યો હતો.

**સજા પામેલા આરોપીઓ**

અભેસિંગ હકુભા વાઘેલા, ચીકુભા કનુભા વાઘેલા, સિધ્ધરાજસિંહ મંગુભા વાઘેલા તમામ રહે, ઉણ, તાલુકો. કાંકરેજ, જીલ્લો બનાસકાંઠા

### ગાંધીનગર ખાતે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ શરૂ

અમદાવાદ,તા.૫

ગુજરાતમાં વિધાન સભાની ચૂંટણીમાં ચાવીરુપ ભૂમિકા અદા કરીને પાટીદાર સમુદાય દ્વારા તેમની તાકાત દર્શાવવામાં આવ્યા બાદ હવે બિઝનેસના મોરચે પણ ફરી એકવાર પાટીદારોની તાકાત દેખાઈ રહી છે. પાટનગર ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ગ્લોબલ બિઝનેસ સમિટની આજે શરૂઆત થઈ હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આની વિધિવતરીતે દિપપ્રાગટ્ય કરીને શરૂઆત કરાવી હતી. ત્રણ દિવસ સમિટમાં ૩૦થી વધુ દેશોના ૧૦૦૦૦થી પણ વધારે પાટ-ીદાર નાના મોટા ઉદ્યોગપતિઓ ભાગ લઈ રહ્યા છે. પાટીદાર સમુદાયના સભ્યો દ્વારા રચવામાં આવેલી સંસ્થા સરદાર ધામ વિશ્વ પાટ-ીદાર કેન્દ્ર દ્વારા આ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે.

મહેક મહેક થાય છે ગ્રામ જગતની માટી
હે તેજસ્વી યુવાનો આવો બનવા તલાટી
નવી બેચ
પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી
બહુજ ટૂંકાગાળામાં સફળતા પ્રાપ્ત કરવાની આક્રમક વ્યૂહરચના
સ્પેશ્યલ આવનાર ૩૫૦૦ + જગ્યા
મહેસૂલ તલાટી
ફ્રી દિવસ ડેમો કલાસ
તા.૮ થી ૧૫ જાન્યુ. સાંજે ૬ થી ૮
વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ
અક્ષર કેરીયર એકેડેમી, ડીસા
ચોથોમાળ, સદ્‌ભાવ કોમ્પલેક્ષ, ગાયત્રી મંદિર પાસે, હાઈવે રોડ, ડીસા
મો.૯૪૦૮૨૯૦૫૧૫, ૯૫૧૦૧૯૨૯૦૯

## સૂર્યોદય - ૭.૨૩ સૂર્યાસ્ત - ૬.૦૮

### તિથિદર્શન
પોષ વદ-૫ શનિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ પોષ વદ : પાંચમ શનિવાર નક્ષત્ર: પૂર્વ ફાલ્ગુની રાત્રે ૧.૨૦ પછી ઉત્તર ફાલ્ગુની યોગ : આયુષ્યમા કરણ :ગર આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

### ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

#### દુર્જનસ્ય વિશિષ્ટત્વં પરોપદ્રવકારણં વ્યાઘ્રસ્ય ચોપવાસે ન પારણં પશુ મારણં

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે:

'દુર્જન લોકો સેવાનો પણ કોઈ 'પ્રોજેક્ટ' લે તોપણ બીજા, સજ્જન લોકોને તેનાથી ઉપદ્રવ જ થાય છે, જેમ કે વાઘ ઉપવાસનું 'વ્રત' રાખે તોપણ જ્યારે પારણું કરે ત્યારે પશુનું જ મારણ કરવામાં આવે છે.' દુર્જન લોકો જે કંઈ પણ કરે એમાં એમનો હેતુ મેલો હોય છે. પોતાનો સ્વાર્થ તો હોય જ પણ એને કારણે એમના વિરોધીને નુકસાન કે પરેશાની કેમ થાય એ પણ એમનું ઊંડું લક્ષ્ય હોય છે., દા.ત., ગામનો સેવાભાવી - સેવક તરીકે દુર્જન રસ્તા માટે અરજી કરતો હોય પણ એની પાછળ કોઈ ખેડૂતની જમીન કેમ કપાઈ જાય એ જ તેનો હેતુ હોય છે..

અહીં દૃષ્ટાંતમાં 'વાઘના ઉપવાસ'ની વાત છે. ઉપવાસનો અંત તો કોઈ નિર્દોષ પશુના મારણથી જ આવે, તેમ દુર્જનનું કોઈ પણ કાર્ય સજ્જના સંતાપનું કારણ બને છે. સજ્જનનો નવરાત્રી ઉત્સવ, આનંદ- ભક્તિ માટે હોય પણ વિદ્યાર્થીઓ અને વૃદ્ધ દર્દી માટે તો એ ખલેલ અને ઉજાગરાનું કારણ બને છે.

### આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.**
**વૃષભ : (બ.વ.ઉ.) વડીલવર્ગની પ્રીતિ પ્રાપ્ત થાય. અટકેલા કાર્યો પૂર્ણ થાય.**
**મિથુન : (ક.છ.ઘ.)રચનાત્મક કાર્યમાં સફળતા મળે. આરોગ્ય અંગે સાવચેતી રાખવી હિતાવહ.**
**કર્ક : (ડ.હ.) નાણાંભીડ હળવી બને. મહત્વના કાર્યમાં સફળતા મળે.**
**સિંહ : (મ.ટ.) વિલંબથી કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ચકમક ઝરે.**
**કન્યા : (પ.ઠ.ણ.) પ્રિયજનથી વિરહ રહે. સંપત્તિને લગાત કાર્યોનો ઉકેલ મળે.**
**તુલા : (ર.ત.) નોકરીયાતને ઉપરી અધિકારીથી લાભ. રોકાયેલા નાણાં છૂટા થાય.**
**વૃશ્ચિક : (ન.ય.) ધંધાકીય કાર્યમાં લાભ મેળવી શકશો. પ્રવાસમાં લાભ થાય.**
**ધન : (ભ.ફ.ધ.) ખર્ચનો પ્રસંગ બને. ધંધાકીય કાર્યમાં વિઘ્ન આવે.**
**મકર : (ખ.જ.)વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. મનમાં મૂંઝવણ અનુભવાય.**
**કુંભ : (ગ.શ.સ.) આકસ્મીક પ્રવાસનો લાભ મળે. આરોગ્ય અંગે સાવચેત રહેવું.**
**મીન : (દ.ચ.જ.થ.) નાણાંભીડ તીવ્ર બને. કાર્યબોજ હળવો બને.**

### આજનો દિન મહાન - યશવંત કડીકર

આધુનિક હિન્દી સાહિત્યના પિતા 'ભારતેન્દુ' હરિશ્ચંદ્રનસ પુણ્યતિથિ છે.

એમનો જન્મ તા. ૯-૯-૧૮૫૦ ના રોજ થયો હતો. ૩૫ વર્ષની નાની વયે અવસાન પામનાર આ સાહિત્યકારનું હિંદી સાહિત્યજગત ખુબ જ ઋણી છે. કારણ, નમાઈ હિંદી ભાષાનો પ્રભાવ જમાવવા એમણે 'કવિવચન સુધા' નામનું માસિક કાઢયું.અનેક વિષયો ક્ષેત્રો પર તેમણે હિંદીમાં લખવા માંડયું. હિંદી સાહિત્યનું સ્વરૂપ તેમણે સાર્થક બનાવ્યું. સ્ત્રીશિક્ષણના તેઓ જબરા હિમાયતી હતા. તે માટે તેઓ 'બાલબોધિની' નામક પત્રિકા કાઢતા. મુંબઈ, બંગાળ કે મદ્રાસ કોઈ પણ પ્રાંતમાં પરીક્ષા પસાર કરનાર સ્ત્રીને તેઓ પોતાના તરફથી બનારસી સાડી ભેટ મોકલાવતા.

આ મહાન સાહિત્યકારનું તા. ૬-૧-૧૮૮૫ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




### તા. ૦૮.૦૧.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૬૦૬ પોઈન્ટ મહત્વની સપાટી...!!!**

**તા. ૦૫.૦૧.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૫૭૮ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૫૩૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૫૦૫ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૬૦૬ પોઈન્ટ થી ૧૦૬૧૬ પોઈન્ટ, ૧૦૬૩૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૬૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૦૫.૦૧.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૬૬૧ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૫૭૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૪૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૭૭૦ પોઈન્ટ થી ૨૫૮૦૮ પોઈન્ટ, ૨૫૮૮૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૮૮૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

### હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**BEML લિમિટેડ (૧૫૫૪) :- ઓટો ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૫૦૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૪૯૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૫૮૩ થી રૂ.૧૫૯૦ ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૬૦૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**હેવલ્સ ઇન્ડિયા (૫૬૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૫૪૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૫૨૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૫૮૩ થી રૂ. ૫૯૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**ICICI બેન્ક (૩૧૩) :- રૂ.૨૯૬ નો પ્રથમ તેમજ રૂ.૨૯૦ ના બીજા સપોર્ટથી બેન્ક સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૩૨૬ થી રૂ.૩૩૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**અપોલો ટાયર્સ (૨૮૧) :- ટાયર્સ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૨૯૪ થી રૂ.૩૦૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૨૭૩નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**DLF લિમિટેડ (૨૬૦) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૨૪૭ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક રિયાલીટી સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૨૭૩ થી રૂ.૨૮૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**જેટ એરવેઈઝ (૮૭૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ એરલાઈન્સ સેક્ટર નો આ સ્ટોક રૂ.૮૯૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૮૬૮ થી રૂ.૮૪૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૯૦૯ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**GAIL ઇન્ડિયા (૪૯૪) :- રૂ.૫૦૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૧૮ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ. ૪૮૦ થી રૂ.૪૬૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૩૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**ચેન્નાઈ પેટ્રોલિયમ (૪૨૪) :- પેટ્રો પ્રોડ્કટ સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૪૪૭ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૪૦૯ થી રૂ. ૩૯૬ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**હિંદાલ્કો ઇન્ડસ્ટ્રીઝ (૨૭૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ એલ્યુમિનિયમ સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૯૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૬૪ થી રૂ.૨૫૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૯૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ઇન્ડિયા સિમેન્ટ (૧૯૯) :- રૂ.૨૧૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૨૧૯ ના સ્ટોપલોસે વેચવાલાયક સિમેન્ટ સેકટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૧૯૦ થી રૂ.૧૮૨ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૨૨૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

## બેડમિન્ટન સ્પર્ધામાં સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કર્મચારીઓ ચેમ્પિયન


વિકેશ શાહ

પ્રતિનિધિ દાંતીવાડા

નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે ઓલ ગુજરાત રાજ્ય યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ આયોજિત બેડમિન્ટન, ટેબલ ટેનિસ, ક્રિકેટ જેવી સ્પર્ધા ઓ યોજાઈ જેમાં ગુજરાત રાજ્યની ૧૬ યુનિવર્સિટી ના ૩૯૯ જેટલા કર્મચારીઓ એ ભાગ લીધેલ જેમાં બેડમિન્ટન સ્પર્ધામાં સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કર્મચારીઓ એ ઉતકુસ્ટ પ્રદર્શન કરી ચેમ્પિયન બનેલ જેમાં જીગર દોઢા, રવિરાજ ડાભી અને એચ.પી.પઢીયાર એ ટ્રોફી પ્રાપ્ત કરેલ તેમજ વિજેતા ખેલાડીઓને માન. કુલપતિ શ્રી ડો.અશોકભાઈ પટેલ એ અભિનંદન પાઠવેલ.

## વડોદરાના પૂર્વ મેયરની પુણ્યતિથિએ વક્તવ્ય યોજાયા

પ્રતિનિધિ વડોદરા

વડોદરાના પૂર્વ મેયર પદમશ્રી સ્વ. ડૉ. વી.સી.પટેલની ચોથી પુણ્યતિથિ નિમિત્તે વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

ખેડા જિલ્લાના પંડોળી ગામે સામાન્ય ખેડુત પરિવારમાં અને ૧૯૩૧ માં જન્મેલા સ્વ.વી.સી. પટેલ લંડનમાં તબીબ બન્યા બાદ સ્વદેશ પરત ફરીને દેશના બાંધવોની સેવા શરૂ કરી હતી અને વડોદરા મેયર પણ બન્યા હતા. ૮૨ વર્ષના જીવનકાળ દરમ્યાન લોકસેવાના કાર્યો કર્યા હતા.

તેઓની ૪ થી પુણ્યતિથિ નિમિત્તે સંજીવ મેડિકલ ટ્રસ્ટ દ્વારા તેમના જીવન કવન આધારિત શુન્યમાંથી સર્જન પુસ્તિકાનું વિમોચન કરાયા બાદ સાહિત્યકાર જય વસાવડા દ્વારા મોજ મસ્તી અને દિલ દરિયા પર મોટીવેશન સ્પીચનું આયોજન થયું હતું. ઉપરાંત ડૉ.આનંદ આહુજા અને પ્રો. સિરિમાવાં અને ડૉ. પુર્વાંગ પુરોહિતે પણ વક્તવ્ય રજુ કર્યા હતા.

## જૈનમ યુવા ગ્રુપ દ્વારા બટુક ભોજનમાં સહયોગ

### માતાપિતાની સેવાથી અડસઠ તીરથનું પુણ્ય બંધાય છે: પં.ધર્મબોધિ વિજય

નવસારી

યુગપ્રધાન સૂરિસમ પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રશેખર વિજયજી મ.સાહેબ પ્રેરીત તપોવન સંસ્કારધામ- નવસારી પાસે આવેલા બાપા સીતારામ મઢુલીમાં નવસારીના આજુબાજુ ગામડાઓના ૩ હજાર સ્કુલના બાળકો (બટુકો) ને બપોરનું ભોજન કરાવામાં આવ્યું હતું. જૈનમ યુવા ગૃપ-નવસારીએ પણ આર્થિક સંયોગ-આપીને માનવપ્રેમનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

આ પ્રસંગે મુનિશ્રી હંસબોધિ વિજય, પંન્યાસ ધર્મબોધિવિજયજી તથા મુનિશ્રી ન્યરક્ષિતવિજયજી પણ આશિષ વચન આપવા પધાર્યા હતા.

સંસ્કાર સ્પેશ્યાલીસ્ટ પંન્યાસ ધર્મબોધિવિજયજીએ કહ્યું કે માતાપિતાના ઉપકારનો બદલો આખી જિંદગી સુધી સેવા કરીએ તો પણ વળે તેમ નથી. આ જગતમાં પગના બુટની જોડ મળશે, કાનના એ રીંગની જોડ મળશે. પેન્ટ અને શર્ટને પેર મળશે. પણ માતાપિતાની જોડ નહીં મળે. માટે જ કવિ બોટાદકરે કહેવું પડ્યું. જનનીની જોડ સખી નહિં જડે રે લોલ... માતાપિતાએ અડસઠ તીરથ છે. તેમની સેવા કરવાથી સંકટો નાશ પામે છે. માતપિતાની આંતરડી કકળાવનાર કદાપિ સુખી થતો નથી. તમામ બાળકોએ રોજ સવારે ઉઠીને માતપિતાના ચરણોમાં નમસ્કાર કરવો જોઈએ.

## રાજ્ય કક્ષાની ઈલેક્શન ક્વીઝ સ્પર્ધામાં દ્વિતીય


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

ચૂટણીપંચ (ગુજરાત રાજ્ય) દ્વારા રાજ્ય કક્ષાની નેશનલ ઈલેક્શન ક્વીઝ - ૨૦૧૭ નું તા.૫/૧/૨૦૧૮ ના રોજ ગાંધીનગર મુકામે આયોજન કરવામાં આવેલ હતું.

આયોજિત ક્વીઝ સ્પર્ધામાં અંજુમન સાર્વજનિક હાઈસ્કૂલ, રાધનપુર, જી.પાટણના વિદ્યાર્થી ભટ્ટી અસલમખાન અનવરખાને સમગ્ર રાજ્યમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેની આ સિધ્ધીથી સમગ્ર શાળા પરિવાર ગૌરવ અનુભવે છે. વિજેતા વિદ્યાર્થી હવે આગામી તા.૧૨/૧/૨૦૧૮ ના રોજ નવી દિલ્હી ખાતે યોજાનાર રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. અંતરિયાળ વિસ્તારની શાળાના આ વિદ્યાર્થીની જવલંત જીતથી પંથકમાં ખુશાલી છવાઈ છે.

## બાપલા હાઈસ્કૂલમાં વાલી મિટિંગ યોજાઈ

પ્રતિનિધિ બાપલા

ધાનેરા તાલુકાના બાપલાખાતે આવેલ શ્રી મહરસી કણ્વ અભિનવ વિદ્યાલયમાં આજરોજ વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યુંહતું. જે પ્રસંગે બાપલા હાઈસ્કૂલ ના વાલી મંડળ ના પ્રમુખ અને ધાનેરા તાલુકા પંચાયતના સભ્યશ્રી કચરાભાઈ પટેલની અધ્યક્ષતામાં શાળાના ટ્રસ્ટી કે.પી.જોશી સાહેબ આચાર્યશ્રી શંકરભાઈ પટેલ સાહેબ ગામના અગ્રણી આગેવાનો તેમજ બહોળી સંખ્યામાં વિધાર્થોના વાલીઓ હાજર રહ્યાં હતા અને વિવિધ પ્રસ્નો અંગેની શાળા ના સંચાલકો તેમજ વાલિયો દ્વારા શાળામાં પડતી મુશ્કેલી અંગેની આપલે કરવામાં આવીહતી.

શાળાના ટ્રસ્ટી અને આચાર્ય દ્વારા વિધાર્થીઓના વાલીઓને આવનારી બોર્ડની પરીક્ષા અંગેની ટિપ્સ આપવામાં આવી હતી. તેમજ બાળકોને નિયમીત શાળામાં મોકલવા અને તમારા ઘરે બાળકોને નિયમિત વાંચન કરવાનો આગ્રહ કર્યો હતો.

વાલી મંડળની મીટીગ ની આભાર વિધિ પ્રાથમિક શાળાના આચાર્ય હમીરભાઈ દવરા કરવામાં આવી હતી.

## ડીસા કોલેજનો વિજય



ડીસા

આજે હેમ.ઉ.ગુ.યુનિ. આંતરકોલેજની મેચ સા/કો. કોલજ પાલનપુર અને ડી.એન.પી. આ./કો. કોલેજ ડીસા વચ્ચે યોજાઈ. જેમાં ડીસા કોલેજે ટોસ જીતી પ્રથમ ફીલ્ડીંગ લઈ પાલનપુર કોલેજને ૪૦ ઓવરમાં ૧૭૧ રનમાં ઓલઆઉટ કરેલ. તેના જવાબમાં કોલેજે ૩૯ ઓવર , ૪ બોલમાં ૫ વિકેટે ભવ્ય જીત મેળવેલ. ડીસા કોલેજના મીત ગોહિલે ૮૧ બોલમાં ૭૧ રન કરી મેન ઓફ ધ મેચ બનેલ. વિજેતા તમામ ખેલાડીઓના તથા તેમના કોચ ડૉ.આર.ડી. ચૌધરીને સંસ્થા પરિવારે બિરદાવેલ.

## પાલનપુરની હેતીબા શાળાનું પ્રદેશ કક્ષાએ ગૌરવ

પાલનપુર

ગત તા. ૩૧/૧૨/૨૦૧૭ ના રોજ અમદાવાદ જિલ્લાના જેતલપુર મુકામે ગુજરાત રાજ્ય રમત- ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર આયોજિત અમદાવાદ પ્રદેશ કક્ષાની બાળપ્રતિભા શોધ સ્પર્ધાઓ યોજાઈ ગઈ. જેમાં પાલનપુરની શ્રીમતી હેતીબેન ર.ક.કા. પ્રાથમિક શાળાએ નીચે પ્રમાણે ૭ સ્પર્ધાઓમાં પ્રથમ ૪ સ્પર્ધાઓમાં દ્વિતીય તથા ૨ સ્પર્ધાઓમાં તૃતીય સ્થાન મેળવી સમગ્ર ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ વધારેલ છે.

પ્રથમ વિજેતા : વકતૃત્વ સ્પર્ધા (અ - વિભાગ), લગ્નગીત સ્પર્ધા (અ- વિભાગ), લોકવાદ્ય (અ- વિભાગ), લગ્નગીત સ્પર્ધા (બ - વિભાગ), સર્જનાત્મક કારીગરી (બ- વિભાગ), એકપાત્રિય અભિનય (બ- વિભાગ), લોકવાર્તા (ખુલ્લો વિભાગ).

દ્વિતિય વિજેતાઃ એકપાત્રિય અભિનય (અ - વિભાગ), વકતૃત્વ સ્પર્ધા (બ- વિભાગ), દોહા- છંદ- ચોપાઈ (ખુલ્લો વિભાગ), લોકનૃત્ય (ખુલ્લો વિભાગ).

તૃતીય વિજેતા : ભજન સ્પર્ધા (ખુલ્લો વિભાગ), સમુહગીત (ખુલ્લો વિભાગ). શાળાના બાળકોએ મેળવેલ આ શ્રેષ્ઠ સિદ્ધિ બદલ શાળાના આચાર્યા મીનાબેન દવેએ વિજેતા બાળકો તથા શિક્ષકોને બિરદાવ્યા હતા.

## ડીસામાં જરૂરિયાતમંદ બાળકોને સ્વેટર વિતરણ



ડીસા

શ્રી ચી.હં.દોશી પ્રા.શાળા - ડીસા ખાતે ચંદુભાઈ એ.ટી.ડી. (રાષ્ટ્રીય પારિતોષિક- ચિત્ર - શિક્ષક- ડીસા) ના માર્ગદર્શન હેઠળ ગતરોજ લાયન્સ ક્લબ ઓફ ડીસા દ્વારા તેમજ સૌજન્ય દાતા સુરેશકુમાર શંકરભાઈ પ્રજાપતિ (ડીસ્ટ્રીક સેક્રેટરી) ૩૨૩- ડી- દ્વારા શાળાના જરૂરિયાતમંદવાળા બાળકોને સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આવેલા મહેમાનોનું બાળાઓ દ્વારા કંકુતિલક કરી સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમમાં દાતા સુરેશભાઈ પ્રજાપતિનું સન્માનપત્ર- શાલ તથા પુષ્પગુચ્છ આપી આચાર્ય પ્રવિણભાઈ સાધુ- તથા મનહરભાઈ પરમાર તથા ભાવિકાબેન દવે દ્વારા સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે લાયન પ્રમુખ હિતેશભાઈ સોની, લાયન નરેન્દ્રભાઈ ઠક્કર, લાયન પંકજભાઈ શાહ તથા લાયન કેતનભાઈ ઝાલમોરા તથા શાળા પરિવારના શિક્ષક મિત્રો સાથે રહીને જરૂરિયાતમંદવાળા બાળકોને સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું.

## નિકલઓડિયન કિડ્સ ચોઇસ એવોર્ડસ ૨૦૧૭માં આલિયા ભટ્ટનાં પોતાના યુવા ફૈસ માટે એક નાનો અભિનય



આ જ સમયે છે જ્યારે બાળકો સાથે મળીને પોતાનાં મનપસંદ ટુંસ અને સેલિબ્રટીજ સાથે નિકલઓડિયન કિડ્સ ચોઇસ એવોર્ડનો ઉત્સવ મનાવે છે. આ વર્ષે પણ દેશમાં બાળકોનાં એકમાત્ર શોને બોલિવુડ અને ટેલિવિઝનનાં લોકપ્રિય કલાકારો જેવાકે રણવીર સિંહ, આલિયા ભટ્ટ, વરૂણ ધવન, કૃતિ સાનોન, બાદશાહ, રિત્વીક ધંજની, ભારતી સિંહ વગેરે સાથે એક ખુબસુરત સાંજનું આયોજન કર્યું છે. આલિયા ભટ્ટે ગયા વર્ષનાં આયોજનમાં પણ હાજરીઆપી હતી અને બાળકોમાં ઘણી લોકપ્રિય બની હતી. આ વર્ષે પણ તેમણે જબરજસ્ત પરફોર્મસ આપી. એક નાની વ્યક્તિમાં તેમનાં પરિવર્તનને બાળકો અને દર્શકોને અચંભિત કરી દીધા.જુઓ નિકલઓડિયન કિડ્સ ચોઇસ એવોર્ડ રવિવાર, ૭ જાન્યુઆરી, ૨૦૧૮નાં રોજ સાંજે ૬ વાગે ફક્ત નિકલઓડિયન પર.

## સિલી મોન્ક્સ એન્ટરટેઈનમેન્ટ લિમિટેડ એસએમઈ એક્સચેન્જ પર લિસ્ટેડ થનારી પ્રથમ ભારતીય ડિજિલ મનોરંજન કંપની

મુંબઈ

હૈદરાબાદ સ્થિત ડિજિટલ મનોરંજન કંપની સિલી મોન્ક્સ એન્ટરટેઈનમેન્ટ લિમિટેડ (એસએમઈએલ) એસએમઈ આઈપીઓ એનએસી ઈમર્જ પર લિસ્ટેડ થનારી પ્રથમ ડિજિટલ મનોરંજન કંપની બની રહેશે. આઈપીઓ નિશ્ચિત ભાવ ઓફરનો છે અને શેર દીઠ રૂ ૧૨૦ની કિંમતે તે ઓફર કરાશે. કંપની પ્રત્યેકી રૂ. ૧૦ના ફેસ વેલ્યુન ૧૨,૬૦,૦૦૦ ઈક્વિટી શરોની પબ્લિક ઓફર થકી રૂ. ૧,૫૧૨.૦૦ લાખ ઊભા કરશે. લઘુતમ લોટ આકાર ૧૨૦૦ શેરોનો છે અને ત્યાર બાદ ગુણાંકમાં લઈ શકાશે. ઈશ્યુ માટે લીડ મેનેજર આર્યમાન ફાઈનાન્શિયલ સર્વિસીસ લિ., મુંબઈ અને ઈશ્યુની રજિસ્ટ્રાર બિગશેર સર્વિસીસ પ્રા. લિ., મુંબઈ છે. ઈશ્યુ ૫ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ ખૂલશે અને ૧૦ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ બંધ થશે.કંપની ભારતભરમાં અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે તેની હાજરી વધારવા માટે ઓડિયો અને વિડિયો કન્ટેન્ટ પ્રાપ્ત કરવા માટે આઈપીઓમાંથી ચોખ્ખી પ્રાપ્તિઓનો ઉપયોગ કરવાનો પ્રસ્તાવ ધરાવે છે. સિલી મોન્ક્સ એન્ટરટેઈનમેન્ટ લિ. મનોરંજન અને મિડિયા કંપની ડિજિટલ મિડિયા પબ્લિશિંગમાં ધ્યાન કેન્દ્રિત કરે છે. કંપની યુટ્યુબ, ફેસબુક, અમેઝોન, વુક્લિપ વગેરે જેવાં વિવિધ મંચો પર ડિજિટલ કન્ટેન્ટ પ્રસિદ્ધ કરે છે. પ્રસિદ્ધ કન્ટેન્ટ કંપની દ્વારા નિર્માણ કરાય છે અથવા તો બારોબાર ખરીદી થકી અથવા સિન્ડિકેટેડ પદ્ધતિ થકી હસ્તગત કરવામાં આવે છે. કંપની દ્વારા કન્ટેન્ટ ખરીદી કરવામાં આવે તો કંપની એસાઈનર પાસે કરાર થકી કોપીરાઈટ્સની માલિકી ધરાવે છે અને તેથી કંપનીને સંપૂર્ણ પ્રકાશિત મહેસૂલ ઉપાર્જિત થાય છે. કન્ટેન્ટ સિન્ડિકેશન થકી હોય ત્યારે કંપની કન્ટેન્ટ ભાગીદાપ સાથે મહેસૂલનું આદાનપ્રદાન કરે છે. કંપની ફિલ્મ અને કન્ટેન્ટ નિર્માણ, સેલિબ્રિટીનું સોશિયલ મિડિયા મેનેજમેન્ટ, એપ વિકાસ, ઓડિયો કન્ટેન્ટ ડિસ્ટ્રિબ્યુશન, ગૂગલ એડ વર્લ્ડ અને ઓનલાઈન તથા ડિજિટલ એડવર્ટાઈઝિંગ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને લાઈવ બેન્ડ પરફોર્મન્સમાં સંકળાયેલી છે.

## ડીસા કોલેજ એન.એસ.એસ.યુનિટ દ્વારા ધાબળા અને ગરમ કપડાનું વિતરણ



ડીસા

ઓઢવા આકાશ અને પાથરવા ધરતીની વચ્ચે શિયાળાની કડકડતી ઠંડીમાં અનેક લોકો રાત્રિ પસાર કરે છે. આવી વિષમ પરિસ્થિતિમાં ડીસાના ગરીબ પરિવારોને આંશિક મદદરૂપ થવાના નેક ઈરાદા સાથે ડીસાની જાણીતી શૈક્ષણિક સંસ્થા ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૩/૧/૨૦૧૮ ને બુધવારના રોજ ધાબળા અને ગરમ કપડાં વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન એન.એસ. એસ.ના પ્રોગ્રામ ઓફિસર પ્રો.આશાબેન આર. ચૌધરીએ કર્યું હતું. કાર્યક્રમમાં સ્વયંસેવકોએ કોલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પાસેથી ફંડપેટે રૂા. ૧૧૭૦૦/- એકત્રિત કરી તેના ગરમ ધાબળા લાવ્યા હતા. સમાજ સેવાના આ ઉમદા કાર્યમાં ડીસાની સેવાભાવી સંસ્થા ભારત વિકાસ પરિષદને પણ જોડવામાં આવી હતી. ભારત વિકાસ પરિષદ ડીસાના પ્રમુખ ડૉ.ભૂપેશભાઈ ત્રિવેદી અને મંત્રી જયેશભાઈ દેસાઈએ પોતાના સંગઠન દ્વારા ગરમ કપડાં ઉપલબ્ધ કરાવ્યા હતા. કોલેજના વિદ્યાર્થીઓ સેવાકીય પ્રવૃત્તિઓને જાણે અને તેઓ પણ આવી પ્રવૃત્તિઓથી પ્રેરિત થાય તે માટે કોલેજના સભાગૃહમાં એક નાનકડો સ્ટેજ કાર્યક્રમ કોલેજના નિયામક છગનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવ્યો હતો. જેમાં કોલેજના આચાર્ય અમૃતભાઈ પટેલ એન.એસ. એસ. સલાહકાર સમિતિના સભ્ય ડૉ.ભાનુભાઈ પટેલ, પ્રો.હરેશભાઈ ત્રિવેદી, પ્રોગ્રામ ઓફિસર પ્રો.આશાબેન ચૌધરી, ભારત વિકાસ પરિષદના પદાધિકારીઓએ ઉપસ્થિત રહી પ્રસંગોચિત ઉદ્દબોધન કર્યા હતા.

**અનુસંધાન પાના નં.૬**

## શું તમે જાણો છો કે બોલિવુડમાં આલિયાનાં મનપસંદ અભિનેતા કોણ છે?



બોલિવુડની અભિનેત્રી આલિયા ભટ્ટે એક વાર ફરી સાબિત કર્યુ છે કે તે બી- ટાઉન ની સર્વશ્રેષ્ઠ અભિનેત્રિયોમાંથી એક છે. હાલમાંજ નિકલઓડિયન કિડ્સ ચ્વાઈસ એવોર્ડસ ૨૦૧૭માં પરફોર્મ કરનાર આલિયાએ જણાવ્યું કે આ ઉદ્યોગમાં તેમનો મનપસંદ અભિનેતા કોણ છે? એવોર્ડ શોમાં અમારા એક સ્ત્રોતે જણાવ્યું, "આલિયા કેસીએ ૨૦૧૭માં પોતાનાં વિષેવાત કરી રહી હતી. એવોર્ડ શો દરિમયાન તેમણે સ્વીકાર કર્યો કે રણવીર સિંહ બોલિવુડમાં તેમનાં મનપસંદ અભિનેતા છે અને તે અન્ય કલાકારોની જેમ તેમની સાથે પરફોર્મ કરવા માંગે છે."

સારુ તો હવે આપણે જોઈએ કે અફવાઓ અનુસાર તેમનાં બોયફ્રેન્ડ સિદ્ધાર્થ તેના પર શું પ્રતિક્રિયા આપે છે.

જુઓ નિકલઓડિયન કિડ્ ?સ ચ્વોઇસ એવોર્ડસ રવિવાર, ૭ જાન્યુઆરી, ૨૦૧૮નાં રોજ સાંજે ૬ વાગે ફક્ત નિકલઓડિયન પર.

## વાહનો રોકવાના મુદ્દે....

# રાજસ્થાનના સુરાવા ગામે ઈસમ ઉપર ગાડી ચઢાવી દીધી

### ઈસમના મોતના પગલે ગામમાં તંગદીલી


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરાને અડીને આવેલા રાજસ્થાનના સાંચોર નજીકના સુરાવા ગામે હાઈવે ઉપર વાહનો રોકવાના મામલે ઠપકાથી ઉશ્કેરાયેલા ઈસમે દરબાર ઈસમ ઉપર બોલેરો ગાડી ચઢાવી દીધી હતી. જેનું સારવાર દરમ્યાન મોત નિપજતા ગામમાં તંગદિલી છવાઈ છે.

મૃતકના ભાઈ અણદુસિંહ રિડમલસિંહ રાજપુતે પોલીસને જણાવ્યા મુજબ મારો ભાઈ ભીમસિંહ (ઉ.વ.૫૦) સુરાવા સરહદ હાઈવે ઉપર બળવંતસિંહ ગણપતસિંહ (રહે. સુરાવા) આવજા કરતા વાહનોને રોકી પરેશાન કરતો હતો. જેથી ભીમસિંહે બળવંતસિંહને ઠપકો આપતા તે નારાજ થઈ ગયા હતા.

થોડીવાર પછી ભીમસિંહ ગામના ચૌરા (બજાર) માં આવી એક દુકાન નજીક ખુરશી ઉપર બેઠા હતા. તે દરમ્યાન બળવંતસિંહ પોતાની બોલેરો ગાડી લઈ આવી ભીમસિંહ ઉપર ચઢાવી દીધી હતી. જેથી ભીમસિંહ ગંભીર રીતે ઘાયલ થતાં તેમને સાકડ હોસ્પિટલમાં લઈ ગયા. જ્યાં સારવાર દરમ્યાન કરૂણ મોત થયું હતું. પોલીસને જાણ થતાં ઘટના સ્થળે પોલીસ દોડી આવી લાશ પી.એમ. કરાવી પરિવારને સોંપી હતી. પોલીસે ગઈકાલની ઘટનાનો મામલો હોઈ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સુઈગામના જેલાણા ગામનો દલિત મહોલ્લો શૌચાલયથી વંચિત

તાલુકા પ્રતિનિધિ વાવ

સુઈગામ તાલુકા પંચાયતના સ્વચ્છ ભારત મિશન અભિયાન અંતર્ગત સુઈગામ તાલુકાના ગામેગામ શૌચાલયો બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે પૈકી જેલાણા ગામે શૌચાલય બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

પરંતુ જેલાણા ગામના યુવા દલિત અગ્રણી નાનજીભાઈ કરમશીભાઈએ મીડીયા સમક્ષ જણાવ્યુ હતું કે ગામના તમામ મહોલ્લાઓમાં શૌચાલયો બનાવવાની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. પરંતુ માત્ર દલિત મહોલ્લામાં શૌચાલય બનાવાયા નથી. આ બાબતે સુઈગામ તાલુકા પંચાયતના જવાબદાર અધિકારી અને શૌચાલય વિભાગના કર્મચારીઓ ગામની રૂબરૂ મુલાકાત લઈ ગામના દલિત મહોલ્લામાં કયા કારણોસર શૌચાલયો બનાવી અપાતા નથી. તેની તપાસ કરે તે જરૂરી છે. આ બાબતે બ.કાં. જિલ્લા વિકાસ અધિકારી પણ દલિત સમાજને ન્યાય અપાવે તેવી નાનજીભાઈ કરમશીભાઈએ માંગ કરી નહીતર પછી ન્યાયના મુદ્દે કોર્ટના દ્વાર ખખડાવાની મીડીયા સમક્ષ ચીમકી ઉચ્ચારી છે.

# ડીસા ખાતે નવા ચૂંટાયેલા ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા દ્વારા ઋણ સ્વીકાર સમારોહ કચરકટચ

### વિવિધ સમાજ તેમજ સંસ્થાઓ દ્વારા ધારાસભ્યનું સન્માન થશે

ડીસા

તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં ડીસા વિધાનસભા સીટ ઉપર ચુંટાયેલા યુવાન, ઉત્સાહી, રાષ્ટ્રવાદી અને કર્મઠ ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાએ જીતના દિવસે જ ડીસા નગર અને ડીસા તાલુકાની તમામ પ્રજાનો તેમને જીતાડવા બદલ આભાર માન્યો હતો. ભારતીય જનતા પાર્ટીના તમામ આગેવાનો, હોદ્દેદારો, કાર્યકરો, વિવિધ સેવાભાવી, શૈક્ષણિક, સહકારી, સામાજીક સંસ્થાઓ, સરપંચો, પત્રકારો અને સહકાર આપનાર સૌ કોઈનો વિધિસર આભાર માનવા તા. ૭/૧/૨૦૧૮ ને રવિવારે, રવિરાજ કોલ્ડ સ્ટોરેજ, ભડથ રોડ મોટી આખોલ ખાતે સવારે ૯ થી ૧૨ દરમ્યાન ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા અને ભારતીય જનતા પાર્ટી દ્વારા ઋણ સ્વીકાર સમારોહનું આયોજન કરવામાં આવેલ છે. ડીસા શહેર, ડીસા તાલુકો અને બનાસાકાંઠા જિલ્લાની વિવિધ સંસ્થાઓ, સમાજો અને આગેવાનો દ્વારા ધારાસભ્યનું સન્માન પણ થનાર છે. વિવિધ સંતો, મહંતો, કથાકારો પણ ખાસ ઉપસ્થિત રહીને ધારાસભ્યને આશીર્વાદ આપનાર છે.

આ પ્રેરણાદાયી અવસરે કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી, રાજ્યના મંત્રી પરબતભાઈ પટેલ, પૂર્વ મંત્રીઓ શંકરભાઈ ચૌધરી, કેશાજી ચૌહાણ (જિલ્લા ભાજપ પ્રમુખ), સાંસદ લીલાધરભાઈ વાઘેલા, ભાજપ પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ,

અનુસંધાન પાના નં.૬

# જીએનએફસીએ રહિયાદના લેન્ડલુઝર્સને અન્ય પ્લાટનમાં ટ્રાન્સફર કરતાં વિરોધ

અંકલેશ્વર

જીએનએફસીએ રહીયાદના લેન્ડલુઝર્સને તેમના નીમ પ્રોજેકટના માર્કેટિંગ માટે અન્ય જગ્યા પર ટ્રાન્સફર કરાતાં લોકોએ વિરોધ કર્યો હતો.

લેન્ડલુઝર્સને તેમના પરિવાર સાથે આસપાસના વિસ્તાર ના લોકોએ થોડા સમય પહેલાં રહિયાદ ગામ ખાતે રસ્તા રોકો આંદોલન કરતાં કંપનીને લેન્ડ લુઝર્સને નોકરી આપવાની ફરજ પડી હતી. વર્ષ ૨૦૧૨ થી સ્થાનિકો દ્વારા રોજગારી માટે આંદોલનો કરવા પડ્યાં બાદ તેમને નોકરી મળી છે. ત્યારે હવે જીએનએફસી કંપની દ્વારા કંપનીમાં તજેતરમાં જ જોડાયેલાં લેન્ડ લુઝર્સને અમદાવાદ ખાતે કંપનીના નીમ પ્રોજેક્ટના સ્ટોર શરૂ કરવામાં આવતા ૧૯ જેટલા લેન્ડલુઝર્સને અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવ્યાં છે.

અનુસંધાન પાના નં.૬

# જેલાણા ગામે દલિતોની સ્મશાન ભૂમિનું દબાણ હટાવવા તંત્રના અખાડા

તાલુકા પ્રતિનિધિ વાવ

સુઈગામ તાલુકા મથકના સેજાના જેલાણા ગામે અંદાજે ૧૦૦૦/- થી વધુ વસ્તી ધરાવતો દલિત સમાજ વસવાટ કરે છે. ગામમાં વર્ષોથી દલિત સમાજના વડીલોપાર્જીત સ્મશાનભૂમિ આવેલી છે. જે જમીન ઉપર આવેલી સ્મશાનભૂમિ ઉપર દલિત બંધુઓ મૃતકની અંતિમ વિધિ ક્રિયા કરે છે. પરંતુ ભુમાફીયાઓએ દલિત સમાજની સ્મશાન ભૂમિ ઉપર ઠેરઠેર દબાણો કરતા ગામના યુવા દલિત અગ્રણી નાનજીભાઈ કરમશીભાઈ દલિતે ઉચ્ચ સ્તરે રજુઆતો કરી ન્યાયની માંગણી કરી છે. તે સંદર્ભે જવાબદારતંત્રે જેલાણા પંચાયતના સરપંચ ત.ક.મંત્રીને લેખિતમાં જણાવ્યુ છે કે જેલાણા ગામે દબાણ હોય તો દબાણ રજિસ્ટરે ચડાવી ગુ.પં. આધ. ૧૯૯૩ ની કલમ ૧૦૫ (૨) થી મળેલ સત્તાની રૂએ પંચાયત હસ્તકની જમીન પરના દબાણો દૂર કરવા જો પંચાયત ધારાની જોગવાઈ મુજબ દબાણ દુર નહી કરાય તો ગ્રા.પંચાયત જેલાણા- ત.ક.મંત્રી વિરૂધ્ધ ધારાની જોગવાઈ મુજબ પગલાં ભરાશે. પંરતુ તા. ૧/૯/૨૦૧૭ ના રોજ અરજદારે અરજી કરી રજુઆત કરેલ છે. તેથી તા. ૧૪/૯/૧૭ ના રોજ જવાબદાર તંત્રે પંચાયતના જવાબદારતંત્રને દબાણ હટાવવા જાણ કરેલ હોવા છતાં આજે ચાર માસ વિતવા છતાં દલિત સમાજની સ્મશાનભૂમિ પરનું દબાણ દુર ન થતાં અરજદાર નાનજીભાઈ કરમશીભાઈ દલિતે ફરી ઉચ્ચ સ્તરે રજુઆતો કરી ન્યાયની માંગ કરી છે.

# નર્મદા નદીમાં ખારાશ વધતાં જીઆઈડીસીએ ઉદ્યોગો અને ગામ માટે પાણી પુરવઠો બંધ કર્યો

પ્રતિ. અંકલેશ્વર

ભરૂચના નાંદ ગામે આવેલા ઈન્ટેકવેલમાંથી રોજના ૩૫ થી ૪૦ એમજીડી પાણી વિલાયત એ દહેજમાં પહોંચાડવામાં આવે છે. પણ નદીમાં ભરતીના પાણીથી ખારાશ વધતાં જીઆઈડીસીએ પાણી પુરવઠો બંધ કર્યો છે. એના લીધે ઉદ્યોગોને વધારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે.

નર્મદા નદીના પાણીમાં ક્ષાર અને કલોરાઈડથી ખારાશ વધી જતાં વિલાયત અને દહેજમાં આપવામાં આવતો પાણી પુરવઠો જીઆઈડીસીએ બંધ કર્યો છે. ૨. તારીખે પુનમની ભરતી આવી હતી જેના કારણે દરિયાના ખારા પાણી છેક નાંદ સુધી પહોંચી ગયા છે. અને બીજી તરફ ડેમમાંથી પાણી નહિ છોડતાં નદીનાં પાણીમાં ક્ષાર અને કલોરાઈડની માત્રા ૫૦ થી ૧૦૦ પીપીએમ થી વધીને ૩૫૦ થી ૫૦૦ પીપીએમ થઈ છે. જેથી આ પાણી પીવા માટે લાયક નહિ રહેતાં જીઆઈડીસીએ આ પાણીને ઉદ્યોગો અને ૧૦ ગામોનો પાણી પુરવઠો બંધ કરાયો છે. અને જ્યારે વિલાયત અને દહેજ બંને જીઆઈડીસીના ૨૦૦ થી વધારે ઉદ્યોગો અને ૧૦ થી વધારે ગામો નિર્ભર રહે છે. અને પાણીનો પુરવઠો બંધ થવાથી આ ૨૦૦ થી વધારે ઉદ્યોગોના ઉત્પાદન પર અસર થઈ રહી છે. ડેમમાંથી પાણી છોડવામાં આવતું નહિ હોવાથી ભરતીના પાણી પરત દરિયામાં જાય તેની રાહ જોવામાં આવી રહી છે. જીઆઈડીસી રોજના ૩૫ થી ૪૦ એમજીડી જેટલું પાણી પહોંચાડે છે. જીઆઈડીસીની લાઈનમાં સપ્લાય કરવામાં આવતા પાણીમાં ક્ષારની માત્રા ૩૦૦ માઈક્રોન નક્કી કરવામાં આવી છે. ભરતીના પાણીના કારણે ક્ષારની માત્રા વધીને ૧૩૦૦ માઈક્રોન સુધી પહોંચી ગઈ છે.

# વડગામના જૂની સેંધણી રસ્તાનું કામ ઝડપી કરવા ગ્રામજનોની માંગ


પુષ્કર ગોસ્વામી

તા. પ્રતિ. વડગામ

વડગામના નવિસેંધણીથી જૂની સેંધણી તરફ પસાર થતી ડાબા કાંઠાની મુખ્ય કેનાલમાં રોડનું ધોવાણ અટકાવવા તંત્ર દ્વારા પ્રોટકશન આપવા દિવાલ અથવા મેટલકામ કરવામાં આવી રહ્યું છે જેથી રસ્તો સાંકડો થતાં જૂની સેંધણીના ગ્રામજનો, વાહન ચાલકોને મુશ્કેલી ઉભી થઈ છે, સત્વરે રસ્તા સાઈડનું કામ પૂર્ણ કરી રોડ ખુલ્લો કરવા ગ્રામજનો દ્વારા માંગ કરાઈ છે.

# ભાભર ખાતે દલીતો દ્વારા શાંતિ સમીતીની મીટીંગ યોજાઈ


વનરાજસિંહ રાઠોડ

તા. પ્રતિ. ભાભર

તાજેતરમાં મહારાષ્ટ્રમાં ચાલતા દલીતો તથા મરાઠાઓ વચ્ચે થયેલા ઘર્ષણને લઈ તેના સમગ્ર દેશમાં પડઘા પડતાં ભાભર ઈ.ચા.પી. એસ.આઈ. જે.વી. ચૌધરીએ આ વિસ્તારમાં શાંતિ જળવાઈ રહે તે હેતુથી પોલીસસ્ટેશન વિસ્તારના દલીત આગેવાનોની એક મીંટીંગ યોજી હતી જેમાં દલિત આગેવાનોએ જણાવ્યું હતુ કે અમો સંગઠન સાથે છીએ પરંતુ આ વિસ્તારમાંથી અમારા વિરૂધ્ધ કોઈ પ્રશ્ન પ્રવૃતિ નથી ભાઈચારો છે સૌનો અમને સહકાર છે તેથી કોઈ આંદોલન રેલી સુત્રૌચ્ચાર જેવા કાર્યક્રમ રાખવાનું કોઈ આયોજન નથી પરમાર રઘુભાઈ,પરમાર સુરેશ ભાઈ સુંદરભાઈ એ પોલીસ સ્ટેશને આવીને શાંતિ જળવાઈ રહેશે તેવી ખાત્રી આપી હતી.

# વડગામ ખાતે તા.પં. આયોજનની બેઠક યોજાઈ


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકાના ૧૧૦ ગામોમાં અંદાજે રૂપિયા ચાર કરોડના વિકાસ કામોનું આગોતરૂ આયોજન કરવા ગઈકાલ તારીખ ૫/૧/૨૦૧૮ શુક્રવારે તાલુકા પંચાયત વડગામ સભાખંડમાં આયોજનની બેઠક યોજાઈ હતી. જેમાં સરપંચો-તલાટી કમમંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. તા. વિકાસ અધિકારી ઉષાબેન જોષી અ.મ.ઈ. જી.આર. ચૌધરીએ વિકાસ કામોની ચર્ચા કરી હતી. આ બેઠકમાં વડગામ એમએલએ જિગ્નેશભાઈ મેવાણીના પ્રતિનિધિ હાજર રહ્યા હતા. જેમાં વડગામ વિધાનસભા મધ્યસ્થ-કાર્યાલય વડગામ ખાતે શરૂ કરવાની જાહેરાત કરાઈ હતી. બેઠકનું સફળ સંચાલન જી.આર.ચૌધરીએ કર્યું હતું.

# શિહોરી ખાતે બ્રહ્મસમાજ દ્વારા હાર્દિક પટેલ સામે કાર્યવાહી કરવા રજુઆત કરાઈ


વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

બ્રહ્મ સમાજ વિરૂધ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ કરવા બદલ હાર્દિક પટેલ સામે કાર્યવાહી કરવા બ્રહ્મ સમાજ દ્વારા શિહોરી પોલીસ સ્ટેશનમાં રજુઆત કરાઈ હતી અને હાર્દિક પટેલ દ્વારા કરવામાં આવેલ અભદ્ર ભાષાને વખોડી કાઢવામાં આવેલ જેની સામે કાયદેસર કાર્યવાહી કરવા લેખિતમાં જણાવ્યું હતું.

# વડાવળ પ્રાથમિક શાળામાં એચ ટાટ આચાર્યની નિમણુક કરાઈ


નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવલ

બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષકોની ઘટ પુરી કરવા માટે ગતરોજ પાલનપુરમાં મુખ્ય શિક્ષકોની નિમણુક માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લામાં ૫૬ એચરાટ આચાર્યેની રાજય સરકાર દ્વારા સીધી ભરતી કરવામાં આવી હતી જ્યારે ૧૭૭ એચરાટ આચાર્યની બઢતી બદલી દ્વારા નિમણુક કરવામાં આવી હતી ત્યારે ડીસા તાલુકાના વડાવળ પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકે મુળ વિજાપુર તાલુકાના ખાણોશા ગામના પ્રભાતસિંહ એમ ચાવડાની નિમણુક થઈ હતી જે ગતરોજ વડાવળ શાળામાં હાજર થતાં ગ્રામજનો એ તમને આવકાર્ય હતા.

# વિરાટ છ'રી પાલક સંઘનું માળારોપણ


વસંત બારોટ

સુરત

બાગરા (રાજ) નિવાસી મોહનલાલજી શંકરલાલજી ત્રોણી પરિવાર આયોજીત શ્રી શંખેશ્વરથી શ્રી શત્રુંજય મહાતીર્થ વિરાટ છઃરી પાલિત સંઘ બાવીસમાં અને અંતિમ દિવસે ૩૪૫ દીક્ષા દાનેશ્વરી આચાર્યશ્રી ગુણરત્નસૂરિજી મસા. તથા આચાર્ય શ્રી રશ્મિરત્નસૂરિજી મ.સા. આદિ ૧૦૦ થી વધુ સાધુ-સાધ્વીઓની નિશ્રામાં પાલીતાણામાં સંપન્ન થયો.

પ્રથમ માગલિક શ્રવણ કરી સંઘના યાત્રિકો ગિરિરાજ ચઢવા ૯ વાગે તીર્થમાળા જે હકીકતે મોક્ષમાળા જ છે. તેની વિધિ શરૂ થઈ. મોક્ષમાળા પહેરાવાના અવસરે જૈનાચાર્ય ગુણરત્નસૂરિજી મ.સા.એ તેનું મહત્વ સમજાવ્યું. તેમણે કહ્યું કે જિંદગીમાં ૩ માળા પહેરવાની હોય. સૌપ્રથમ (૧) દીક્ષાની માળા. તે ન થાય તો (૨) ઉપધાન માળા તે પણ ન થાય તો (૩) તીર્થમાળ.

અનુસંધાન પાના નં.૬

# મલાણામાં રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણી


સંજય જોષી

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્ર, જુના ગંજ બજારની બાજુમાં પાલનપુર દ્વારા પાલનપુર તાલુકાના મલાણા ગામે રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિન નિમિતે મલાણા વિનય મંદિર હાઈસ્કુલના બાળકોને બેંકિગ ક્ષેત્રમાં આવેલ નવા ડીઝિટલ ફેરફારો જેવા કે ભીમ એપ, પેટ-ીએમ એપ્લીકેશન, RTGS, અને NEFT દ્વારા પેમેન્ટ અને નેટ બેંકીગ તેમજ ગ્રાહક સુરક્ષાના કાયદાની સમજૂતી ટેક્ષ પ્રેકટીશનર નયન રાવલ તેમજ પૂર્વ સચીવ જિલ્લા ગ્રાહક કોર્ટ પાલપુર ના ચંપકલાલ એમ. રાવલ દ્વારા સહવિસ્તાર પૂર્વક આપવામાં આવી હતી.

# હિંસાના વિરોધમાં સુરત ખાતે દલીત સમાજ દ્વારા ધરણા


વસંત બારોટ

સુરત

ભીમા કોરેગાંવ હિંસાના વિરોધ ઠેર-ઠેર વિરોધ થઈ રહ્યો છે. બે દવિસથી ચાલી રહેલા વિરોધ દરમિયાન આજે અમરોલી ખાતે દલિત સમાજ અચોક્કસ મુદ્દતના પ્રતિક ધરણા કરી વિરોધ નોંધાવી રહ્યા છે. જેમાં બેનરો સાથે મોટી સંખ્યામાં મહિલાઓ પણ જોડાઈ હતી. જ્યારે રામપુરા ખાતે મનુવાદીઓની સદબુદ્ધિ માટે હવન કરવામાં આવ્યો હતો.

મહારાષ્ટ્રના પુણેમાં ભીમા કોરેગાંવ યુદ્ધની ૨૦૦મી સાલગીરી નિમિત્તે યોજાયેલા સંમેલનમાં થયેલી હિંસાની આગની જ્વાળાઓ સુરત સુધી પહોંચી ગઈ છે. છેલ્લા બે દિવસથી વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે. ગત રોજ કલેક્ટરને આવેદન પત્ર આપી સીબીઆઈ તપાસની માંગ કરવામાં આવી હતી. દરમિયાન આજ રોજ અમરોલી ખાતે દલિત સમાજ અચોક્કસ મુદ્દતના પ્રતિક ધરણા કરી વિરોધ નોંધાવી રહ્યા છે. જેમાં રાજીનામું આપો, સીબીઆઈ તપાસ કરો જેવા બેનરો સાથે મહિલાઓ પણ જોડાઈ હતી.

# સરકારી વિનયન કોલેજ અમીરગઢમાં વિવિધ ડેની ઉજવણી


વિશાલ નાઈ

પ્રતિ. અમીરગઢ

સરકારી વિનયન કોલેજ ખાતે તા.૨૬-૧૨-૨૦૧૭ થી તા.૪-૧-૧૮ સુધી વિદ્યાર્થીઓ એકબીજાની મિત્રતા કેળવે તથા સમાન સ્વરૂપના રંગબેરંગી વાતવરણનું સર્જન થાય તેવા ઉમદા હેતુથી કોલેજમાં કાર્યરત 'રંગ-કલા કૌશલ્યધારા' અંતર્ગત જુદા-જુદા ડે.. ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાંરેડ ડે, રોઝ ડે, પીંક ડે, સાડી ડે, (કુર્તાડે) બ્લેક એન્ડ વાઈટ ડે, જેવા વિવિધ ડે.. માં વિદ્યાર્થીઓ ખુબ જ ઉત્સાહ પૂર્વક જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય એન.આર. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પ્રા.વર્ષાબેન ચૌધરી અને વી.એચ.શર્મા એ કર્યું હતું.

# ધાનેરામાં ગૌકથાના પ્રથમ દિવસે પોથી યાત્રા યોજાઈ હતી


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા માં આજથી ગૌ સેવા ના લાભાર્થે ગૌ કથાનું આયોજન ગૌ ચિકિત્સલય ધાનેરા ના ઉપક્રમે કરવામાં આવ્યું છે જેના આજે પ્રથમ દિવસે પોથી યાત્રા ત્ર્મ્બકેશ્વર મહાદેવ ના મંદિરેથી નીકળી કથા સ્થળે પોહચી હતી જેમાં મોટી સંખ્યામાં ગૌભક્તો જોડાયા હતા આજ થઈ શરૂ થયેલી ગૌ કથા ૪ દિવસ સુધી રાત્રે ૮ થી ૧૨ વાગ્યા સુધી યોજાનાર છે.

# નવી ભીલડી ગરબી ચોકમાં શ્રીરામ કથાનો શુભારંભ


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના ભીલડી ખાતે આવેલ ઉમિયા નગર સોસાયટી તેમજ પંચવટી તેમજ ગોગામઢ સોસાયટીના ધર્મપ્રેમી લોકો દ્વારા ઉમિયાનગર સોસાયટીના ગરબી ચોકમાં એક શ્રીરામ કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં જાણીતા કથાકાર પારસ દેવેન્દ્રભાઈ રાજગુરૂ કથાનું રસપાન કરાવી રહ્યાં છે. રામકથાનો પ્રારંભ તા. ૪/૧/૨૦૧૮ ના રોજ નવા આવેલા પી.એસ.આઈ. એસ.વી.આહીર અને નવી ભીલડીના મહેશભાઈ મોદી દ્વારા દીપ પ્રગટાવીને પ્રારંભ કર્યો હતો. જે ૧૨/૧/૨૦૧૮ સુધી ચાલશે. જેમાં આયોજકો દ્વારા કથાનો લાભ લેવા આજુબાજુની ધર્મપ્રેમી જનતાને અનુરોધ કરેલ છે.

આ કથાને સફળ બનાવવા માટે રામભાઈ જોષી, દિનેશભાઈ માધાભાઈ ત્રિવેદી, સરદારવન ગૌસ્વામી, નાનુભાઈ શાહ, બકાવન ગૌસ્વામી, ભરતવન ગૌસ્વામી, જગદીશભાઈ ત્રિવેદી, રતિલાલ ઠક્કર, ભરતભાઈ ઠક્કર, રેવાભાઈ જોષી અને દશરથસિંહ ઠાકોર, ઉત્તમ દવે વગેરે કાર્યકરોએ તનતોડ મહેનત કરીને આ કથાને સફળ બનાવી રહ્યા છે.

# દશનામ ગોસ્વામી સમાજના શિવરથ સ્વાગત સમારંભ યોજાશે

તાપ્રતિ. વડગામ

દશનામ ગોસ્વામી સમાજ દ્વારા શિક્ષણ અને સમાજ વિકાસ અર્થે સોમનાથથી શ્રી શિવરથનુ અગાઉ પ્રસ્થાન થયેલ છે જેનું આગમન બનાસકાંઠાની ધરતી પર થનાર છે તા.૭/૧/૨૦૧૭ રવિવાર સવારે ૮/૦૦ કલાકે યાત્રાધામ મગરવાડા ખાતે શિવરથનું ભવ્ય સામૈયું કરાશે અને ત્યારબાદ વડગામ-મેરવાડા-રતનપુર થી ડેરી રોડથી પાલનપુર દશનામ ગોસ્વામી સમાજ ભવન

અનુસંધાન પાના નં.૬

## તંત્રી સ્થાનેથી ...

**જે ભાગવતનો આશ્રય કરે છે તે નિર્ભય બને છે.**

# મહારાષ્ટ્રમાં હિંસાના બનાવોથી એસ.ટી. રેલવેને કરોડોનું નુકસાન

મહારાષ્ટ્રની હિંસાની આગ ગુજરાતના સુરતમાં ફેલાઈ છે. દ. ગુજરાતના ઉદ્યોગ મથક વાપીમાં આરબીઆઈના કાર્યકરોએ રેલવે સ્ટેશન પર થોડા સમય માટે ટ્રેનો રોકી હતી. હાઈવે પર ટાયરો સળગાવીને વાહનો રોકીને ટ્રાફિક ચક્કાજામ કર્યો હતો. જ્યારે મહારાષ્ટ્રમાં ભડકેલી આગથી સુરતના કાપડના વેપારને ભારે નુકસાન સહન કરવાના દિવસો આવ્યા છે. જ્યારે વાપી ચાર રસ્તે ઉગ્ર વિરોધ પ્રદર્શન થતાં લગભગ ૧ કલાક સુધી માહોલ તંગ બન્યો હતો. જો કે પોલીસે સમયસુચકતા વાપરી સ્થળ ઉપર દોડી જઈને મામલો થાળે પાડ્યો હતો. સુરત ટેક્સટાઈલ્સ ટ્રાન્સપોર્ટસ વેલફેર એસો.ના પ્રમુખ યુવરાજ દેલોલે કહેલું છે કે તોફાનોના પગલે મોટાભાગના ટ્રક ટેમ્પોને નાગપુર સ્ટેટ હાઈવે પાસેથી અટકાવી દેવામાં આવ્યા હતા. ટ્રક ટેમ્પોને ભોગ ન લેવાય તે માટે અગાઉથી જ આગમચેતીના પગલાં ઠેરઠેર લેવામાં આવેલ છે.

વાપી રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. બે પણ અસંખ્ય દલિતોએ એકઠા થઈ ધજાપતાકા સાથે રેલ પાટા ઉપર વિરોધ પ્રદર્શન કરેલ. જો કે કોઈ મોટી ઘટના ન બને તે માટે રેલવે સ્ટેશન પર આર.પી.એફ., જીઆરપી સહિતનો સ્ટાફ ઘટના સ્થળે ગોઠવાયો હતો. જેથી કોઈ છમકલાં થઈ શક્યા ન હતા.

સૌરાષ્ટ્રમાં ધોરાજી ખાતે કેટલાક તોફાની તત્વોએ બસને આગચંપી કરી હતી, મહારાષ્ટ્રના બંધના પગલે ખાનગી વાહન ચાલકોએ ગુજરાતની હદમાં વાહનો થોભાવી દીધા હતા. વર્તમાન સંજોગોમાં મહારાષ્ટ્રમાં હિંસાના બનાવોના પગલે નાસિક- ઔરંગાબાદથી આવતા શાકભાજી- ફળોની આવક પણ ઘટી જવા પામી છે. જો કે સાવચેતીના ભાગરૂપે વલસાડ એસ.ટી. ડિવીઝને મહારાષ્ટ્ર તરફ જતી ૧૦ થી ૧૨ જેટલી બસ રૂટ રદ કરી દીધી છે. આમ બસ વ્યવહાર ખોરવાતા હજારો મુસાફરો અટવાયા છે. જો એસટી બસ ચાલુ કરવામાં આવે તો તોફાની તત્વો તેને પણ નિશાન બનાવ્યા સિવાય રહેતા નથી. એટલે બસ નિગમનો નિર્ણય યોગ્ય માની શકાય.

ગત બુધવારે મહારાષ્ટ્ર બંધનું એલાન આપવામાં આવ્યું હતું. ત્યારે સુરતથી મહારાષ્ટ્ર જતા ૩૧ બસના રૂટ કેન્સલ કરવામાં આવેલ. જેથી હજારો પેસેન્જરો રઝળી પડ્યા હતા. રેલ્વે સ્ટેશન પર લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. જો કે તકેદારીના ભાગરૂપે સખ્ત પગલાં લેવામાં આવતા કોઈ અજુગતા બનાવો બની શક્યા ન હતા.

સુરતથી - મુંબઈ પુણે, આકોલા, શિરડી. પંઢરપુર, ઔરંગાબાદ, શિરપુર, માલેગાંવ, ભુસાવર અને નંદુ દરબાર જેવી અનેક રૂટની બસો હાલમાં રદ કરવામાં આવી છે. ગુજરાતથી મહારાષ્ટ્ર તરફ જતી બસોને પણ રદ કરવામાં આવતાં બસ નિગમની આવક ઘટી જવા પામી છે.

બીજી તરફ મહારાષ્ટ્રમાં થાણે નજીક અટકાવી દીધી હોવાથી સુરત થઈને અમદાવાદ તરફ જતી લાંબા અંતરની અનેક ટ્રેનો કલાકો સુધી મોડી પડી હતી. એટલે રેલ્વે સ્ટેશન પર મુસાફરોની ભારે કફોડી હાલત બનતા સમગ્ર જનજીવન પર અસર વર્તાઈ છે. જ્યારે સમતા સૈનિકદળ દ્વારા આપવામાં આવેલા બંધના એલાનથી સમગ્ર તંત્ર હરકતમાં આવી ગયું છે, જો કે પોલીસે તકેદારીના સજ્જડ પગલાં ભર્યા હોવાનો દાવો કર્યો છે. જો કે મુંબઈની હાર્બર લાઈન પર કેટલાક ટોળાંએ પત્થરમારો ચલાવ્યો હતો.

મહારાષ્ટ્રમાં હિંસાના પગલે સૌરાષ્ટ્ર તરફથી જતી એસ.ટી. બસોને ગંભીર અસર પહોંચી છે. ગત બુધવારે મુંબઈમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન થયા હતા. તે દરમ્યાન કેટલીક બસોને સળગાવી દેવામાં આવી હતી. ટ્રેન સેવા પણ ઠપ્પ થઈ ચુકી છે. મહારાષ્ટ્રના અસંખ્ય પરા વિસ્તારમાં રહેતા લોકોના ધંધા રોજગારને વ્યાપક અસર પહોંચી છે. મહારાષ્ટ્ર સરકારે આ સંદર્ભે ન્યાયી વલણ અપનાવવું જોઈએ.

# એપેક્સ હાર્ટ ઈન્સ્ટિટયુટ અમદાવાદના પદ્મશ્રી ડૉ.તેજસ પટેલ



ભારતની ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીના ઈતિહાસમાં ભારતના પનોતાપુત્ર અને વિશ્વ વિખ્યાત ઈન્ટરવેન્શનલ કોર્ડિયોલોજીસ્ટ એવા અમદાવાદની એપેક્સ હાર્ટ ઈન્સ્ટિટયુટના ચેરમેન અને ચીફ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ એવા અમદાવાદની એપેક્સ હાર્ટ ઈન્સ્ટિટયુટના ચેરમેન અને ચીફ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ડૉ.તેજસ પટેલે વધુ એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે એપેક્સ હાર્ટ ઈન્સ્ટિટયુટ ખાતે વ્યાવસાયિક ધોરણે સૌ પ્રથમ કોરપાથ જી.આર.એકસ.(યુ.એસ.એફ.ડી.એ. માન્ય) લગાવવાની જાહેરાત કરી છે.યુનાઈટેડ સ્ટેટ્સની બહારની આ એકમાત્ર અને પ્રથમ વેસ્ક્યુલર રોબોટિક સિસ્ટમ છે.ડૉ.તેજસ પટેલ વિશ્વ કક્ષાએ નામાંક્તિ છે અને ટ્રાન્સરેડિયલ એક્સેસ ટેકનિકના પ્રણેતા છે અને તેમણે પોતાની ૨૫ વર્ષોની કારકિર્દી દરમિયાન આશરે ૫૦૦૦ થી પણ વધારે ફીઝીશ્યનાને તાલીમ આપી છે.ડૉ.તેજસ પટેલે રોબોટિક પદ્ધતિની મદદ દ્વારા રાઈટ ડોર્સલ ટ્રાન્સરેડીયલ એકસેસ દ્વારા હોસ્પિટલનું પ્રથમ સ્ટેન્ટિંગ કર્યું હતું.પોતાની કેન્દ્ર ખાતે વાસ્કયુલર રોબોટિક્સ ઈન્સ્ટોલેશનના ૩ અઠવાડીયામાં ડૉ.તેજસ પટેલે ડૉ.સંજય શાહ સાથે મળીને એક્યુટ માયોકાર્ડિયલ ઈન્ફેક્શન (એ.એમ.આઈ.)અને ક્રોનિક ટોટલ ઓક્લુઝન (સી.ટી.ઓ.) વાળા દર્દીઓ જેવા જટિલ ૫૦ થી પણ વધારે કેસોમાં કોરોનરી એન્જીયોપ્લાસ્ટી સ્ટેન્ટિંગ કર્યું છે. ભારતમાં ગુજરાત,અમદાવાદની એપેક્સ હાર્ટ ઈન્સ્ટિટયુટ અત્યાધુનિક કાડિયોલોજી કેન્દ્ર છેઅને હવે તે ભારતના અને સમગ્ર વિશ્વના ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ્સને રોબોટિક આસિસ્ટેડ પર્ક્યુટેનીયસ કોરોનરી ઈન્ટરવેન્શન્સ (પી.સી.આઈ.)ની તાલીમ આપાવા માટેનું યુ.એસ.એ. બહારનું પ્રથમ ગ્લોબલ સેન્ટર ઓફ એક્સેલેન્સ બન્યું છે.

## એન્ડ પિક્ચર્સ પ્રિમિયર્સ, હાલ્ફ ગર્લ ફ્રેન્ડ- એક સમકાલિન પ્રેમકથા, આ જાન્યુઆરીમાં!




આજના દિવસ અને પેઢીમાં જ્યાં પ્રેમ રોજે બદલાય છે, ત્યારે સ્થાયી સંબંધની એક ભાગ્યે જ જોવા મળતી એક કથા. કોઈ નવાઈની વાત નથી કે, માધવ ઝા અને રિયા સોમાનીની પ્રેમકથા નવી પેઢી માટે એક આશાની લાગણી આપે છે, પરંતુ સાથોસાથ કેટલીક વાસ્તવિક અપેક્ષા કે, 'ખરેખર દુનિયા'માં પ્રેમ કેવો હોય તે પણ દર્શાવે છે. વિરોધાભાષી વિચારધારાઓ અને અલગ-અલગ સામાજિક સ્થિતિ વચ્ચેનો હાફ ગર્લફ્રેન્ડની વાર્તા છે, આ એક એવી પ્રેમ-કથા છે, જે તમારી સાથે પણ બની શકે છે. મૂવીમાં અર્જુન કપૂર અને શ્રદ્ધા કપૂર મુખ્ય પાત્રમાં છે અને મૂવીને ડિરેક્ટ એવા વ્યક્તિએ કરી છે, જે આ દાયકાની સૌથી રોમાન્ટિક ફિલ્મની પાછળનો વ્યક્તિ છે, મોહિત સુરીઃ મૂવીનું પ્રિમિયર એન્ડપિક્ચર્સ, સપનો કી ઉડાનમાં, રવિવારે, ૭મી જાન્યુઆરી ૨૦૧૮ના રોજ સવારે ૧૧ વાગ્યે રજૂ થશે. હાફ ગર્લફ્રેન્ડની વાર્તા એક નાના શહેરના માધવ ઝા (અર્જુન કપૂર) અને ધનાઢ્ય પરિવારની મોટા શહેરની છોકરી રિયા સોમાની (શ્રદ્ધા કપૂર) પર આધારીત છે. બાસ્કેટ બોલ, કોલેજ અને એક જેવું જ મિત્ર વર્તુળ જેવી ઘણી સમાનતા ધરાવતા હોવા છતાં પણ તેમની વચ્ચે ભાષા, ઉછેર, સામાજિક સ્ટેટસ અને સૌથી વધુ એક માનસિક્તાનો વિરોધાભાષ પણ છે. ખુલ્લા દિલની રિયા એક સ્વતંત્ર જીવન જીવવા ઈચ્છે છે અને તેના માટે એ કોઈ પુરુષ પર આધારિત રહેવા ઈચ્છતી નથી, તો બીજી તરફ માધવ લગ્ન અને પરિવારના પરંપરાગત મૂલ્યોમાં માને છે. સાથે તેઓ, અલગ જ બંધન નિભાવે છે, તેને તેઓ થોડું વધુ આગળ જવા લાગે છે, ત્યારે સરળ દિલના માધવને લાગે છે કે, તેની મિત્રતા, મિત્રતાથી કંઈક વધુ છે અને આ તેની આ લાગણીને તે રિયાની સમક્ષ તેના જન્મદિવસે રજૂ કરે છે, રિયા તેની માધવ સાથેની મિત્રતા ગુમાવવા નથી ઈચ્છતી તેથી તે, તેને અડધા રસ્તા પર મળવા ઈચ્છે છે. શું રિયા, માધવના તેના માટેના પ્રેમને સમજશે અને તેનો સ્વિકાર કરશે? શું તે, તેની હાફ ગર્લફ્રેન્ડથી આગળ વધશે? તમને શું લાગે છે? વધુ જાણવા માટે હાફ ગર્લફ્રેન્ડ જોવાનું ચુકશો નહીં એન્ડપિક્ચર્સ પર, રવિવાર, ૭મી જાન્યુઆરી ૨૦૧૮ના, સવારે ૧૧ વાગ્યે.

## અમેરિકા સ્થિત એસ્થેટિક સેન્ટરે અપસ્કેલ સ્કીનકેર બ્રાન્ડ કા-લોન ભારતીય બજારમાં રજૂ કરી




અમદાવાદ

અમેરિકા સ્થિત મેડિકલ સ્પા કા-લોન સ્કિન ક્લિનિકે ભારતમાં તેની કામગીરી શરૂ કરી છે. ક્લિનિકે તેનું સૌપ્રથમ લેસર, સ્કીન અને સ્લિમિંગ કેન્દ્ર અમદાવાદમાં રજૂ કર્યું છે. કા-લોન સ્કિન ક્લિનિક અમદાવાદ શહેરના સૌથી મોટા અને અત્યાધુનિક સ્કીન કેર તથા સ્લિમિંગ કેન્દ્રોમાંનું એક છે. આ સેન્ટર તબીબી માર્ગદર્શન સાથે અત્યાધુનિક સારવાર પદ્ધતિ પૂરી પાડશે, જે સર્વોચ્ચ સ્તરની આંતરરાષ્ટ્રીય ગુણવત્તાના માપદંડોની પુષ્ટી કરે છે. તે આ શહેરના લોકોને ત્વચાના સંપૂર્ણ અને અસરકારક ઉકેલ પૂરા પાડવાની ખાતરી આપે છે. ક્લિનિકે મહિલાઓ અને પુરુષોના શરીરના અનિચ્છિત વાળની સમસ્યા સામે લડવા અત્યાધુનિક ટેક્નોલોજી સોપ્રાનો આઈસ પ્લેટીનમનું પણ અનાવરણ કર્યું હતું. ભારતમાં ૧૦થી ૪૫ વર્ષની વયની ૧૦ ટકા મહિલાઓ વાળની અનિયમિત વૃદ્ધિની સમસ્યાનો સામનો કરી રહી છે. આ સમસ્યાનો સામનો કરતી મહિલાઓ મોટાભાગે ચહેરાની બંને બાજુ, હોઠ, હડપચીની ઉપર, પીઠની ઉપરના ભાગમાં, ખભા પર, સ્તનના ભાગે અને પેઢુની ઉપરના ભાગે વાળમાં વૃદ્ધિનો સામનો કરતી હોય છે. શરીર પર અનિચ્છિત વાળથી વ્યક્તિની મનઃ સ્થિતિ ખોરવાઈ શકે છે અને તે તેને હતાશા તરફ દોરી શકે છે, જેથી તેઓ ભાવનાત્મક સુખાકારી, જીવનની ગુણવત્તા અને જીવનના સંતોષના અભાવ જેવી મુંઝવણોમાં ફસાઈ શકે છે. આ મશીન માનવ શરીરમાં વાળને વિવિધ સ્તરે મૂળમાંથી દૂર કરવા માટે તૈયાર કરાયું છે અને પ્રત્યેક સ્તરને સારવારની તેની પોતાની જરૂરિયાત છે. નવા મશીન્સમાં ત્રણ સ્તર પરથી અનિચ્છિત વાળને દૂર કરવાની ૩ ટેક્નોલોજીની તાકાત ધરાવે છે અને તે ત્વચાના બધા જ ટોન (લાઈટ, ડાર્ક અથવા ટેન) અને વાળના પ્રકાર (બરછટ અથવા મુલાયમ વાળ) માટે વાળ દૂર કરવાનો સૌથી શ્રેષ્ઠ, સંપૂર્ણ અને અસરકારક ઉકેલ પૂરો પાડે છે.

# ગીતા જયંતિ નિમીત્તે ગીતા ધર્મ અને સારાંશ

ભારતીય તત્વજ્ઞાન અને સંસ્કૃતિને જાણવા માટે શ્રીમદ ભગવત ગીતા રામાયણ મહાભારત ભાગવત અને સંતો મહાન પુરૂષોનાં ચરિત્રનો ઉંડો અભ્યાસ કરવો અને માનવનેં કેવી રીતે તે જીવન વ્યતીત કરવો તથા આપણી દરેક સમસ્યાઓનો ઉકેલ ઉપરોક્ત ગ્રંથોમાં જોવા મળે છે. અને માનવ જીવનનાં ઘડતર માટે આ વિષયોનું સાહિત્ય પાયાની ઈંટની જેમ કામ કરે છે. આ વાત લક્ષમાં રાખીને શ્રીકૃષ્ણ ભગવાને કુરૂક્ષેત્રમાં અર્જુનને નીમિત બનાવીને સમસ્ત વિશ્વનાં કલ્યાણ અર્થે જે શબ્દોનો ઉપદેશ આપ્યો તેનેં ગીતા કહેવામાં આવ્યો ભગવાન અર્જુનને કહે છે કે હું તારો સારથી બનીશ પણ લડવાનું તારે છે આ પરથી સાબીત થાય છે કે આપણો સારથી આપણી સાથે છે.પણ કર્મ આપણે કરવું પડે છે માટે ભક્તિ અને સત્કાર્ય કરવા માટે જાતે ઉભા થઈને ચાલવું અને અનુસરવું જોઈયે.બીજાઓનાં પગે ચાલી શકાય નહિ આપણે જમ્યા સિવાય આપણી ભૂખ જાય નહિ જેથી હતાશ અને નિરાશ તથા દિશાશૂન્ય હતપ્રભ થયેલા અર્જુનને ઉભો કરે છે. અને ગીતા દ્વારા અર્જુનને થયેલાં પ્રમાદતથા મોહનેં દૂર કરવા માટે અર્જુન સામે બે ધર્મો વચ્ચે સંઘર્ષનું ઉભો થાય છે અને આ સંઘર્ષ નિવારણ કરવા અર્જુન મારફત સમસ્ત વિશ્વને તેનો જવાબ ગીતારૂપે આપે છે જેથી કહેવામાં આવ્યું છે કે કૃષ્ણવંદે જગદગુરૂમ ગીતા શોર્યગાન છે કર્મ યોગીને માર્ગદર્શન આપે છે.ભક્તોને આશ્વાસન અને યોગીઓને સમાધિ આપે છે. ગીતાની વાણીમાં પ્રસાદ છે. ઓજસ્વીતા છે ઉર્જા છે સૌન્દર્યતા છે તેનો અર્થ ગંભીર અને મર્મભેદક છે ગીતારૂપી પુષ્પ આપીને ભગવાન પણ કૃત કૃત્ય થઈ ગયા આમાં ઉપનિષદોં વેદો સર્વશાસ્ત્રો અને વૈદિક વિચારોનાં ઉંડા કૂવામાંથી તત્વજ્ઞાન બહાર કાઢીને ઝરણાં રૂપે વહેવડાવ્યું છે. જેથી સર્વ સામાન્ય માણસ તે સમજી શકે છે. આ દ્રષ્ટિથી સર્વ સમસ્યાંઓનો નિચોડ ગીતામાં કર્યો છે ગીતાના દરેક અધ્યાયનો ટુંકમાં સાર જોઈએ તો અધ્યાય ૧ માં કર્તવ્ય પરાયણતા આત્માની અમરતા, દેહનીક્ષૂદ્રતા સ્વધર્મની આબાધ્યતા સ્થિત પ્રજ્ઞાવસ્થા (અધ્યાય ૨ માં) સંખ્યાજ્ઞાન પતન થવાનો માર્ગ અધ્યાય-૩ માં કર્મ કરો પણ દંભરહિત ભાવનાસહિત અને નિષ્કામ કર્મ કરો કર્મ અકર્મ કર્મના મૂળ હેતુ કર્મ એ જ યજ્ઞ (અ.૪ માં ) અવતાર બાદ માનવના કર્મગુણ સ્વભાવ પ્રમાણે વર્ણ વ્યવસ્થા (અ.૫ માં) સંન્યાસ અને કર્મયોગીની એકતા સંન્યાસીની અવસ્થા (અ.૬ માં) સ્વપુરૂષાર્થ મહતા પૂર્વજન્મનાં પ્રભાવથી બૌધ્ધિ જ્ઞાન પૂર્વ જન્મનોં સિધ્ધાંત ચિત્તની એકાગ્રતા (અ.૭ માં) ભક્તિનું વર્ણન ભક્તોનાં પ્રકાર જ્ઞાનની મહતા આવશ્યકતા (અ.૮ માં) મૃત્યુની કલ્પનાં પ્રભુનું સ્મરણ કરતાં મૃત્યુનું આવવું આનો અભ્યાસ કરવો (અ.૯માં) સમર્પણ આશ્વાસન સર્વભૂતહિતે હતા : અને રાજયોગ (અ.૧૦ માં) અણુ અણુમાં વ્યાપેલી શાન્તિ પ્રભુ ચરાચરમાં છે દષ્ટિનો વિકાસ શ્રેયતા (અ.૧૧ માં) યશતું મેળવ અને કર્મ હું કરીશ પ્રભુકામનો નિમીત્ત થા દિવ્યદ્રષ્ટિ વિશ્વરૂપ દર્શન (અ.૧૨ મા)માનવનું જીવન દર્શન લક્ષણો ભક્તિની મહતાકર્મ અને જ્ઞાનનાં જોડાનમાં ભક્તિ સીમેન્ટ નું કામ કરે છે.(અ.૧૩ માં) ક્ષરાક્ષરનો વિચાર દેહ અને આત્મા જડ અને ચેતન આત્મા અને આત્માનું પ્રથકરણ (અ.૧૪ માં) પ્રકૃતિનું સામર્થ્ય સત્વ,રજ,તમ ત્રણ ગુણોનું વર્ણન અને ગુણાતી અવસ્થાનું વર્ણન (અ.૧૫ માં) ભક્તિ જ્ઞાન અને કર્મ દ્વારા ત્રિદોષોનેં દૂર કરવા અનુ અનુંમાં વ્યાપકતા તેજસ્વીતા જ્ઞાન મયના વ્યાપકતાનું વર્ણન જીવ શિવની એકતા (અ.૧૬ માં) દેવી અને આસુરી સંપત્તી આસુરી સંપત્તીનો નાશ કરવા યુધ્ધ કરવાની પ્રેરણાં શાસ્ત્રો અને સ્વાધ્યાયનાં અભ્યાસની જરૂર છે (અ.૧૭ માં)શ્રધ્ધાનું વર્ણન સાત્વિક આહાર યજ્ઞ તપ દાનની સાત્વિકતા ૐ તત્સત્ નો-ગૂઢ અર્થ (અ.૧૮)માં સંન્યાસ અને ત્યાગ વિષે કર્મ અને કર્તાના પ્રકારોં ભક્તિજીવન સમાજ જીવન વર્ણાશ્રમ ધર્મની વ્યવસ્થા ચાતુર્વર્ણ દીવ્યતા કર્મ ફળ ત્યાગ અને અંતે કહ્યું છે(યત્ર યોગેશ્વર કૃષ્ણ) જ્યાં જ્યાં દેવી સામર્થ્ય વૈશ્વિક સિધ્ધાંતો કર્મયોગ હશે ત્યાં બધુ જ મળશે છેવટે અંતે અર્જુનનેં બધી વાતો ગળે ઉતરી અને સમજાઈ ત્યારે ઉપરોક્ત જ્ઞાન દ્વારા દરેક માનવનેં પ્રારબ્ધ કર્યા લડાવવું અને પુરૂષાર્થ ક્યાં કરવો વ્યાસજીનું વચન છે. ઉધ્ધર્વ બાહુઃ પ્રવક્ષ્યામિ ન ચ કવશ્ચિત શ્રણોતિમે પ્રારબ્ધ અનેં પુરૂષાર્થ વિરોધી નથી પણ પૂરક છે. હું જ કરૂ છું. એ પ્રકારનાં અભિમાન રહિત જીવ ધર્મની મર્યાદામાં રહીને ન્યાય નીતી જે કંઈ કર્મ પોતાની ફરજ રૂપે કરે છે તે તમામ કર્મો કરવાં છતાં તેનાથી લોપાતો નથી (ગીતા અ.-૫-૮-૯) શ્રી સર્વે ભવન્તુ : સુખિન સન્તુઃ ઈતિશમ

**વેદપાઠી હિમાશંકર ગણેશરામશર્મા**

# નાનો પણ રાઈનો દાણો !

સમય, સંજોગોને આધિન જીવવુ નબળાઇ નથી પણ દીર્ઘદ્રષ્ટી કે શાણપણ છે. હંમેશા સામા પ્રવાહમાં જ ઝઝુમવુ એ બહાદૂરી કે વીરતા ન માનવી - કારણ કે, આંધી - તોફાન - વાવાઝોડામાં જે ઝૂક્તા નથી તે ઝાડનો જ ખૂડદો બોલી જતો હોય છે. અસ્તિત્વ હશે તો જ સામનો કરવો સંભવી શકે.

નિષ્ઠાવાન માણસ મીઠા લીમડા જેવો છે. કોઈ પણ શાક કે દાળ કે વાનગી બનાવતી વખતે સૌ પહેલા એને જ વઘારના રુપે હોમી દેવામાં આવે છે અને એ જ દાળ કે શાક ખાતી વખતે એ જ ( નીતિવાન વ્યક્તિત્વને ) સૌથી પહેલા બહાર કાઢી ફેંકી દેવા આવે છે ! આ જ સંસારનો અટલ તથા સનાતન નિયમ બની ગયો જણાય છે !

ઉપરોકત બેઉ સત્યો પરથી તારણ એવુ લઈ શકુ કે, પોતાની ખુદ્દારી, ખુમારી ને ખંતીલા સ્વભાવને સદા ધારદાર છતા નિષ્પક્ષ, નિર્મલ ને નિખાલસ બનાવી રાખવો : તૂંડે તૂંડે મતિ ભિન્ન !

સારો મિલનસાર સ્વભાવ એ કોઈ દુકાનમાં ઉપલબ્ધ નથી કે કોઈ જાદૂગર પણ ન બનાવી શકે. ગમે તેવા અંતરાય / વિઘ્નોમાં પણ આપણે ઉદારતા, સંસ્કાર તેમજ સજ્જનતા /શાલિનતાની સારપ ન છોડવી. વ્હાલા, સત્કાર્યો કદિય દગો નથી કરતા. સબસે બડા રોગ : ક્યા કહેંગે લોગ !?

તંદુરુરત મંદુરસ્ત સમાજ નિર્માણની ચાહ.

**વિકેશશાહ દાંતીવાડા**

<u>આત્મચિંતન</u>

## અંદરનું ખોખાલાપણું અને સડેલી જડો

જે અંદરથી ખોખલા છે જે બહારથી વૈભવશાળી હોવા છતાં પણ દુર્બળ છે. તેમને થોડીક પ્રતિકુળતાઓ તોડી અને મરોડીને રાખી દે છે. તેમને ઉખડતા અને ધરાશાયી થતાં વાર નથી લાગતી. આનાથી વિપરીત જેમના મૂળ ઉંડા છે, જેને પોતાને આ સંસાર સાગરમાં નિરંતર ઉઠતા ભરતીઓટને સંતુલિત ગતિથી દેખવાનું શીખી લીધું છે, તે જ સમુદ્ર તટ પર બેસીને ઉછળતી અને ઉમડતી લહેરોનો આનંદ લઈ શકે છે. મજબૂત પક એમની જ હોય છે અને પરિસ્થિતિઓનો સામનો કરવામાં તેઓ જ સમર્થ હોય છે.

સંપત્તિની જેમ વિપત્તિ પણ ક્ષણિક જ હોય છે. વિપન્નતા પછી જ સંપન્નાતાની નવી દિશા મળતી રહે છે, ભલે તે પહેલાની પરિસ્થિતિઓથી ભિન્ન પ્રકારની હોય.

જેમને સંપન્નતાની જેમ વિપન્નતાઓનું પણસ્વાગત કરવામાં, તેમની સાથે લડવામાં મનોબળ એકત્રિત કર્યુ છે તેમના મૂળિયા ઉંડા છે. જો અંદર ખોખલાપણું ભરેલું હોય તો એક જ આઘાતમાં ધરાશાયી થવું નિશ્ચિત છે. - **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# શિક્ષણમાં સંવેદનશીલતાની આવશ્યકતા

બાળક જ્યારે જન્મે છે ત્યારે તે વિચારક્ષમ હોય છે. સમાજ તેને સંસ્કૃતિ, ઈતિહાસ, નૈતીકતા અને સભ્યતા વિવિધ વિચારો આપીને તેના માટેની માર્ગરિખા પૂરી પાડે છે. કેળવણી શાસ્ત્રીય રીતે એની પરિપૂર્તિ કરે છે. શિક્ષણ દ્વિધ્રુવી પ્રક્રિયા છે. જેમાં એક બાજુ શિક્ષક (માણસ) છે. જ્યારે બીજી બાજુ વિદ્યાર્થી (માણસ) છે. બંને ધ્રુવો ચિંતનક્ષમ અને જીવંત છે અને આવી પરિસ્થિતિમાં આદાન-પ્રદાનની પ્રક્રિયા સંકુલ બની જાય. શિક્ષક જે બોલશે તે વિદ્યાર્થી સીધેસીધુ નહીં સ્વીકારી લે. કારણ કે વિદ્યાર્થીની પાસે તેની સ્વતંત્ર વિચારશક્તિ છે. ઉપરાંત વ્યક્તિગત અણગમા, વલણો, પૂર્વગ્રહો, માન્યતાઓ અને સ્વતંત્ર કલ્પનાઓ છે. જ્યારે પરિસ્થિતિ આટલી સંકુલ હોય ત્યારે ઉકેલ શું ? ઉકેલ એ જ કે શિક્ષક અને વિદ્યાર્થીના સંબધમાં સંવેદનશીલતાને સ્થાન હોય. વિદ્યાર્થીની લાક્ષણિકતા અને મર્યાદાઓ જોઈને સભાન શિક્ષકોમાં સંવેદનાનો આવિર્ભાવ થશે. જેના પરિણામે વિદ્યાર્થીની ક્ષમતાનો વિકાસ થશે. આ સંવેદનાને વશ વર્તીને શિક્ષક વ્યક્તિગત રસ લે અને તેની મૂંઝવણને સમજવા પ્રયત્ન કરે, મથે ત્યારે શિક્ષકના વિદ્યાર્થી સાથેના વ્યવહારમાં જીવંતતા આવશે. વિદ્યાર્થીના ગુણ, લક્ષણોની વિશેષતાને કારણે શિક્ષકને સાંવેગિક આઘાત લાગવો જોઈએ. સાચી કેળવણીની આ પૂર્વશરત છે.

સંદેદનશીલ શિક્ષકથી થતું કાર્ય અલબત્ત વધારે કૃતિલક્ષી હોય કારણ કે સંવેદનશીલતા એ લાગણી સભર બૌદ્ધિક પ્રતિભાવ છે. બૌદ્ધિકતા એ અપેક્ષિત પરિણામ લાવવામાં ઉપયોગી બની રહે અને બંનેની વચ્ચે થતી શિક્ષણના આદાન પ્રદાનની પ્રક્રિયા અને લાગણીને લીધે ઉત્સાહ ભરી બની રહે એ કાર્ય બોજ ન બને અને તેથી વિદ્યાર્થી વધારે સ્વયંસ્ફૂર્ત (Spontenious) બનશે.

આજની કેળવણીમાં સંવેદનશીલતા ઘટી છે. શિક્ષક એ વિદ્યાર્થીને વસ્તુ/જણસ (ઙ્ખદ્બીષ્ઠં) તરીકે જુએ છે. આથી શિક્ષણના કોઈપણ હેતુઓ (ઙ્ખદ્બીષ્ઠંૈદ્બીજ) પર્યાપ્ત માત્રામાં સંતોષાતા નથી અને કેળવણી એ માત્ર પ્રશ્નોતર અને માહિતીના આદાન પ્રદાનની શુષ્ક પ્રક્રિયા બની ગઈ છે. જેમાં અનુભવ કે અનુભૂતિને અવકાશ નથી.સંવેદનાનું જ્યારે બર્હિકરણ થાય છે ત્યારે તે શીલનો એક ભાગ બની જાય છે, અને આજે આવા શીલવાન સંવેદનશીલ શિક્ષકોની કેળવણીમાં અત્યંત આવશ્યકતા છે.કોઈપણ દેશની ક્ષમતા તેના શિક્ષકની ક્ષમતાથી વધારે હોઈ શકે નહિ. સોક્રેટીસે કહ્યું છે કે, "શિક્ષકના ખભા મજબૂત હોવા જોઈએ. કારણ કે એને આખા સમાજનો ભાર ઉઠાવવાનો છે. સમાજમાં વ્યાપી રહેલી અરાજકતા અને સામાજિક-માનસિક પ્રદૂષણોના મૂળમાં શિક્ષણની જ જવાબદારી છે અને શિક્ષણનું કેન્દ્રબિંદુ એટલે શિક્ષક.

શિક્ષણ એ જીવંતની સાથેની પ્રક્રિયા છે. તેમાંય હજુ ઉંડાણથી જોવામાં આવે તો મનની મન સાથેની પ્રક્રિયા છે. એક વ્યક્તિ (શિક્ષક) ના મનમાં રહેલા વિચારોનું બીજા વ્યક્તિ (વિદ્યાર્થી) ના મનમાં કે જે વિશેષ માનવીય ચેતના છે તેનો વિચાર કરવો અનિવાર્ય બની જાય છે. આ માટે શિક્ષકે વિદ્યાર્થીની સાથે પોતાના જ્ઞાનનો જ નહિ પરંતુ સાથે લાગણીનો તંતુ બાંધવો પડશે. આમ, "COgnitive domain + affective domain = Expected education" એવા સમીકરણને શિક્ષકે અપનાવવું પડશે. આવો શિક્ષક એ સંવેદનશીલ શિક્ષક ગણી શકાય. માત્ર વર્તનવાદ કે વિચારવાદને આધારે રચાયેલી પ્રવર્તમાન કેળવણી જ્યારે નિષ્ફળ ગઈ છે ત્યારે આજે, આવા સંવેદનશીલ શિક્ષકની અને શિક્ષણની આવશ્યકતા વધી જાય છે.

**સંવેદનશીલ શિક્ષકનું ઉત્તરદાયિત્વ :**

વિદ્યાર્થીની લાક્ષણિકતા અને મર્યાદાઓ જોઈને સભાન શિક્ષકમાં સંવેદનાનો આવિર્ભાવ થવાની શક્યતા છે. જેના કારણે પરિણામે વિદ્યાર્થીની ક્ષમતાનો વિકાસ સાધી શકાય. શિક્ષકે વિદ્યાર્થીની સંવેદના સુધી પહોંચવું પડશે. અન્યની સંવેદનાને સમજવા સુધીની સમજ, ભાવના કેળવાય તો તે હૃદયની સંવદના ગણાય."સર્જન એ સંવેદન શીલતાનું ગત્યાત્મક (dynamic) પાસું છે." સંવેદનામાં ક્રિયાનું સ્થાન છે. આથી આજની કેળવણીને સાર્થક બનાવવા માટે સંવેદનશીલ શિક્ષક જ ઉત્તરદાયિત્વ લઈ શકે.કારણ કે શિક્ષણ અને સંવેદનશીલતા એ બંને એકબીજા સાથે અભિન્ન રીતે સંકળાયેલા છે અથવા એક સિક્કાની બે બાજુઓ છે.સંવેદનશીલ શિક્ષકની લાક્ષણિકતા :

વિદ્યાર્થીની સામાજિક સ્થિતિથી સંપૂર્ણ માહિતગાર

વિદ્યાર્થીની આર્થિક સ્થિતિથી સંપૂર્ણ માહિતગાર

વિદ્યાર્થીની સાંવેગિક સ્થિતિથી સંપૂર્ણ માહિતગાર

વિદ્યાર્થીને મુલાકાતના પ્રસંગોની વિચારણા કરવી.

વિદ્યાર્થીઓ સાથે નાના-નાન જૂથમાં પ્રશ્નોત્તરી કરવી.

વિદ્યાર્થીઓ સાથે નાન-નાના પર્યટનો કરવા

**કર્દમ ર.મોદી, પાટણ**

# કથાસાગર- ધૈર્યનું પરિણામ

વાત ૧૯૦૪ની છે. એક વિશ્વ મેળો આયોજિત કરવામાં આવ્યો હતો. આ મેળામાં તમામ દેશોના પ્રતિનિધિ પોતપોતાની વસ્તુઓનો આંતરરાષ્ટ્રીય સ્તર પર વિસ્તાર કરવા માટે તેને લોકોને દેખાડી અને સમજાવી રહ્યા હતા. રિચાર્ડ બ્લેશનીડેસ આ મેળામાં ભારતીય ચ્હાને પ્રમોટ કરવા માંગતા હતા. ત્યારે ચ્હા આટલી મશહૂર ન હતી. તેમને પૂરતો વિશ્વાસ હતો કે તે પ્રોડક્ટ તરીકે ભારતીય ચ્હાને લોકપ્રિય બનાવવામાં સફળ રહેશે. તેમણે એક સારી જગ્યા જોઈને ભારતીય ચ્હાનો સ્ટોલ પણ લગાવી લીધો હતો.

એ સમય ગરમીનો હતો. તેથી બધા લોકો ઠંડી પ્રોડક્ટોને મહત્ત્વ આપી રહ્યા હતા. એવામાં ચ્હાનો સ્ટોલ ખાલી પડી રહ્યો. ત્યાં એકલ-દોકલ લોકો જ દેખાઈ રહ્યા હતા. રિચાર્ડ બ્લેશનીડેસ એ જોઈને થોડા નિરાશ થયા, પરંતુ તેમણે હિંમત ન હારી. તેઓ થોડી વાર સુધી મેળાની અન્ય પ્રોડક્ટોને ધ્યાનથી જોતા રહ્યા. અચાનક તેમની નજર એક ખાસ પ્રોડક્ટ પર પડી, જેના પર લોકો તૂટી પડ્યા હતા. તેમણે નજીક જઈને જોયું તો ત્યાં કોલ્ડ ડ્રિંક વેચાઈ રહ્યું હતું. આ જોઈને તેઓ પાછા પોતાના સ્ટોલ પર આવ્યા અને થોડી વાર એકાંતમાં વિચારવા લાગ્યા. અચાનક તેમને એક આઇડિયા સૂઝ્યો.

તેમણે ચ્હામાં ખાંડ મેળવીને કોલ્ડ ડ્રિંક રૂપે વેચવાનું શરૂ કર્યું. લોકોને એ ચ્હા રૂપી કોલ્ડ ડ્રિંક બહુ પસંદ પડ્યું. થોડી જ વારમાં તેમના સ્ટોલ પર ભારે ભીડ જામી. તેમનું આ નવું પીણું બેહદ લોકપ્રિય અને ચર્ચિત થયું. તે દુનિયામાં 'કોલ્ડ ટી'ની શરૂઆત હતી. એ રિચાર્ડ બ્લેશનીડેસના ધૈર્ય અને તેમની સૂઝબૂઝનું જ પરિણામ હતું કે એક ફ્લોપ સાબિત થઈ રહેલ પ્રોડક્ટને તેમણે મેળાનો હોટ ટ્રેન્ડ બનાવી દીધી. ત્યાર બાદ કોલ્ડ ટીએ પાછળ વળીને ક્યારેય જોયું નથી. આજે તેની ગણતરી દુનિયાના વિભિન્ન હિસ્સામાં સૌથી પસંદગીના પીણા તરીકે થાય છે.

## અમદાવાદ યુનિવર્સિટી ખાતે ૫મી જાન્યુઆરીથી મેકર ફેસ્ટ ૨૦૧૮નો પ્રારંભ



અમદાવાદ

ભારતના ઈનોવેટર્સ, એન્ટરપ્રેનિયર્સ અને ક્રિએટર્સની ઈકોસિસ્ટમને ફરી એકવાર વૈશ્વિક નકશા ઉપર મૂકવા અમદાવાદ યુનિવર્સિટી ખાતે ૫થી૭ જાન્યુઆરી દરમિયાન મેકર ફેસ્ટ ૨૦૧૮ શરૂ થવા માટે સજ્જ છે.મેકર ફેસ્ટ તેની પાંચમી આવૃત્તિમાં રોબોટિક્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, વર્ચ્યુઅલ એન્ડ ઓગમેન્ટેડ રિયાલિટી, આઈઓટી, બિગ ડેટા, ડિઝાઈન, આર્ટ, હેન્ડિક્રાફટ અને ફેશન જેવા ક્ષેત્રોમાં પ્રતિભાશાળી યુવાનોના વૈવિધ્યસભર સર્જનને પ્રદર્શિત કરવાની ખાતરી આપે છે.

કેલિફોર્નિયાના ખુબજ પ્રખ્યાત મેકર ફેરથી પ્રેરણા લઇને સિલિકોન વેલી સ્થિત મોટવાની જાડેજા ફેમિલિ ફાઉન્ડેશન (એમજેએફએફ)હંમેશાથી અમદાવાદમાં મેકર ફેસ્ટના આયોજન અને પ્રમોશન માટે સક્રિય રહ્યું છે અને આ વર્ષે તેમણે ગુજરાતની બહાર દેશના અન્ય પ્રદેશોમાં પણ ફેસ્ટના આયોજનની યોજના ઘડી છે.અમેરિકા, યુરોપ, આફ્રિકા અને જાપાનમાં યોજાતા મેકર ફેરની માફક ભારતમાં મેકર ફેસ્ટ યોજાય છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૬માં લોન્ચ કરાયેલા મેકર ફેરમાં હવે હજારોની સંખ્યામાં લોકો ભાગ લે છે.ભારતના દરેક ખૂણેથી લોકોને આકર્ષતા આ મેકર ફેસ્ટ સર્જકોનો વિશાળ સમુદાય તૈયાર કરવામાં મદદ મળે છે, જ્યાં લોકો રચના અને સર્જન સંબંધિત પોતાના વિચારોની આપ-લે કરીને શીખી શકે છે. દેશભરના આર્ટ, સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રના ક્રિએટર્સ તથા આર્ટિસ્ટને તેમના વિચારો રજૂ કરવા માટે મેકર ફેસ્ટમાં આમંત્રિત કરવામાં આવે છે.અમદાવાદ યુનિવર્સિટી ખાતે ૫થી૭ જાન્યુઆરી દરમિયાન સંખ્યાબંધ પ્રવૃત્તિઓ જોવા મળશે, જેમાં પસંદગીના મેકર્સ પોતાના પ્રોજેક્ટ્સ રજૂ કરશે. અહીં ન્યુ યોર્કના લેડી ટેક ગિલ્ડના સ્થાપક એન્નેલી કોલર અને તેમના સભ્યો પ્રદર્શન અને વર્કશોપ પણ યોજશે, જેથી મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપી શકાય તથા મેકર મૂવમેન્ટમાં મહિલાઓની હિસ્સેદારી વધારી શકાય.

રીટા બોસની કેબિનમાંથી ધૂંઆપૂંઆ થતી બહાર નીકળી. એ જોઈ મોનાએ તેને પૂછ્યું, 'શું થયું ?'

રીટાઃ 'બોસે મને તેમની કેબિનમાં બોલાવીને પુછ્યું કે શું તું ફ્રી છે ?' મને થયું કે કંઈક સ્પેશિયલ કામ હશે એટલે મેં હા પાડી  તો તેમણે મને ૪૦ પાના ટાઈપ કરવા આપી દીધાં ?'

OOOOOOO

પતિ પત્નીને ફોન પર કમ્પ્યુટર કેવી રીતે ચલાવવું તે સમજાવી રહ્યો હતો. પતિએ કહ્યું,'માય કમ્પ્યુટર  પર કિલ્ક કર.' પત્નીએ કિલ્ક કરી.

પતિઃ 'ફોલ્ડર ખૂલ્યું ?'

પત્નીઃ'હા.'

પતિઃ 'હવે ઉપર જો, શું દેખાય છે ?'

પત્ની : 'પંખો.'

પતિઃ'લટકી જા સાલી, અભણ.'

OOOO

એક છોકરીનું વોટ્સએપમાં સ્ટેટસ હતું, 'લગન તો હું એની સાથે જ કરીશ, જે મને જબરજસ્તી શોપિંગ કરવા લઈ જશે.'

૪૦ વર્ષની થઈ, હજુ કુંવારી છે.

OOOO

વસ્તીગણતરી અધિકારી (મહિલાને) : અરે, તમારે ૧૦ બાળકો છે ? શરમ નથી આવતી તમને કે જ્યારે સરકાર એક અથવા બે પર ભાર મૂકે છે ત્યારે ?

સ્ત્રીએ બેધડક જવાબ આપ્યો : આમાં શરમની વાત શી છે ? આના પહેલાં ચાર પતિ મરી ચૂક્યા છે અને દરેકનાં માત્ર બે-બે જ બાળકો છે.

OOO



# મધુવન

**"છેકું,ભૂસું ને લખું, કેમ  થાય છે આમ?**
**બાકી એનું નામ તો, સાવ સહેલું નામ"**

શિર્ષક શે'રમાં ઉદયન ઠક્કરના મનની મીઠી મૂંઝવણ વ્યક્ત થઈ છે. દુનિયાદારીમાં જીવતા માણસે પોતાનો હાથ કોઈને કોઈની સાથે તો મિલાવવો જ પડે અને એ હાથ જ્યારે મિલાવે તો હાથમાં લખેલું નામ કોઈ જોઈ જાય. અને ઘણા સવાલ-જવાબ થાય. કોઈની આબરૂ પણ જવા સંભવ છે. આવું એક નામ હૈયે ને હોઠે સૌના હોય છે પણ એને લખી શકાતું નથી.

**"જિંદગી જીવું છું એના નામનો આધાર લઈ,**
**નામ પોતાનું મને જે, બોલવા દેતાં નથી"**

બરકતઅલી ગુલામહુસેન 'વિરાણી' 'બેફામ' ગુજરાતના આગલી હરોળના ગઝલકાર પોતાના આ શે'રમાં સુંદર મજાની વાત કરે છે. જેને યાદ કરીને આપણે આપણા  દિવસો વિતાવતા હોઈએ છીએ જેનું નામ હોઠો અને હૈયાને ગમતું હોય છે. જેનું નામ સાંભળતાં જ હૈયામાં આનંદની છોળો ઉડવા લાગતી હોય. એવું એક નામ કે જેના સહારે જિંદગી જીવાતી હોય એવી જ વ્યક્તિ આપણને સતત કહેતી રહે છે. સાવચેત  કરતી રહે છે. કે જો જે જાહેરમાં ક્યાંક મારૂ નામ લઈને મને વગોવી ના નાખતો.

**"કંઈ કેટલા નામનો ઉછળે મારે આંગણ દરિયો**
**એમાં એક જ નામ તમારૂ નાવ થઈને મ્હાલે !"**

કવિ સુરેશ દલાલની આ પંક્તિમાં પણ નામનો મહિમા ગવાયો છે. આપણા જીવનમાં કંઈ કેટલાય લોકો હોય છે. જેની સાથે આપણો પરસ્પર નાતો જોડાયેલો હોય છે. કવિ તો એને અસીમ સમંદરની સાથે સરખાવે છે. આટલાં બધાં સગાં-સહકાર્યકરો હોવા છતાં એકાદ એવું નામ જે સતત નાવની જેમ રતું રહે છે. બીજા બધાં નામ પ્રસંગોપાત ભરતી-ઓટની જેમ આવન-જાવન કર્યા કરે છે. પણ એક ગમતીલું નામ સાત સ્મરણ સંમદરના પટ પર તરતું રહે છે. એને ભરતી કે ઓટની કોઈ અસર થતી નથી.

**" એ નામ તો છે લોહીમાં ઓગાવાનું નામ**
**એ નામ ક્યા છે હોઠ ઉપર લાવવાનું નામ"**

'અદમ' ટંકારવીના આ શે'રમાં નામને લોહીમાં ઓગાળવાની  વાત છે. કંઈ  કેટલીય સારી-સારી વ્યક્તિઓ આપણા જીવનમાં  આવે છે ને જાય છે. દરેક જણ પોતાના સ્વભાવ મુજબની યાદગીરી આપણને ભેટ આપતી જાય છે. કોઈ નામ યાદ આવતાં જ આંખ ભીની થઈ જાય છે. કોઈ નામ યાદ આવતાં જ હૃદય થડકારો ચૂકી જાય છે. કોઈ નામ યાદ આવતાં જ આંખો ચમકી ઉઠે છે. ઘણાબધાં નામો જાહેરમાં લઈ શકાય છે ક્યારેક કોઈ ખાસ,અંગત,ગમતું,મધુરું નામ લઈ શકાતું નથી એવા નામને ગઝલકાર લોહીમાં ઓગાળવાની વાત કરે છે. પોતાનામાં ભેળવી દેવાની વાત કરે છે.

**"બીજાઓ વાંચે તોય અદેખાઈ આવશે**
**ચીતરું નહીં હું નામ તારું કોઈ પણ સ્થળે"**

મુકુલ ચોકસીએ થડ પર નામ ન ચિતરવાની વાત કરી છે.આપણે ગમે તેટલી સાવધાની રાખીએ તોય ગમતીલું નામ ક્યારેક ક્યાંક ક્યાંક  આપણી જાણ-બહાર આપણાથી  લખાઈ જતું હોય છે. અસિંમ  શંદેરી  કહે છે તેમ "થડ પર બન્ને  નામ હજી છે. વડ પર કોતરકામ હજી છે." અદેખાઈ દુનિયાદારી અને આબરૂની  બીકે શાયર નામ ચીતરવાની  પોતાની ગમતી વૃત્તિને દબાવી રાખે છે.

**"એક ગમતું નામ ભૂલી જાઉં, એવો કોઈનો આદેશ છે.**
**ને વ્યથામાં સાવ ડૂબી જાઉં એવો કોઈનો આદેશ છે"**

કિરિટ  ગૌસ્વામીના  આ શે'રમાં  વ્યથામાં ડૂબી જવાની અને ગમતું નામ ભૂલી જવા માટેના ફરમાનની વાત છે. ક્યારેક એવી સ્થિતિ પણ સર્જાય છે જ્યારે આપણે ગમતા નામને પણ ભૂલી જવું પડતું હોય છે  અંતે જોઈએ.'સૈફ' પાલનપુરીનો આ શે'ર

**"આંખોથી લઈશું કામ હવે બોલવું નથી**
**રૂપાળું એક નામ હવે બોલવું નથી"**

**ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)**
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

# શિયાળની ચોરી પકડાઈ ગઈ

એક જંગલ હતું આ જંગલમાં અનેક પશુ પક્ષીઓ રહેતા હતા. જંગલમાં ચારે બાજુ શાંતિનું વાતાવરણ હતું બધા પશુ પક્ષીઓ આનંદમાં અને સુખ શાંતિથી પોતાનું જીવન પસાર કરતા હતા. જંગલમાં કયારે પણ ચોરી લુંટફાટ થઈ નહોતી બધા પશુ પક્ષીઓ સંપીને રહેતા હતા.

એક દિવસ જંગલનો રાજા સીંહ રાજદરબાર ભરીને બેઠો હતો. ત્યાં જ અચાનક હરણ દોડતું આવીને રાજદરબારમાં હાજર થયું. તે રડતું હતું રાજાએ તેના રડવાનું કારણ પુછયું ત્યારે હરણ રડતાં રડતાં બોલ્યું, 'મહારાજ ! ગઈકાલે રાતે મારા ઘરમાં ચોરી થઈ છે..'

'ચોરી.. અને તે પણ આપણા જંગલમાં ?' સિંહ રાજા તો આ વાત સાંભળીને હેરાન થઈ ગયો.

સિંહરાજાએ પુછયું, ચોરી કયારે થઈ ? ત્યારે હરણ બોલ્યું, 'મહારાજ ! ગઈકાલે રાતે જ્યારે અમે લોકો જંગલમાં ફરવાને માટે નીકળ્યા હતા ત્યારે મારા ઘરની તિજોરીમાં મેં મારી પત્નીના દાગીના મુકયા હતા. જ્યારે અમે લોકો ઘેર પાછા ફર્યા ત્યારે ઘરના દરવાજા ખુલ્લા હતા અને રૂમમાં આવેલ તિજોરી ખુલ્લી હતી અને તેમાં મુકેલા દાગીના ગાયબ થઈ ગયા હતા.' હરણ વાત કરતાં કરતાં રડતું હતું.

આ સાંભળીને સિંહ રાજા અને મંત્રી રીંછ આશ્ચર્યમાં પડી ગયા. એમને વિશ્વાસ નહોતો આવતો કે આપણા જંગલમાં ચોરી થઈ છે.

જંગલમાં આ સૌ પ્રથમ ઘટના હતી. રાજા સિંહે રાજદરબારમાં જાહેરાત કરી કે આવતી કાલથી જંગલમાં રહેતા દરેક પ્રાણીઓના ઘરની તપાસ કરવામાં આવશે.

બીજા દિવસે મંત્રી રીંછની આગેવાની હેઠળ જંગલના જાનવરોના ઘરોની તપાસ કરવામાં આવી પણ કાંઈ ના મળ્યું વાસ્તવમાં ચાલાક ચોર શિયાળે બધા જ ઘરેણાં ચોરીને ઉંદરના દરમાં છુપાવી દીધા હતા.

ત્યારબાદ અવારનવાર જંગલમાં ચોરી થવાની ઘટના બનવા લાગી. જંગલના જાનવરો પરેશાન રહેવા લાગ્યા. ફરી એકવાર મંત્રી રીંછે સભા બોલાવી ઘણા વિચારો કર્યા બાદ મંત્રીએ એક યોજના બનાવી જે માત્ર રાજાસિંહને જ બતાવી. રાજાને મંત્રીની યોજના ખુબ જ પસંદ પડી.

બીજા દિવસે યોજના મુજબ રાજયમાં એ જાહેરાત કરવામાં આવી કે જંગલમાં એક મહાત્મા પધાર્યા છે એમને જંગલમાં થતી ચોરી વિશે બધી જ જાણકારી છે. આવતીકાલે મહાત્મા આપણા રાજાને ચોરના વિશે માહિતી આપવાના છે. મહાત્મા સાંજના સમયે નદી કીનારે બેઠા હોય છે.

આ સાંભળીને ચોર શિયાળના મનમાં ગભરાટ પેસી ગયો તે વિચારવા લાગ્યો, શા માટે સાધુ મહારાજને કોઈ એવી ભેટ ન આપીએ કે જેથી તે પોતાનું મોં જ ના ખોલે.. આવો વિચાર મનમાં લાવીને તે બજારમાં ગયો અને ઘણા બધા ફળો ખરીદ્યા.

સાંજ પડતાં જ તે ફળો લઈને નદીકીનારે પહોંચી ગયો. ત્યાં મહામંત્રી રીંછ સાધુ મહાત્માના વેશમાં ધ્યાન લગાવીને બેઠા હતા. શિયાળને આવતું જોઈને પોતાના કમંડળમાં રહેલ ટેપરેકોર્ડર ચાલુ કરી દીધું.

ચાલાક શિયાળ સાધુ પાસે આવીને સાષ્ટાંગ નમસ્કાર કરીને ઉભો રહ્યો. પછી તે બોલ્યો, 'મહારાજ, કશું ના બતાવતા. હું તમારા માટે ઘણા સારા અને સુંદર ફળો લાવ્યો છું.' આટલું બોલીને એણે ફળોનો ટોપલો એમની સમક્ષ મુકી દીધો.

સાધુ મહાત્મા બોલ્યા, હું જાણું છું કે જંગલમાં જે પણ ચોરીઓ થાય છે તેમાં તારો હાથ છે પરંતુ તે ચોરીનો સામાન કયાં છુપાવ્યો છે ?

'મહારાજ મેં ચોરેલો બધો સામાન મારા મિત્ર ઉંદરના દરમાં છુપાવ્યો છે.. શિયાળ બોલ્યું.'

'સારૂં.. સારૂં...! આટલું કહીને મહામંત્રી રીંછ ઉભા થયા. હવે શિયાળને શક પડયો.. તે ભાગવા ગયો ત્યાં જ ચારે બાજુ વૃક્ષોની પાછળ સંતાયેલા પ્રાણીઓ બહાર આવીને શિયાળને ચારે બાજુથી ઘેરી લીધું. બધાએ શિયાળને પકડીને બરોબર મેથીપાક જમાડયો.

બીજા દિવસે ઉંદરના દરમાંથી ચોરી કરવામાં આવેલ બધો જ માલ બરામદ થઈ ગયો. રાજાએ શિયાળ અને તેને મદદ કરનાર ઉંદરને જંગલમાંથી બહાર હાંકી કાઢયા.

આમ મહામંત્રી રીંછની સુઝબુઝથી શિયાળની ચોરી પકડાઈ ગઈ હતી.ફરી એકવાર જંગલમાં શાંતિ અને સંપનું વાતાવરણ છવાઈ ગયું.

**કમલેશ કંસારા**

# હરીલાલ શેઠ

સોનલ નગર નામનું એક નાનું ગામ હતું. આ ગામમાં હરી નામનો એક શ્રીમંત ખેડૂત રહેતો હતો. તેના પિતાએ તેને ખૂબ જ લાડકોડથી ઉછેર્યો હતો. પરંતુ તેના પિતા અચાનક અવસાન પામ્યા. ત્યારથી તેની આર્થિક સ્થિતિ દિવસે દિવસે બગડવા લાગી હતી.

મૂળ લાડકોડમાં અને પિતા-પ્રેમ મેળવી મોટો થયેલો હરી ખૂબ આળસું બની ગયેલો. તેથી તે સવારે ખૂબ જ મોડે મોડે પથારીમાંથી ઉઠે. નાહી-ધોઈ ખાઈ-પીને આરામ કરે. તેને કંઈ જ કામકાજ કરવાની મરજી જ ન થાય તેનો પશુપાલન અને ખેતીનો તમામ કારોબાર નોકરો સંભાળતા

હરીની મા તો તે નાનો હતો ત્યારે જ મૃત્યુ પામી ચુકેલી. ઘરમાં પત્ની હતી. તેનું નામ શાંતિ હતું. તેને ઘરની બગડતી આર્થિક સ્થિતિ માટે ચિંતા થવા લાગેલી. તે ખૂબ વ સમજુ હતી. તે આ બગડતી હાલતના કારણની બરાબર સમજ પડી ગયેલી. પરંતુ તે પોતાના પતિને કંઈ કહે તો તેની કોઈ અસર પતિ હરી પર થાય તેમ ન હતી. શાંતિને થયું કે, જો આમને આમ લાબું ચાલશે તો અવશ્ય ભીક્ષા માંગવાનો વખત આવશે. માટે આ અંગે ગંભીરતાપૂર્વક વિચારી આ સંકટમાંથી બહાર નીકળવા માટે યુક્તિ લડાવવી જ પડશે. આમને આમ વિચાર કરતા કરતા એક દિવસ હરીની પત્ની શાંતિને એક યુક્તિ સુઝી. તેણ એ યુક્તિનો તાત્કાલિક જ અમલ કરવાનું નક્કી કરી નાંખ્યું. તેણે પતિ હરીને કઈ રીતે વાત કરવી ? એ પણ બરાબર નક્કી કરી લીધું. તેને મનોમન થતું હતું કે, હરી ઉપર એ યુક્તિ અજમાવવાનું સારૂ પરીણામ મળશે કે કેમ  ?

એક દિવસ મોડે મોડે ઉઠેલા હરીને પત્ની શાંતિએ કહ્યું,"આજે આપણે ત્યાં એક મહાત્માજી આવ્યા હતા. તેમણે આપણી આર્થિક પરીસ્થિતિનું વર્ણન કરી દીધું. તેમણે વધુમાં કહ્યું કે, તારો પતિ ધારે તો તમારૂ આર્થિક સંકટ દૂર થઈ શકે તેમ છે "

"એમ ? પરંતુ મારે કરવાનું શું ?" હરીએ વિસ્મય પામતા પૂછ્યું.શાંતિએ જવાબ આપ્યો,"કશું જ નથી કરવાનું. દરરોજ સવારે ચાર વાગ્યે એક દૈવી પક્ષી આપણા વિસ્તારમાંથી ઉડતું ઉડતું નીકળે છે. તેના દર્શન જો હરીને થઈ જશે તો તમારા તમામ સંકટ વહેલી તકે દૂર થઈ ગયા સમજો!"

"પરંતુ સવારે ચાર વાગ્યે ઉઠવું કેમ ?" હરીએ પ્રશ્ન કર્યો. "આ તો હું તમને જગાડી દઈશ. પરંતુ બીજું તો કશું જ કરવાનું નથી માત્ર ઉઠીને ઘરની બહાર નીકળવાનું છે. આમ તો આ સાવ સામાન્ય બાબત જ છે. મારૂ માનવું છે કે તમારા માટે તે જરા પણ અશક્ય નથી" શાંતીએ હળવેકથી જવાબ આપ્યો હરી આ ઉપાય અવશ્ય અજમાવશે જ. તેવી તેને હવે પાકી ખાત્રી થઈ ચૂકી હતી. તેથી તેને પોતાની યુક્તિ સફળ થવા અંગે આશાનું કિરણ દેખાઈ રહ્યું હતું. હરીએ તરત જ કહ્યું."આવતી કાલે જ સવારે ચાર વાગ્યે મને જગાડી દેજે." શાંતિને તો એ જ જોઈતું હતું. તેણે કહ્યું તમને જગાડી દેવાની જવાબદારી મારી.

બીજા દિવસે વહેલી સવારે શાંતિએ પતિ હરીને જગાડી દીધો. હરી ઉઠીને તુરંત દાતણ લઈ મોઢાંમા નાખી ઘરની બહાર નીકળ્યો. આંગણાંમાં મગનો ઢગલો પડ્યો હતો તેમાંથી એક નોકર મગ પોતાની થેલીમાં ભરી અને ત્યાંથી લઈ જઈ રહ્યો હતો. તેને ખબર જ ન હતી કે, આજે શેઠ વહેલા ઉઠી ચૂક્યા છે. હરીએ તે નોકર ને મગની ચોરી કરતા પકડી લીધો. તેને ધમકાવી નાખ્યો. નોકરે ફરી ક્યારેય ચોરી ન કરવાની પ્રતિજ્ઞા લીધી. તેને જવા દીધો.

અચાનક તેને પોતાની ગાય-ભેંસો યાદ આવી. તેથી તે ગૌશાળા તરફ ગયો. ત્યાં તેણે દૂધની પણ ચોરી થતી પકડી લીધી. ગૌશાળા સંભાળતા નોકરો ગભરાઈ ગયા. તેમણે બધાયે માલિક હરીની ક્ષમા માંગતા હવે ફરી ક્યારેય આવું નહિં કરીએ, તેવી ખાત્રી આપી. આમ, પ્રથમ વખત ચોરી પકડ્યા પછી હરી તો પેલા મહાત્માજીએ પત્નીને કહેલું તે દેવપક્ષીની શોધમાં લાગી ગયો. તેની શોધ કરતાં કરતાં તે હરી તો પોતાની વાડી ઉપર પહોંચી ગયો. ત્યાં જઈને જોયું તો બધા જ નોકરો આરામ ફરમાવી રહ્યા હતા. જ્યારે આસપાસની બીજી વાડીઓમાં નોકરો તો પોતાના કામે લાગી ગયા હતા. પોતાની વાડીની સ્થિતિ જોઈ તે ભારે અચંબામાં પડી ગયો. તેણે એક બુમ પાડી કે તુરંત એક નોકર ઉઠી ગયો. તેણે આંખો ચોળતા-ચોળતા કહ્યું, "અલ્યા કોણ છે ? કેમ અમારી વાડીમાં ઘૂસી આવ્યો છે ? પરંતુ પછી સામે ધ્યાનથી જોયું તો ચાંદનીના આછા અજવાળામાં સામે માલિક હરી જ ઉભો છે તેની પાકી ખાત્રી થઈ ગઈ. તેણે પોતાના સાથી નોકરોને બૂમો પાડી જગાડવા માંડ્યું. અચાનક અને આમ જગાડવાનું શરૂ કર્યું એટલે તમામ નોકરો પણ ગભરાઈ ગયા.

બધાય નોકરોએ માલિક હરીને આવેલ જોઈ તેની સામે શરમથી ઉભા રહી ગયા પહેલાં તો હરીએ બધા જ નોકરોને ધમકાવી નાખ્યા. પરંતુ નોકરોએ પોતાની ભૂલ કબુલી લીધી. પ્રથમ જ ભૂલ હોઈ આ ભૂલની સજા ન કરવા માટે સૌએ વિનંતી કરી. તેની વિનંતીને માન્ય રાખી માલિક હરીએ સૌ નોકરોને કામે લાગી જવા આજ્ઞા આપી દીધી.

ત્યાર પછી દરરોજ વહેલી સવારે દેવ પક્ષીની શોધમાં નીકળી જતા હરીને દેવપક્ષીના તો દર્શન જ ન થયા. પરંતુ તેના નોકરો દ્વારા થતી ચોરીઓ બંધ થઈ ગઈ. સાથે સાથે નોકરો પણ ગંભીરતા પૂર્વક કામ કરવા લાગ્યા. આથી દિવસે દિવસે હરીના ઘરની આર્થિક સ્થિતિ સુધરવા લાગી. આથી તેની પત્ની શાંતિ પણ ખુશખુશાલ રહેવા લાગી. હરીની આળસ દૂર થઈ ગઈ.હરી ધીરે ધીરે શેઠ હરીલાલ બની ગયો.

**સાર :  આળસ ગરીબીનો રોગ આપે છે.**

**દેવેન કે.વ્યાસ, અંજાર**
**૯૮૨૪૨ ૦૨૧૫૫**

# અમારો દેશ ભારત છે

હજી અમને મહોબ્બત છે, અમારો દેશ ભારત છે
આ વૈભવ આ જમાવટને, મુબારક રોશની તમને
ગરીબીમાં ગુજારી તોય, વ્હાલી જીંદગી અમને
ભલે દિવાનું અજવાળું અમારે તોય જન્નત છે...
હજી અમને મહોબ્બત છે અમારો દેશ ભારત છે..
ભલે લાખો અહીં બીમાર ને બેકાર રખડે છે
ધરીને શ્વેત વસ્ત્રો રોજ, ભ્રષ્ટાચાર રખડે છે
અમોને તોય ના ફરીયાદ અમારી એ શરાફત છે
હજી અમને મહોબ્બત છે અમારો દેશ ભારત છે
છે આ વૈજ્ઞાનીકો, કવીઓ ફકીરો સંતની ભૂમિ
છે આ વિદ્વજજનો સર્જકો ને સાચા પંથની ભૂમિ
છતાં એ ચેતનાઓને સમજવાની કયાં ફુરસત છે ?
હજી અમને મહોબ્બત છે અમારો દેશ ભારત છે..

**સાંઈરામ દવે**

# કવિતામાં

સરળ સાદા શબ્દોને સવારૂં છું કવિતામાં
હૃદયની સાચી લાગણીઓને ઉતારૂં છું કવિતામાં
તાકાત પરવાઝની એ જ સમારૂં છું કવિતામાં
મનની પાંખ અને આંખ પ્રસારૂં છું કવિતામાં
રંગીન ખુશ્બુદાર ફુલો સદા નિહાળું છું કવિતામાં
ઈશ્વર, ખુદાએ વિચારેલું ઉતારૂં છું કવિતામાં
જીવનની હરપળ સુવાળી ગુજારૂં છું કવિતામાં
જમાનાના દર્દોના ઉપાયો શોધું છું કવિતામાં
હેતના હીંડોળે સતના જશ્ન રેલાવું છું કવિતામાં
વિરહની વેદના દુઃખના દરીયા અદા કરૂં છું કવિતામાં
પથ્થર જેવા દિલને પીગળાવું છું કવિતામાં
વગડાના ફુંકાતા વાયરા કંડારૂં છું કવિતામાં
આફતની આંધીના પોકારો પ્રસરાવું છું કવિતામાં
લાગણીઓના બંધનને સત્કારૂં છું કવિતામાં
સિફત હું જમાનાની સાથે સુધારૂં છું કવિતામાં
વીરા સૌના વિકાસને પ્રસરાવું છું કવિતામાં

**વીરાભાઈ સી.ચાવડા** (કાણોદર)

# ગજલ

લીલેરૂં પાન ડાળેથી તુટતું રહ્યું , , ,
હંમેશા કંઈ ને કંઈ છુટતું રહ્યું . . .
જોયા અગણિત સંબંધો દુનિયામાં , , ,
દરેક સંબંધમાં કંઈક ખુટતું રહ્યું . . .
શોધતું રહ્યું મન ખુલ્લું આસમાન , , ,
પંખી પાંજરામાં આમતેમ ઉડતું રહ્યું . . .
ઉપાડયા અઢળક ફૂલ છોડ બગીચામાં , , ,
આવી ભ્રમર ફૂલોનો રસ ચુસતું રહ્યું . . .
જ્યાં જોયું ત્યાં મળ્યા સ્વાર્થના ઢગલા , , ,
"નવિન"લાગણીઓના નામે કૈં ખુચતું રહ્યું . . .

**સંકલનઃનવિન એ.દોશી પાલડી-મીઠી**

# ખાલી કર હતા..!

કોરા એ આવકાર હતા ખાલી કર હતા
ભીના નયન હતા છતાં શબ્દો ઠઠર હતા
ભુલાય એનું નામ ભલે એ સુખીરહે
મારી દુઆના રાત દિ શબ્દો અમર હતા
મંજીલ સદાએ લાગતી જાણે કે ઢુકડી
કીંતુ મીલનના માર્ગએ કેવા જબર હતા
આંખોનું તેજસાવ હવે ઓસરી ગયું
જીવનની ઢળની સાંજના યુસુફ એ ઘર હતા

**યુસુફ ગુંજાવી**

# તૂટેલો પોપટ

આપણું ગુજરાત રાજ્ય.

તેમાં ચરોતરની ચારૂભૂમિ પર આવેલ

ડાકોર નામનું એક ગામ.

એ યાત્રાનું ધામ.

રોજ રોજ નવાં નવાં લોકો અહીં આવે.

મોટેરાંઓ સાથે બાળકો પણ આવે.

બાળકો માટે રમકડાંવાળો આવે.

આવા જ એક રમકડાવાળાની આ વાત છે. તેનું નામ હતું રામુ રમકડાંવાળો. જાતજાતનાં અને ભાતભાતનાં રમકડાં એ વેચતો. મેના..પોપટ..ચકલી જાણે બધા પંખીઓનો મેળો.

રડતાં બાળકો પણ આ રંગબેરંગી રમકડાં જોઈ ખુશ થઈ જાય. બાળકોને હસતાં જોઈ રામુ પણ ખુબ હરખાય.

પરંતુ સાંજ ઢળે અને કીલકીલાટ કરતાં પંખીમાળામાં જઈ જંપી જાય તેમ બાળકોનો મેળો વિખરાઈ જાય અને વાતાવરણ બધું શાંત થઈ જાય. ત્યારે ધર્મશાળાને ઓટલે બેઠેલા રામુને એકાંત અકળાવી મુકે. અને તે નિરાશ બની જાય અને ત્યારે તેને પોતાનો ભૂતકાળ યાદ આવી જાય.

ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે રામુ ત્યારે એક મીલમાં કામ કરતો હતો. અને મજુરોની ચાલીમાં રહેતો હતો. ચાલીની એક નાની  ખોલીમાં વસતા રામુના કુટુંબમાં રામુ તેની પત્ની રાધા અને પુત્ર મોહન એમ ત્રણ જણાં હતાં. તેની આવક ખુબ ટુંકી હતી. રામુ રોજ સવારમાં જમવાનું ટીફીન સાથે સાયકલ ઉપર મીલમાં જતો.

એક દિવસની વાત છે. રામુ સાયકલ લઈ મીલમાં જવા રવાના થયો ત્યારે નાનકડો મોહન તેની સાયકલ ઉપર ચડી બેઠો. અને કહો.'બાપુ હું પણ તમારી સાથે મીલમાં આવીશ.'

'ના, દિકરા તારે ત્યાં મીલમાં ન અવાય.

'કેમ બાપુ ?'

'તારે હમણાં ભણવાનું છે.'

'બાપુ પણ તમે મને પોપટ લાવી આપો તો જ હું નિશાળે જઈશ.' હઠ લેતા મોહન બોલ્યો.

'કેવો પોપટ ?'

રમકડાંનો, પેલો જીતુ લાવ્યો છે તેવો.'

'સારૂ બેટા, તું ભણી ગણીને તૈયાર થા, હું તને રમકડાંનો પોપટ જરૂર લાવી આપીશ.' રામુએ કહ્યું.

'ના બાપુ તમે મને બનાવો છો, હવે તો જ્યાં સુધી પોપટ લાવી ના આપો, ત્યાં સુધી નિશાળે જવાનો નથી ? રડવા જેવું મોં કરી મોહન બોલ્યો.

'સારૂ લાવી આપીશ.' એમ કહી સાયકલ લઈ રામુ ચાલતો થયો.

રામુએ આખો દિવસ મીલમાં કામ કર્યું.  કામ કરતાં કરતાં તે થાકી ગયો મીલની પાળી છૂટી એટલે તે સાયકલ લઈ સીધો ઘર તરફ ઉપડ્યો. રસ્તામાં  તેને મોહને માગેલો પોપટ યાદ આવ્યો. તે એક રમકડાવાળાની દુકાન પાસે જઈ ઉભો રહ્યો.

'ભાઈ આ પોપટની શું કિંમત છે ?' રામુએ પૂછ્યું.

'સવા રૂપીયો' ! રમકડાવાળાએ જવાબ આપ્યો.

'એટલા બધા હોય ? આ તો માટીનો પોપટ છે.'

'ભાઈ, તારે લેવો તો લે. કેવી મોંઘવારી છે તે જોતો નથી ? મનેય પોસાવું તો જોઈએ ને?' રમકડાવાળો બોલ્યો.

રામુએ ગજવામાં હાથ નાંખ્યો.તો માત્ર એંસી પૈસા હતા. તેને પસ્તાવો થવા લાગ્યો કે સવારે મીલમાં જતાં તેણે બીડી બોક્સ ખરીદયાં ન હોત તો મોહન માટે તે પોપટ જરૂર લઈ જઈ શક્ત. પરંતુ હવે શું થાય ?'

રામુ નિરાશ વદને ધીમે ધીમે સાયકલ ચલાવતો ઘર તરફ જવા લાગ્યો.સાંજ ઢળીચૂકી હતી. ટ્યુબ લાઈટના અજવાળે ચાલતી સાયકલથી રામુનો પડછાયો, ઘડીક આગળ ને ઘડીક  પાછળ જતો દેખાતો હતો. રામુ પણ હવે શું કરવું તે વિષે વિચાર કરતો કરતો સાયકલ ચલાવતો ચલાવતો ચાલીમાં પ્રવેશ્યો. સામે છોકરાંઓ ભેગો રમતો મોહન દોડી આવ્યો અને બોલ્યો.

'બાપુ... બાપુ..'

'હાં બેટા, આવ' કહી રામુએ મોહનને તેડી સાયકલ ઉપર બેસાડ્યો. મોહને તુરત પુછ્યું.

'બાપુ તમે પોપટ લાવ્યા ?'

'ના, દિકરા કાલે જરૂર લાવી આપીશ.'

'ના બાપુ તમે મને રોજ રોજ એવું જ સમજાવો છો, મને તો અત્યાર જ પોપટ જોઈએ' એમ કહી  મોહન રડતો રડતો સાયકલ ઉપરથી નીચે ઉતરી ગયો.

રામુએ આંગણામાં સાયકલ મૂકી ઘરમાં પ્રવેશ કર્યો. તેની પત્ની રાધા તેની રાહ જોતી ઉભી હતી.

રામુને જોઈ તરત તે બોલી ઉઠી'તમે આવી ગયા ? સારૂં થયું. આજે તો મોહને  મને ખૂબ કવરાવી  દીધી છે. હઠ લઈને બેઠો છે. ?'

'પણ શું થાય, પૈસા છે નહીં. પગારને હજુ વાર છે.' રામુએ નિરાશ વદને કહ્યું.

એવામાં મોહન રડતો રડતો ઘરમાં પ્રવેશ્યો. અને રાધાને કહેવા લાગ્યો.

'માં, બાપુએ સવારે કહ્યું હતું તો યે પોપટ લાવ્યા નહી..એ.. એ..એ કરી રડવા લાગ્યો.

રામુએ ગુસ્સે થઈ તેને એક તમાચો લગાવી  દીધો રડતો રડતો મોહન બહાર જતો રહ્યો.

તે ચાલતો ચાલતો બજારમાં આવ્યો અને રમકડા-વાળાની દુકાન પાસે જઈ ઉભો રહ્યો. તેને ઘણીાર ઉભેલો જોઈ દુકાનવાળાએ પૂછ્યું.

'એય છોકરા શું જોઈએ છે ?''મારે પોપટ લેવો છે' મોહને કહ્યું.

"તો જા.. પૈસા લઈ આવ"

મોહન પોતાના ગજવામાં હાથ નાખ્યો પણ કંઈ મળ્યું નહીં. તે ખૂબ જ નિરાશ થઈ ગયો. એટલામાં સામે એક ગોટાવાળાની દુકાન તેણે જોઈ, ગોટા એટલે ભજીયાં ડાકોરના ગોટા ખૂબ જ વખણાય છે. આ ગોટાવાળો ગોટા તળતો હતો. તેનું ધ્યાન  કડાઈ તરફ હતું. ત્યાં એક કાગડો આવ્યો અને ગોટાના ભરેલા ખૂંમચામાંથી એક ગોટો ઉઠાવી  ગયો.

આ જોઈ મોહનને હિંમત આવી. તે ફરી રમકડાં વાળાની દુકાન પાસે ગયો ઝપટ મારી એક પોપટ ઉઠાવી લીધો. પછી તે રસ્તા ઉપર દોડવા લાગ્યો. પેલો રમકડાંવાળો  તેને પકડવા પાછળ દોડયો. એટલે મોહને દોડતાં દોડતાં પોપટ ફેકી દીધો. માટીનો પોપટ તૂટી ગયો. તે સાથે જ ભાગવા જતાં મોહન એક વાહનની હડફેટ આવી ગયો.

રમકડાંવાળો તૂટેલો પોપટ લઈને ઊભો ઊભો કહેતો હતો કે'એ છોકરાએ મારો પોપટ તોડી નાંખ્યો !' ત્યારે મોહનને શોધવા આવેલા  રામુ મોહનને વાહનથી ચગદાયેલા જોઈને બોલી ઉઠયો,'ભાઈ, તારો પોપટ તૂટી ગયો, પણ મારો એકનો એક દીકરો રૂઠી ગયો એનું શું?' એમ  કહી ચોધાર આસુંડે રડવા લાગ્યો.

આ બનાવ બન્યા પછી રામુએ મીલની નોકરી છોડી દીધી. અને પોતે રમકડાં બનાવવાનું શિખ્યો. પછી તો તે માટીનાં સુંદર રમકડાં બનાવી વેચવા લાગ્યો. જ્યારે તેની પાસે કિલકિલાટ કરતાં બાળકો રમકડાં લેવાં આવતાં ત્યારે તેમને જોઈ રામુને તેમાં પોતાનો મોહન દેખાતો. તેથી તે ખૂબ ખુશ થઈ જતો. અને જો કોઈ બાળકને તેનાં મમ્મી પપ્પા રમકડાં ન લઈ આપે અને બાળક રડવા લાગે તો તે બાળકના હાથમાં મફત રમકડું પકડાવી દેતો. બાળકો જે પૈસા આપે તે લઈ લેતો. આમ, રામુ રમકડાવાળો બાળકોને ખૂબ જ પ્યારો થઈ ગયો! **નટવર હેડાઉ**

## ડીસા કોલેજ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

ફંડ એકત્રિત કરી લાવવામાં આવેલ આ ધાબળા અને ગરમ કપડાનું વિતરણ રાત્રે ૯-૦૦ થી ૧૨-૦૦ દરમ્યાન ડીસા નગરને ત્રણ રૂટમાં વિભાજીત કરી એન.એસ.એસ.ના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. વિતરણ કાર્યક્રમમાં કોલેજના પ્રાધ્યાપક ડૉ.ભાનુભાઈ પટેલ અને ભારત વિકાસ પરિષદના મંત્રી જયેશભાઈ દેસાઈ પણ સાથે જોડાયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા એન.એસ.એસ. ના સ્વયંસેવક અવિનાશ ચૌધરી, મનોજ પરમાર, અરવિંદ પરમાર, કેયુર પ્રજાપતિ વગેરે વિદ્યાર્થીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

## દશનામ ગોસ્વામી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ખાતે સ્વાગત સમારંભ યોજાશે. શિવરથ સ્વાગત સમારંભ સફળ બનાવવા પાલનપુર-વડગામ ચાર જલા દશનામ ગોસ્વામી સમાજ તથા સમાજના તમામ સંગઠનો દ્વારા કાર્યક્રમ સફળ બનાવવા ચક્રો ગતિમાન કરાયા છે.

## વિરાટ છ'રી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ માળા ત્રીજા ભવે મોક્ષનું રીઝર્વેશન કરાવે છે. તથા આ સુકૃત જીવનમાં ૧૦૮ સુકૃતોનું પ્રતિક બને માટે ૧૦૮ ગોટાની તીર્થમાળા પહેરાવામાં આવે છે. તેમ આચાર્ય રશ્મિરત્નસૂરિજીએ કહ્યું ત્યારબાદ 'ઓમ પુણ્યાહં પુણ્યાહં પ્રહન્તામ્ પ્રહન્તામ્' ના નાદ સાથે દાદાની ધજાઉછળતા હૈયે ચઢી. આંખમાં અમી અને અવિસ્મરણીય યાદ સાથે યાત્રિકોએ પોતાના ઘર તરફ પ્રયાણ કર્યું.

## જીએનએફસીએ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ઉપરાંત અન્ય ૧૦૦ જેટલા લેન્ડલુઝર્સને પણ તેમના વતનથી દુર ટ્રાન્સફર કરવાની વાત હાથ ધરાઈ છે. રહિયાદના આગેવાન ફતેસિંહ ગોહિલ તેમજ અન્ય આગેવાનોએ ભરૂચ જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી રજૂઆત કરી છે કે, કંપની દ્વારા લેન્ડ લુઝર્સોને હેરાન કરવા માટે ખોટી રીતે ટ્રાન્સફર કરવામાં આવી છે. અન્ય જિલ્લાઓમાંથી જીએનએફસીના પ્લાન્ટમાં કામ કરવા આવતાં કર્મચારીઓને તેમના વતનનો લાભ આપવાને બદલે સ્થાનિક લેન્ડ લુઝર્સોએ કરેલાં આંદોલનની રીસ રાખી તેમને હેરાનગતિ કરવા માટે તેમને વતનથી ૩૦૦ કિમી દુર મોકલવામાં આવી રહ્યા છે.

## ડીસા ખાતે નવા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જિલ્લા પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા, જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવે, કાંકરેજ ધારાસભ્ય કિર્તિસિંહજી વાઘેલા, એ.પી.એમ.સી. ડીસાના ચેરમેન માવજીભાઈ દેસાઈ, ગુજરાત વેર હાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનભાઈ માળી, ભાજપ આગેવાનો લેબજીભાઈ ઠાકોર, લાલજીભાઈ પ્રજાપતિ, વિજયભાઈ ચક્રવર્તી, માલજીભાઈ કોદરવી, પૂર્વ ભાજપ પ્રમુખ મહેશભાઈ દવે, ગુજરાત પ્રદેશ બક્ષી મોરચો પ્રમુખ દિનેશભાઈ અનાવાડિયા, ડીસા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળી, જિલ્લા ભાજપ મહામંત્રીઓ અમૃતભાઈ દવે, ભારતસિંહ ભટેસરીયા, ઉમેદદાન ગઢવી સહિત બનાસકાંઠા જિલ્લા ભાજપ તેમજ ડીસા શહેર અને ડીસા તાલુકા ભાજપના અનેક પદાધિકારીઓ આગેવાનો અને કાર્યકરો ખાસ ઉપસ્થિત રહેનાર છે.

સમગ્ર કાર્યક્રમની સફળતા માટે સ્વાગત સમિતિના સભ્યો સર્વ મગનભાઈ માળી (ડીસા વિધાનસભા ઈન્ચાર્જ), દિનેશભાઈ અનાવાડીયા, પૂર્વ ભાજપ પ્રમુખ મહેશભાઈ દવે, ડીસા શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ, મહામંત્રીઓ ચેતનભાઈ ત્રિવેદી અને અશોકભાઈ પટેલ, ડીસા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળી, ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજીભાઈ ઠાકોર, મહામંત્રીઓ બાબરસિંહ વાઘેલા અને રમેશભાઈ દેસાઈ તેમજ આગેવાનો સર્વ રસિકજી ઠાકોર (સાવિયાણા), રમેશભાઈ સ્વાતી, શાંતુજી વાઘેલા, નિર્મલપુરીજી મહારાજ, ભગવાનભાઈ બંધુ, સંજયભાઈ ગેલોત, અતુલભાઈ પહેલીવાળા, રમેશભાઈ જોષી, ભરતભાઈ ધૂંખ, દિલીપભાઈ ઠરિયાણી, નિલેષભાઈ ઠક્કર, વિજુભા વાઘેલા, ડાયાજી ઠાકોર, રાજુભાઈ ઠાકોર, મનીષભાઈ ટાંક, રાજુભાઈ બી. ઠક્કર, કાંતિલાલ સોની, કનુભાઈ વ્યાસ, હાથીભાઈ વાઘેલા, ભરતજી ઠાકોર (રસાણા), પ્રવિણભાઈ નાઈ, મેહુલભાઈ જોષી, ભુરાભાઈ પઢિયાર સહિત અનેક કાર્યકરો નિષ્ઠાપૂર્વક મહેનત કરી રહેલ છે. પ્રખર હિંદુત્વને વરેલા શશીકાંતભાઈ પંડ્યાની જવલંત જીતથી સમગ્ર હિંદુ સમાજમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે. ત્યારે તેમના સન્માન સમારોહમાં પણ ડીસા નગર અને ડીસા તાલુકાની સમસ્ત હિંદુ સમાજની તમામ જ્ઞાતિઓના આગેવાનો ગૌરવભેર હાજરી આપીને ખુબ જ પ્રેમપૂર્વક શશીકાંતભાઈને સન્માનિત કરનાર છે. ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાને પણ ડીસા શહેર અને ડીસા તાલુકાની પ્રજાએ ખોબલે ખોબલે વોટ આપીને સારી બહુમતિથી જીતાડતાં ધારાસભ્ય પણ સૌ પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરી હરહંમેશાં પ્રજાના સેવાકાર્યો માટે જાગૃત રહેવાની અને તાલુકાના વિકાસ માટે શક્ય તેટલું બધું જ કરી છુટવાની ખાત્રી આપનાર છે. ડીસા શહેર અને ડીસા તાલુકાના તેમજ બનાસકાંઠા જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના તમામ મોરચાઓના હોદ્દેદારો અને સભ્યો પણ આ અવસરે ખાસ ઉપસ્થિત રહેનાર છે.

## ડીસામાં ટ્રાફિક...

પાના નં .૮ ચાલુ

ગલ્લા, રીક્ષાવાળા અને ખાનગી વાહનો દ્વારા બથામણીયો કબજો કરાતા બન્ને સાઈડના સર્વિસ રોડ બ્લોક થઈ ગયા છે. જેના કારણે વારંવાર ટ્રાફિક જામ થાય છે અને નાના-મોટા અકસ્માતો પણ સર્જાય છે. ત્યારે આ દબાણો દૂર કરવાની અને સર્વિસ રોડ ખુલ્લા કરવાની જવાબદારી રાજ્ય સેવક તરીકે નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓ, ડીસા નગર પાલિકાના ચીફ ઓફિસર, ડીસા ઉત્તર પોલીસ સ્ટેશન અને ડીસા દક્ષિણ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર વગેરેની ગણાય છે. જોકે આ તમામ અધિકારીઓ પોતાની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ ગયા હોઈ તેમજ તેઓની નૈતિક જવાબદારી બનતી હોય આ મામલે તેમની જવાબદારી ફિક્સ કરી કાયદેસરની કાર્યવાહી કરવા ડીસા ટ્રાફિક નિયમન કમિટી દ્વારા ડીસાના સબ ડિવિઝન મેજિસ્ટ્રેટની કોર્ટમાં લેખિત ફરિયાદ રજૂ કરવામાં આવી છે. શુક્રવારે ડીસા ટ્રાફિક નિયમન કમિટીના સભ્યોએ નાયબ કલેકટરને લેખિત ફરિયાદ રજૂ કરી હતી.

આ અંગે કમિટીના લીગલ એડવાઈઝર રાજેન્દ્ર ચૌહાણે જણાવ્યું હતું કે, કમિટી દ્વારા છેલ્લા ઘણા સમયથી જિલ્લા પોલીસ વડા, ડીસા ઉત્તર, ડીસા દક્ષિણ પોલીસ મથક તેમજ મુખ્યમંત્રી ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં વિવિધ અરજીઓ ફરિયાદ કરેલ છે. જોકે કોઈ કાર્યવાહી ન થતાં ડીસા શહેરી વિસ્તારમાં ટ્રાફિકની ગીચતા દૂષણ બની ગઈ છે. જાહેર રસ્તા ઉપર દબાણદારોનો રાફડો ફાટ્યો છે. જેથી ટ્રાંફીક સમસ્યા તેમજ અકસ્માત નોતરે છે. જ્યારે આ તમામ અધિકારીઓ પોતાની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ ગયા છે. જેથી તેઓની સામે સીઆરપીસી કલમ ૧૩૩ મુજબ કાર્યવાહી કરવા ટ્રાફિક નિયમન કમિટી દ્વારા લેખિત ફરિયાદ કરવામાં આવી છે.

## માનપુરા નર્મદા...

પાના નં .૮ ચાલુ

મિત્ર જાનારામ, પત્ની સીતાબેન સાથે મળી પ્લાસ્ટીકની દોરી વડે ગળે ફાંસો આપી વિમળાબેનનું મોત નિપજાવ્યું હતું.અને ત્યારબાદ ગાડી થરાદથી નર્મદા મુખ્ય કેનાલ પર ચલાવી દીઓદરના માનપુરા (ધુ) પાસે તા.૨૩ ડીસેમ્બરના રોજ વહેલી સવારે નર્મદા કેનાલ પર લાશને ત્રણેય જણા સાથે મળી ફેકી દીધી હતી.

## ભાભરના તબીબ...

પાના નં .૮ ચાલુ

દવાખાને હોબાળો મચાવતા તબીબની પત્નીએ આવીને મહિલા દર્દી અને તેના સગાઓને કહેલ કે અહીંથી જતા રહો નહીતર જાનથી મારી નાખીશું તેવી ધમકી આપતા મામલો વધુ ગરમાયો હતો. પોલીસને જાણ થતાં પોલીસ દવાખાને દોડી આવીને લોકોને દુર કર્યા હતા. અને પતિ- પત્નીને પોલીસ મથકે લઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં દર્દી મહિલાના સંબંધીઓ પોલીસ મથકે દોડી આવતા મોડી રાત્રે તબીબ અને તેની પત્ની સામે છેડતી અને જાનથી મારી નાંખવાની ફરિયાદ નોંધતા પંથકમાં ચકચાર મચી છે.

ત્યારબાદ મોડી રાત્રે ક્રોસ ફરિયાદ તબીબની પત્ની જેઓ પ્રદેશ ભાજપના મંત્રી છે. તેમણે ફરિયાદ નોંધાવતા મામલો વધુ ચર્ચાના ચગડોળે ચડ્યો છે. જેમની ફરિયાદની હકીકત એવી છે. કે ગઈકાલે તેના તબીબ પતિ દવાખાને હતા. ત્યારે તેના પતિ સામે ખોટો આક્ષેપ કરતા તેઓએ આવુ ન કરવા કહેતા મોબતજી ભેમાજી ઠાકોર, દિનાજી ખરખાજી ઠાકોર, રમેશજી ભેમાજી ઠાકોર, મહેશભાઈ બેચરભાઈ ઠાકોર (તમામ રહે. લાડુલા તા. ભાભર) એકદમ ઉશ્કેરાઈ જઈ ભૂંડી ગાળો બોલીને તારા પતિએ અમારી વહુની છેડતી કરીને ઈજ્જત લેવાની કોશિષ કરી છે. તેથી તારી છેડતી અમારે કરવી છે. તેવુ કહીને ધસી આવીને માર મારેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## થાવર ખાતે ...

પાના નં .૮ ચાલુ

પોલિસે તેના સગાસબંધીઓને જાણ કરી હતી અને લાસ ને પોસ્ટમોટમ માટે ધાનેરા સરકારી હોસ્પીટલ ખાતે લવાઈ હતી. બાઈક તેમજ સ્કોર્પિયો ગાડીને પોલીસ મથકે લવાયા હતા. આ અંગેની ફરીયાદ મોડે સુધી ધાનેરા પોલિસ મથકે નાંધાવા પામી ન હતી.

## પાલનપુરમાં અપહરણ...

પાના નં .૮ ચાલુ

જી.જે.૨૩.એમ. ૯૧૭૦માં અપહરણ કરી ગયા હતા. આ અંગે કનુભાઈ ખેતાભાઈ રાવળે પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા જિલ્લા પોલીસવડા નીરજ બડગુજરની સૂચનાથી પશ્ચિમ પીઆઈ આર.કે. સોલંકીએ સ્ટાફ સાથે ઓપરેશન હાથ ધરી ડીસા નજીકથી ચારેય આરોપીઓને ઝડપી લીધા હતા અને અપહ્યત યુવકનો હેમખેમ છુટકારો કરાવ્યો હતો. આ અંગે પોલીસે ચારેય શખ્સો સામે ગૂનો નોંધ્યો હતો. જેમાં ચોથા આરોપી શૈલેષકુમાર જયપ્રકાશભાઈની અટકનો જાણી જોઈને ઉલ્લેખ કરવામાં આવ્યો નથી કે પછી ભૂલથી રહી ગઈ છે તેને લઈ અનેક શંકા-કુશંકાઓ જન્મી છે. આ શખ્સની ઓળખ છુપાવવા માટે કેટલાક મોટામાથાઓ દ્વારા પોલીસને વ્યવહાર પણ કરવામાં આવ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ત્યારે જિલ્લા પોલીસવડા આ દિશામાં તપાસ કરી જવાબદાર પોલીસકર્મી સામે પગલા ભરે તેવી લાગણી પ્રવર્તી રહી છે.

## વડગામ આંગણવાડી...

પાના નં .૮ ચાલુ

મકાન જર્જરીત થતાં વિભાગ દ્વારા નિયમ મુજબ 'કન્ડમ' કરી જમીનદોસ્ત કરાયું હતું, પરંતુ મકાન ઉતાર્યાને અંદાજે ચાર વર્ષપુર્ણ થયાં છે છતાં આઈ.સી.ડી.એસ વિભાગ દ્વારા નવિન મકાન બનાવવામાં આવેલ નથી જેથી ૦ થી ૫ વર્ષના ૬૦ ભૂલકાંઓનું ભાવી જોખમાયું છે, અત્યારે આંગણવાડી કેન્દ્ર-૧ ભાડાના મકાનમાં ચલાવવામાં આવે છે તેવું આંગણવાડી કેન્દ્રના સંચાલક હીરલબેન ટી.સિસોદીયા અને તેડાગર જશીબેન એમ. ઠાકોરે જણાવ્યું હતું.

અત્યારે મકાનનો સ્થળ ઉપર નિકાલ કરાયો હોવા છતાં આઈ.સી.ડી.એસ વિભાગ દ્વારા યુજીવીસીએલ નું લાઈટ કનેકશનનું ભાડું અથવા ચાર્જ અને મકાન ભાડું આંગણવાડી કેન્દ્ર નં-૧ ના ફરજ પરના કર્મચારી પાસેથી જ ચૂકવવામાં આવતું હોવાનું જાણવા મળ્યું છે. સંકલિત બાળ વિકાસ યોજના બનાસકાંઠા જિલ્લાના પ્રોગ્રામ ઓફીસર આ અંગે ઘટતું કરી તાત્કાલિક આંગણવાડી કેન્દ્રનું મકાન બનાવી આપવા તજવિજ હાથ ધરે તેવી ગ્રામજનોએ માંગ કરી છે આ અંગે ઉચ્ચકથાએ રજુઆત કરવામાં આવી છે.

## જમડાની ...

પાના નં .૮ ચાલુ

જાણ કરી મુળ માલિકને બોલાવી હાથોહાથ પરત કરવામાં આવ્યાં હતાં.જોકે માલિકે ખુશ થઈને બાળાને રોકડ ઈનામ આપીને પ્રોત્સાહિત પણ કરવામાં આવી હતી.પરંતુ એક ગરીબ પરિવારની દિકરીની આવડી નાની ઉંમરમાં પ્રામાણિકતા પ્રશંસાપાત્ર બનવા પામી હતી.શાળા પરિવારે પણ તેમની વિધાર્થીનીની આવી પ્રામાણિકતા બદલ ગર્વ અનુભવી તેને ગૌરવપુર્ણ શબ્દોમાં બિરદાવવામાં આવી હતી.ભુમિકાની આ પ્રામાણિકતા ગામમાં પણ પ્રશંસા તેમજ શાળાના અન્ય બાળકોને પ્રેરણાનું ઉદાહરણ બનવા પામી હતી.

## લાખણી નજીક...

પાના નં .૮ ચાલુ

માજીરાણા રહે.જસરા, ધારશી મોહન ઠાકોર રહે.કોટડા, કાંતિજી રૂપસિંજી માજીરાણા રહે. જસરા, નેમાજી રૂપાજી ઠાકોર રહે. લાખણીવાળાઓ પાસેથી રોકડ રૂપિયા ૧૨,૮૬૦ તથા મોબાઈલ નંગ ૧ કી.રૂ. ૫૦૦ તથા કેલ્ક્યુલેટર ૧ કી. રૂ.૫૦ જુગારના સાહિત્ય સાથે એમ કુલ કી.રૂ ૧૩,૪૧૦ નો મુદામાલ રાખી પોલીસ રેઈડ દરમ્યાન વરલી મટકાનો જુગાર રમી રમાડતા મળી આવેલ હોય સદરે વિરૂધ્ધ આગથળા પો.સ્ટે. કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૦૦૦-૩૯૩૦૦**
રૂપુ કાચું ૩૮૯૦૦-૩૯૩૦૦
સોનુ તોલો ૩૦૧૦૦-૩૦૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૨૦**
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૩૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી. ૧૫૫૦-૧૯૨૦
સીંગતેલ ૧૫ લી.૧૫૫૦
સીગતેલ ૫ લી. ૫૦૫
તિરૂપતી કપા. ૧૨૫૦
૫ લીટર ૩૯૫
વનસ્પતિ ઘી ૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો ૩૨૦૦
૫ કે. કોપરેલ૧૧૭૦
૫લી. અંકુર સીંગતેલ ૫૦૫
**૧૫ લીટર સનફલાય ૧૨૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૫૨૦
૨ લી. ૧૯૮
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ.** ૩૫૦૦-૩૫૭૦
**ખાંડ એમ.** ૩૫૦૦-૩૬૫૦
ખાંડએલ. ૩૭૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગઠ્ઠા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૧૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૯૦૦-૧૧૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૬૦-૨૦૦
સુકી ડુંગળી ૭૦૦
લસણ ૫૦૦-૭૦૦
ધાણા ૩૦૦
મરચાં ૪૦૦-૬૦૦
લીંબુ ૩૦૦-૩૬૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૧૪૦-૧૬૦
ભીંડા ૮૦૦-૯૦૦
કોબી ૧૮૦-૩૦૦
વટાણા ૫૦૦-૬૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૧૦૦૦-૧૨૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
તુરીયા ૩૦૦-૬૦૦
તુવેર ૬૦૦-૭૦૦

## જીંદગી

માયાના વમળોમાં આ જીંદગી બદલાઈ ગઈ
સાચા સાથીની શોધમાં આ જીંદગી ફેરવાઈ ગઈ
સુખ દુખના સંગમમાં આ જીંદગી વહેચાઈ ગઈ
ઝાકળના બીંદુમાં આ જીંદગી સમાઈ ગઈ
અશ્રુની ધારા સમી આ જીંદગી મૂર્છાઈ ગઈ
કરૂણા દયા ભાવમાં આ જીંદગી છવાઈ ગઈ
સુક્ષ્મ કણની માફક આ જીંદગી લુંટાઈ ગઈ
સમયના સથવારે આ જીંદગી અલ્પ થઈ ગઈ
જીવનની ક્ષણીક ઘડીઓ લુપ્ત થઈ અકળાઈ ગઈ
રાત દિનના ચક્રમાં પરમાર્થની આ જીંદગી સમેટાઈ ગઈ

**સંકલન :પરમાર રમેશભાઈ એસ.**
(માડકા)

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

### 'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

### જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ....................................................
સરનામુ : ....................................................
મોકલનારની સહી : ..........................................

## હું

(છંદ:-ગાલગાગા લગાલ ગાગાગા)
હોય વર્ષો પુરાત એવી તે,
યાદ માં કોઈની પડ્યો છું હું.
કોણ જાણી શકે અહીયા જે,
જીવતી લાશ થી લડ્યો છું હું.
આશરો તેમનો હંમેશા એ,
આંખને ભીંજવી નડ્યો છું હું.
જિંદગી માં જરાક હસી ને,
એકલો એકલો રડ્યો છું હું.
કાવ્ય દ્વારા બયાન મારું કે,
આમ જે-તે રસ્તે ચડ્યો છું હું.
હાં કપાયેલ ફૂલ તેવા રે,
મંદ તાપે તપી સડ્યો છું હું.
શોધવા ક્યાંક નીકળેલો લે,
આજના દાયકે જડ્યો છું હું.

**-હર્ષ વાઘેલા ('અલગ' વાવેચી)**

## પ્રેમ અમર છે

માણસ અંધ થયો છે આજે
પ્રેમ આંધળો કહેવો શાને ?
પંથ પ્રેમનો હો કાંટાળો
માનવી હોજો કામ પિપાસુ
ભઈલો એવાને કહેવું શું ?
દોષ પ્રેમને આપે એ તો
અંગે એવાની રહેવું શું ?
દુનિયા સારી પ્રેમ દિવાની
લાગે ભાસે એ મસ્તાની
ભલે પ્રેમના ગાયે ગાણાં
તેમ છતાંયે આની જાની
કામવાસના ક્ષણભંગુર છે
પ્રેમ અમર છે ને અતી પાવન
મહીમા એનો જગમાં ન્યારો
સદા, સર્વદા એ મનભાવન
પશુ, પંખી હો યા હો માનવ
પ્રેમીજનના ચરણે મારૂં
હરહંમેશા શીશ ધરૂં છું

**સુંડાજી ઠાકોર** (સુરાણા)

## મીઠી વાણી બોલો

થોડું બોલો પણ પ્રિય બોલો
કડવું ભલે બોલો પણ સત્ય બોલો
ભલે બે શબ્દ બોલો પણ મીઠી વાણી બોલો
વિવેકભર્યું બોલો હરહંમેશ મીઠું બોલો
ભલે થોડું બોલો પણ કડવા વેણ ના બોલો
મીઠું બોલો, મધુર બોલો, થોડું બોલો પણ
સૌને ગમતું બોલો, થોડું બોલો પણ મીઠી વાણી બોલો

**ઠાકોર બાબુભાઈ પી.** (વાવ)

## ચૂંટણી હાઈકુ

ગાંડા વચનો, રોજ આપશે નેતા
પ્રજા ચાખશે
ફરી આવત, પાંચ વરસે આજ
હવે ભેટવા !
હાથ જોડીને વોટ માગતા જાણે
માડીના જાયા !

**નાઈ પરબતકુમાર કે.**(બુકણા)

## શોધું છું હું તમને

અનંત આકારની નિરવતામાં ચાંદની
ચાંદની તને તારાની ચમકમાં શોધું છું હું તમને
રાત્રીના અંધકાર અને સુસવાટા મારતા પવનના વેગમાં
શોધું હું તમને ખીલતા રંગીન ફુલોની મહેંકમાં
અને કલરવ કરતા પંખીઓના સ્વરમાં શોધું છું હું તમને
ઝાકળના બિંદુ કરાવે છે અહેસાન મને
આંખોમાંથી વહેતા આંસુઓનો વૃક્ષોના પર્ણોનો સંગીતમાં
સંભળાય છે રણકાર મને તમારા હાસ્યમાં
ઘુઘવતા સાગરના મોજામાં જોઈ રહી છું તમારા ચાલની ઝડપ
સૂર્યાસ્તની લાલીમા જોઈ જાય છે મારા દિલની ઝડપ
ગ્રીષ્મની ગરમીમાં ભરૂં છું હું ઠંડી ઠંડી આહ
પોષની ઠંડીમાં જાગી ઉઠે છે દિલના અરમાન
વર્ષોના બિંદુમાં સંભળાય છે મને તમારો પ્રેમાળ સૂર
છોડી મને ચાલ્યા ગયા છોડી ગયા મને દુર
કરીશ યાદ તમને હંમેશા રહી ગયા જયાં સુધી જીંદગી
મળે તમારા આત્માને શાંતી રોજ ખુદા પાસે બંદગી

**સલીમભાઈકુંભાર**

## માનવની પશુતા

રકત તરસી દશ દશ ગોળી
ચારે બાજુથી આવે
અજાણ અબોલ દિપડાના દિલને
મોતનો ખ્યાલ ન આવે
કોમળ હૃદયી બાળાના એ
દિલમાં કંપ જગાવ
પ્લીઝ એને કોઈ મારશો ના
પોકારી ચીસ પડાવે
ગુલમહોરની ડાળે બેઠો
શોધ શિકારની કરતો
ત્રણ દિવસથી ભુખ્યો છતાં
ના એ પ્રાણ કોઈના હરતો
સીમેન્ટ ક્રોંકીંટના જંગલમાં
લાગણી શોધવા આવ્યો
માનવીની માનવતાનો એ
તાગ મેળવવા આવ્યો
ધણધણતી છુટી ગોળીઓને
તેણે પ્રાણ ગુમાવ્યો
માનવીએ પશુતાનો તેને
ઘાતકી પરચો બતાવ્યો
પશુ કોઈ માનવીને મારે તેને પશુતા કહેવડાવે
માનવ નિર્દોષ પશુને મારે,તે પશુતાને પણ શરમાવે
કોમળ હૃદયી બાળાના એ દિલમાં કંપ જગાવે
પ્લીઝ એને કોઈ મારશો નાપોકારી ચીસ પડાવે

**નટવર હેડાઉ**

## વારાહીમાં સ્પોર્ટસ ડે ઉજવાયો

વારાહી

શ્રી એસ.ડી.આચાર્ય પ્રા.શાળા વારાહીમાં સ્પોર્ટસ ડે ની ઉજવણી કરાઈ. જેમાં શાળાના બાળકોને સંગીત ખુરશી, લીંબુ ચમચી, કોથળા દોડ, લંગડી દોડ, રસ્સા ખેંચ, આંધળી ખિસકોલી જેવી વિવિધ રમતો રમાડવામાં આવી. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. જેમાં દરેક સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવેલ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ સ્પર્ધાનું સમગ્ર આયોજન સ્પોર્ટસ ટ્રેનર મુકેશભાઈ પટેલ અને ધ્રુનિકાબેન સાધુએ કરેલ. તથા શાળામાં આચાર્ય ડી.આર. પરમાર અને સ્ટાફગણે સહયોગ આપ્યો. જેમાં એસપીસી ના બાળકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. એસપીસી સીપીઓ રાજેશભાઈ પ્રજાપતિ હાજર રહયા હતા.

## સમી તાલુકામાં પુર અસરગ્રસ્તો સહાયના નાણાંથી હજી વંચિત

હારીજ

ગત જુલાઈ ૨૦૧૭ માં આવેલા ભારે વરસાદના કારણે પાટણ અને બનાસકાંઠા જિલ્લો વધુ પ્રભાવિત થયા હતા. બંને જિલ્લાના જમીન ધોવાણ, પાક ધોવાણ સહિત ગામડામાં તારાજ થયા હતા અને તે વખતે રાજ્ય સરકાર દ્વારા રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. આ વરસાદથી પાટણ જિલ્લામાં સમી, હારીજ, શંખેશ્વર, રાધનપુર, સાંતલપુર, તાલુકામાં વિશેષ નુકસાન થયું હતું અને તંત્ર દ્વારા ખેડુતોને મારે રાહત પેકેજ જાહેર કરાયા હતા. જો કે આ વાતને છ મહિના જેટલો સમય વિતિ ગયો હોવા છતાં રાહત પેકેજ માટે હજુ ખેડુતો દરબદર ભટકી રહ્યા છે. છ મહિના થયા હોવા છતાં ખેડુતોના ખાતામાં પૈસા જમા થયા નથી.

## પાટણમાં ગુંગડી ચાર રસ્તે બાઈક સ્લીપ થતાં ૩ ને ઈજા

પાટણ

પાટણમાં જુનાગંજ બજારથી ગુંગડી ચાર રસ્તા તરફ જવાના માર્ગ પર ગતરોજ મોડી સાંજે એક બાઈક ચાર રસ્તા પર આવેલા ગણેશ મંદિર નજીક સ્લીપ થઈ જતાં અકસ્માતમાં ત્રણ જણાને ઈજાઓ થવા પામી હતી. મુળ સંખારી બાજુના હરેશકુમાર મનુભાઈ સુથાર ગત બુધવારે તેમના બે મિત્રોને બાઈક પાછળ બેસાડી પાટણ આવ્યા હતા. ત્યારે જુનાગંજ બજારથી ગુંગડી ચાર રસ્તા તરફ જવાના માર્ગ પર બાઈક અચાનક સ્લીપ થઈ જતાં ચાલક સહિત ત્રણ જણાને ગંભીર ઈજાઓ થઈ હતી. સુભાષચોક ગણેશ મંદિર આગળ આ બનાવ બન્યો હતો.

## પાટણઃ યુનિ.ની ઓનલાઈન ફી પદ્ધતિમાં વધારાના ચાર્જ ઘટાડવા રજૂઆત

પાટણઃ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન ફી ભરવાની પ્રક્રિયા શરુ કરાઈ છે પણ તેમાં વિદ્યાર્થીઓ પાસેથી અલગ અલગ રૂ.૧૯૦થી ૩૦૦ સુધીના ચાર્જ લેવામાં આવી રહ્યા છે. જે વિદ્યાર્થીએ ભોગવવાં ન પડે તે માટે યોગ્ય નિર્ણય કરવા અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદે ગુરુવારે કુલપતિને આવેદનપત્ર આપીને રજૂઆત કરી હતી. એબીવીપીના જિલ્લા સહ સંયોજક મહેન્દ્રસિંહ ચૌહાણ તેમજ અન્ય સભ્યોએ આવેદનપત્રમાં ઓનલાઈન ફી ભરવાની સિસ્ટમને આવકારી છે પણ આ પ્રક્રિયામાં છાત્રોને યુઝર નેમ અને પાસવર્ડમાં તકલીફ પડી રહી છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | લાખણી | મઠ | ૬૩૧-૬૩૫ |
| એરંડા | ૮૨૦-૮૨૬ | ગવાર | ૭૪૦-૭૭૫ |
| રાયડો | ૬૫૦-૬૭૪ | મગફળી | ૬૩૬-૮૦૨ |
| કપાસ | ૯૩૨-૧૦૧૭ | રાયડો | ૬૫૦-૬૮૦ |
| ગવાર | ૭૯૦-૮૦૭ | એરંડા | ૮૧૦-૮૨૯ |
| ઈસ. | ૧૦૭૦ | ઈસ. | ૧૫૨૬-૧૯૯૧ |
| વરી. | ૧૦૧૧-૧૦૭૫ | જીરૂ | ૩૬૭૦-૩૬૭૬ |
| | વડગામ | તલ | ૧૫૦૦-૧૬૪૮ |
| બાજરી | ૨૨૦-૨૪૨ | મેથી | ૫૨૨ |
| ઘઉં | ૩૭૧ | સુવા | ૮૪૫-૧૦૦૦ |
| એરંડા | ૮૨૫-૮૨૭ | વરી. | ૯૫૦ |
| મગફળી | ૭૦૦-૭૮૦ | રાજગરો | ૭૩૧-૧૧૪૦ |
| ગવાર | ૭૬૦-૭૭૬ | | પાટણ |
| તલ | ૧૩૬૧-૧૬૫૧ | એરંડા | ૮૨૧-૮૪૧ |
| અડદ | ૭૩૦ | રાયડો | ૬૦૦-૬૭૫ |
| ચોળી | ૬૬૫ | મેથી | ૪૫૦-૬૦૭ |
| | પાલનપુર | સુવા | ૯૫૦-૧૦૧૯ |
| બાજરી | ૨૧૩-૨૨૮ | રાયડો | ૬૩૫-૬૭૮ |
| એરંડા | ૮૧૧-૮૩૧ | જીરૂ | ૩૬૫૦-૩૭૫૦ |
| રાયડો | ૬૪૦-૬૬૫ | વરી. | ૧૦૫૦-૧૧૭૭ |
| મગફળી | ૭૧૪-૭૮૭ | જુવાર | ૫૬૨-૬૪૬ |
| રાજગરો | ૭૨૫-૮૩૫ | તલ | ૧૫૫૧-૧૬૦૦ |
| | થરાદ | ઘઉં | ૩૨૫-૩૮૬ |
| રાયડો | ૬૫૫-૬૭૦ | મગ | ૯૦૦ |
| એરંડા | ૮૧૫-૮૪૦ | બાજરી | ૨૨૫-૨૬૦ |
| બાજરી | ૨૪૦-૨૯૦ | બંટી | ૩૬૦-૩૭૧ |
| ઈસબગુલ | ૧૮૨૦-૧૯૮૦ | જવ | ૩૨૧ |
| મગફળી | ૭૨૫-૮૦૪ | અજમો | ૭૫૦-૧૧૦૮ |
| મગ | ૭૫૦-૧૦૦૦ | અડદ | ૭૨૦-૮૬૧ |
| મઠ | ૫૦૦-૬૧૦ | ગવાર | ૭૬૦-૮૭૧ |
| જીરુ | ૨૮૦૦-૩૮૨૫ | કપાસ | ૯૭૦-૧૦૭૦ |
| તલ | ૧૪૧૧-૧૫૬૧ | | થરા |
| મેથી | ૬૧૫-૬૪૬ | જીરૂ | ૩૨૦૦-૩૭૦૦ |
| રજકા બાજરી | ૩૪૦-૩૬૮ | એરંડા | ૮૨૮-૮૩૩ |
| | રાહ | વરી. | ૮૦૦-૮૧૦ |
| રાયડો | ૬૨૦-૬૮૦ | રાયડો | ૬૬૪-૬૬૫ |
| એરંડા | ૮૧૦-૮૧૬ | ગવાર | ૭૨૫-૭૯૬ |
| બાજરી | ૩૪૦-૩૬૫ | ઘઉં | ૩૩૦-૩૫૫ |
| ચીકુડી | ૮૮૦-૯૨૧ | બાજરી | ૨૩૩-૨૫૫ |
| | ધાનેરા | તલ | ૧૫૬૦-૧૮૮૧ |
| ઘઉં | ૩૭૩ | ર.બાજરી | ૪૧૦ |
| બાજરી | ૨૪૯-૨૯૧ | અડદ | ૭૯૨-૮૧૭ |
| ર.બાજરી | ૩૦૭-૩૫૫ | મગફળી | ૯૦૦ |
| અડદ | ૬૩૦ | | |

## રાધનપુરના ધારાસભ્યના કાર્યાલયના ૧૬૮ કલાક બાદ પણ કોઈ ઠેકાણા નથી

**અભિવાદન સમારોહમાં ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ૪૮ કલાકમાં કાર્યાલય શરુ કરવાની ગુલબાંગો હાંકી હતી**

રાધનપુર

રાધનપુરમાં ૨૭ ડિસેમ્બરે નવનિર્વાચિત ધારાસભ્ય અલ્પેશ ઠાકોરનો અભિવાદન સમારોહ રાધનપુર-વારાહી-સાંતલપુર અને સમીમાં યોજાયો ત્યારે વિશાળ જનસમૂહને જોઈને અલ્પેશ ઠાકોર બોલવામાં ખુબ જ ખીલ્યા હતા,અને લોકોને જાત-જાતના વચનો પણ આપ્યા હતા,અને આ વિસ્તારના લોકોએ તેમના વચનોને સાચા દિલથી વધાવી પણ લીધા હતા,કારણકે અલ્પેશ ઠાકોર એક નવયુવાન અને તરવરિયા ધારાસભ્ય છે,અને ગુજરાત જ નહિ પણ પોતાની નામના વિશ્વકક્ષાએ કરી શક્યા છે,જેથી લોકોએ પણ મન મૂકીને તેમને મત આપીને જંગી બહુમતીથી જીતાડ્યા હતા,આ અભિવાદન સમારોહમાં ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે સમગ્ર વિસ્તારની કાયાપલટ કરી નાખશે અને પછાત વિસ્તારને હર્યોભર્યો કરી નાખશે તેવા વચનો સાથે આ વિસ્તારની જનતાને પોતાની રજૂઆતો કરવા માટે ગાંધીનગર સુધી લાંબા ના થવું પડે અને હેરાન ના થવું પડે તે માટે રાધનપુર-વારાહી-સાંતલપુર અને સમીમાં એક-એક કાર્યાલય માત્ર ૪૮ કલાકમાં ખુલ્લું મુકવામાં આવશે તેવી જોરશોરથી જાહેરાતો કરી હતી જેને વિશાળ જનમેદનીએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી,અને હવે આ વિસ્તારમાં બધી સમસ્યાઓ ચપટી વગાડતા દૂર થઈ જશે તેવી લોકોને આશા બંધાણી હતી,આ સમારોહમાં તેમણે એવું પણ કહ્યું હતું કે હું ખુરશી માટે રાજ-કારણમાં નથી આવ્યો,હું તો તમારો દીકરો બનીને તમારી સેવા કરવા માટે આવ્યો છું,પરંતુ આજ-કાલ સમગ્ર વિસ્તારમાં એવી લોકચર્ચા ચાલી રહી છે કે વિધાનસભામાં વિરોધપક્ષના નેતા અને અન્ય મોટી નિમણૂંકો થઈ રહી છે તેમાં સારા હોદ્દાની ફિરાકમાં આજે ૧૬૮ કલાક થઈ જવા છતાંય એક પણ કાર્યાલય ખુલ્લું મુકવામાં આવ્યું નથી.જેના કારણે લોકો પણ રીતસર હાલાકી ભોગવી રહ્યા છે, ત્રણેય તાલુકાના લોકોને પોતાના વિસ્તારની અનેક સમસ્યાઓ ધારાસભ્ય સમક્ષ કરવી છે,પણ કોને કરે,નથી તો કાર્યાલય ખુલ્લું મુકાયું કે નથી ધારાસભ્ય દેખાતા,પક્ષના કાર્યકરો પાસે પણ તેનો જવાબ નથી કે તેઓ મતવિસ્તારમાં ક્યારે આવશે.

### અલ્પેશજી ઠાકોર કોંગ્રેસની રાહે

**રાધનપુર નગરપાલિકાની ગત ચૂંટણીઓમાં પણ કોંગ્રેસના અગ્રણીઓએ મત લેવા માટે મોટી-મોટી ગુલબાંગો હાંકી હતી અને લોકોને લોલીપોપ બતાવી હતી કે જો કોંગ્રેસ ચૂંટણીમાં જીતશે તો આ જગ્યાએ કાર્યાલય કરીશું અને પેલી જગ્યાએ કાર્યાલય કરીશું જેથી લોકોને નગરપાલિકામાં ધક્કા નહિ ખાવા પડે,વિવિધ જાતના દાખલ આ કાર્યાલયમાંથી લોકોને મળી જશે,પરંતુ ચૂંટણી પતિ ગયા બાદ ના તો કાર્યાલય ખુલ્યા કે ના લોકોના કામ થયા,લોકોના કામ કરવા તો બાજુમાં રહ્યા ૨૧ માં થી ૧૯ સભ્યો ભાજપમાં ભળી ગયા અને લોકો સાથે ગદ્દારી કરી,જેથી લોકો હવે બીજીવાર છેતરાય નહિ તેનો પણ ડર સતાવી રહ્યો છે,**

### કાર્યાલયની જગ્યા પસંદ થઈ ગઈ છે

**રાધનપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નવીનભાઈ પટેલના જણાવ્યા મુજબ કાર્યાલય માટે હાઈવે ચાર રસ્તા પાસે જગ્યા પસંદ કરી લેવામાં આવી છે,અને તેમાં ફર્નિચર તૈયાર થઈ ગયા પછી કાર્યાલય ખુલ્લું મુકવામાં આવશે,કાર્યાલય શરુ થયા બાદ લોકોને સગવડ મળતી થઈ જશે.**

## હિંમતનગરઃ બ્રિજ પાસે કિશોરીની અર્ધ બળેલી લાશ મળી, હત્યાની આશંકા

હિંમતનગર

હિંમતનગર તાલુકાના ગાંભોઇ નજીક સરવણા ઓવરબ્રીજ નજીકમાં ગુરૂવારે સાંજે અર્ધ બળેલી હાલતમાં કિશોરીની ક્ષતવિક્ષત લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. ગાંભોઇ પોલીસે લાશનો કબ્જો લઇ વધુ તપાસ હાથ ધરી હતી. સરવણા ઓવરબ્રીજ નજીક રેલ્વે ટ્રેકની બીજી બાજુ ગુરૂવારે સાંજે અર્ધ બળેલી લાશ મળી આવતા ગાંભોઇ પોલીસને જાણ કરવામાં આવી હતી. ૧૫ થી ૧૭ વર્ષની ઉંમરની કિશોરીને અહીં લાવ્યા બાદ બાળવામાં આવી હોય તેવુ જણાઇ રહ્યું છે અને ઘટના સ્થળની સ્થિતિ જોતાં કિશોરીને અહી લાવ્યા અગાઉ હત્યા કરવામાં આવી હશે તેવુ જણાઇ રહ્યુ છે.

કિશોરીનો ચહેરો અને કોણીથી પંજા સુધીના બંને હાથ સિવાયનુ આખુ શરીર બળીને ક્ષતવિક્ષત થઇ ગયુ છે. તથા જમણા પગના પંજા ઉપર મોજા અને સ્લીપર યથાવત છે. મોટા ભાગે કિશોરીની હત્યા કરીને આ સ્થળે લાવી બાળી હોય તેવું જણાઇ રહ્યુ છે. ગાંભોઇ પીએસઆઇ આનંદ બ્રહ્મભટ્ટે જણાવ્યુ હતુ કે લાશનો કબ્જો લઇ તપાસ હાથ ધરવામાં આવી છે.

## જેના જીવનમાં સદ્ગુરુ હોય તેને જબરજસ્ત એનર્જી મળે છે : શંભુભાઈ ઠક્કર

### રાધનપુરમાં ભારતવિકાસ પરિષદ દ્વારા યોગ શિબિરનો શુભારંભ



રાધનપુર

રાધનપુરમાં ભારત વિકાસ પરિષદ દ્વારા ઠંડીનો ચમકારો શરુ થતા તા.૪ થી ૯ જાન્યુઆરી સુધી લોહાણા બૉર્ડિંગ ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં યોગગુરુ શંભુભાઈ આર.ઠક્કર અને દર્ષ્ટિબેન ઠક્કર દ્વારા વહેલી સવારે યોગના પાઠ શીખવાડવામાં આવી રહ્યા છે,જેનો લાભ શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો લઈ રહ્યા છે,શુક્રવારે વહેલી સવારે યોગગુરુ શંભુભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે યોગને બાબા રામદેવ,શ્રી શ્રી રવિશંકર મહારાજ સહિતના યોગગુરુઓએ ખુબ જ પ્રચલિત કર્યાં છે, તેમનો આપણે આભાર માનીએ એટલો ઓછો પડે, યોગમાં વજ્રાસન એક શ્રેષ્ઠ આસાન ગણવામાં આવે છે,કપાલભારતી શરીરમાં શુદ્ધિકરણ કરે છે, સોહમ સાધના શરીરના તમામ હોર્મોન્સને કાર્યરત કરે છે,શ્રી શ્રી રવિશંકર મહારાજ ગુરુ સોહમ સાધનાને સુદર્શન ક્રિયા કહે છે, અને આ ક્રિયાથી શરીરમાં આખો દિવસ શક્તિ રહે છે, જયારે ભાસ્ત્રિકાથી શરીરમાં શક્તિનો સંચાર થાય છે,યોગગુરુ દર્ષ્ટિબેન ઠક્કરે જણાવ્યું હતું કે સોહમ સાધના આપણી ફિઝિકલ બોડીને બેલેન્સ કરે છે, આપણે ખુશ થઈએ ત્યારે હોર્મોન્સ રિલીઝ થાય છે. આ પ્રસંગે ભારત વિકાસ પરિષદના પ્રમુખ કપિલભાઈ અખાણી,સેક્રેટરી મિલનભાઈ ચોક્સી,અંબા ઈન્ડસ્ટ્રીઝના કલ્પેશભાઈ ઠક્કર, ડૉ.પ્રવીણ ઓઝા, ડૉ.દિનેશભાઈ ઠક્કર સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા, આ સમગ્ર યોગ શિબિરના સ્પોન્સર રાજા સાયકલવાળા વિજયભાઈ વનજાની છે, જયારે કાર્યક્રમના અંતે કલ્પેશભાઈ ઠક્કરના સૌજન્યથી ગાજર અને ટામેટાના રસનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ યોગશિબિરમાં ૧૦૦થી વધુ ભાઈઓ અને બહેનો લાભ લઈ રહી છે. કાર્યક્રમ દરમ્યાન યોગગુરુ દર્ષ્ટિબેન ઠક્કરનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

## પાટણના ખાનગી દવાખાને સંબંધીની ખબર કાઢવા આવેલા ઈસમ પર હુમલો

પાટણ

પાટણના એસ.ટી.બસ સ્ટેન્ડ સામે આવેલ હોસ્પિટલમાં દર્દીની ખબર કાઢવા માટે આવેલા એક સંબંધી પર તેની જ જ્ઞાતિના લોકોએ હુમલો કરતા ધીંગાણું મચી જવા પામ્યું હતું.

જાણવા મળતી વિગતો અનુસાર પાટણના ચારૂપ ગામના રહીશ કરણસિંહ માધુજી હેમરાજજી રાજપુત તેમના એક મિત્રના દિકરાની ખબર કાઢવા હોસ્પિટલ આવ્યા હતા. અને તે જ સમયે જયદીપસિંહ ઉર્ફે લાલો શંકરજી રાજપુત (રહે. ચારૂપ) એ કરણસિંહને ફોન પર કહેલ કે તું ક્યાં છે? ત્યારે સામેથી ફોન આવ્યો હતો. ડૉ.રાજેશના દવાખાને! થોડીવાર પછી કેટલાક ટોળાં દવાખાને આવી પહોંચ્યા હતા. અને એક સંપ થઈ ધોકા સાથે આવી કરણને કહેલ કે તું અમને ફોન પર કેમ ગાળો બોલતો હતો. તેવું જણાવી તેની અદાવત રાખી કરણને માર માર્યો હતો. આ બનાવ અંગે કરણસિંહ રાજપુતે પોલીસ મથકે પ્રતાપજી રાજપુત, જયદિપસિંહ રાજપુત, ચેતનસિંહ રાજપુત, નટુજી કચરાજી, તથા અન્ય ચાર પાંચ જણા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## ઉ.ગુજરાતના દિવસના તાપમાનમાં આંશિક ઘટાડો : રાત હજુ પણ ઠંડી

મહેસાણા

ઉત્તર ગુજરાતના પાંચેય જિલ્લામાં ગુરૂવારે મહત્તમ તાપમાન આંશીક ઘટાડો જોવા મળ્યો હતો. જયારે લઘુત્તમ તાપમાન ૧૪.૭ ડિગ્રી નોંધાયું હત. પરંતુ બપોરના સમયે ઠંડો પવન ધીમો પડતાં સામાન્ય ગરમી વર્તાઇ હતી. જો કે, બપોર બાદ ફરી એકવાર ઠંડીની અસર અકબંધ રહેવા પામી હતી. સમગ્ર ઉત્તર ગુજરાતમાં ગુરૂવારે મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો જોવા મળ્યો હતો. જેને લઈ મહેસાણાનું ૨૬.૫ ડિગ્રી, પાટણનું ૨૬.૬ ડિગ્રી, બનાસકાંઠાનું ૨૬.૮ ડિગ્રી, સાબરકાંઠાનું ૨૯ ડિગ્રી અને અરવલ્લીનું ૨૬.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તેમજ પાંચેય જિલ્લાનું લઘુત્તમ તાપમાન સ્થિર રહ્યુ હતું. બુધવારે જે પવન પ્રતિ કલાકે ૭ થી ૧૦ કિલોમીટરની ઝડપે ફૂંકાતો હતો તેમાં ગુરૂવારે ત્રણેક કિલોમીટરના ઘટાડા સાતે ૫ થી ૭ કિલોમીટરની ઝડપે ફૂંકાયો હતો.

### માઉન્ટ આબુમાં શૂન્ય ડિગ્રી તાપમાન

**માઉન્ટ આબુમાં સતત ચોથા દિવસે પણ ઠંડી યથાવત રહેતા ગુરુવારે શૂન્ય ડિગ્રી તાપમાન નોંધાયુ હતું.માઉન્ટ આબુમાં છેલ્લા ચાર દિવસથી શિયાળાની ગુલાબી ઠંડીએ લોકોને ધ્રુજાવી નાખ્યા છે.**

### ઉ.ગુ.નું તાપમાન

| જિલ્લો | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| મહેસાણા | ૨૬.૫ | ૯.૧ |
| પાટણ | ૨૬.૬ | ૯.૫ |
| બનાસકાંઠા | ૨૬.૮ | ૯ |
| સાબરકાંઠા | ૨૭ | ૯.૨ |
| અરવલ્લી | ૨૬.૯ | ૯.૩ |

## પાટણમાં બે ભાઈઓ પર છરીથી હુમલો કરનાર આરોપીને અઢી વર્ષની સજા

પાટણ

પાટણની જયવીર નગર સોસાયટીના નાકે પાંચ વર્ષ પૂર્વે બનેલી મારામારીની અને છરી મારીને બે સગા ભાઈઓને ઈજાઓ કરવાના કેસમાં ગત બુધવારે પાટણની એક જ્યુડીશીયલ કોર્ટે આરોપીને અઢી વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી અને રૂા. ૨૦૦૦ નો દંડ ફટકાર્યો હતો તથા આરોપીને ... પણ લાભ આપવાનો ઈન્કાર કર્યો હતો.

જાણવા મળતી વિગતો અનુસાર પાટણમાં એસ.ટી. મથક નજીકના જયવીર સોસાયટીના નાકે આવેલ ભગવતી ફ્લોર મીલની આગળની દુકાનના સંચાલક મુકેશ રમેશભાઈ દરજી તા. ૬/૧૨/૧૨ ના રોજ સાંજે સાડા પાંચ વાગે તેમના મોટાભાઈ અશોકભાઈ સાથે દુકાને હતા, અશોકભાઈ કપડાનું કટીંગ કરતા હતા અને મુકેશભાઈ દુકાનની બહાર ઉભા હતા. ત્યારે તેમની મધર શોભાબેન અને ભાભી પાયલબેન દુકાને આવ્યા હતા. તે જોઈ એક દુકાનદાર ગાળો બોલતો હતો. તેને ગણેશભાઈએ ગાળો બોલવાની ના પાડતાં ગણેશભાઈ પટેલે પ્રકાશભાઈ ના પેટમાં અને છોડાવવા આવેલા અશોકભાઈને પેટના ભાગે છરીનો ઘા વાગેલ. બાદમાં બંને ભાઈઓને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

સદર કેસ પાટણની જ્યુ. કોર્ટમાં ચાલી જતાં મેજીસ્ટ્રેટ કે.એમ.ગોહીલે આરોપી ગણેશ પટેલને અઢી વર્ષન સાદી કેદ અને રૂા. ૧૦૦૦ નો દંડ ફટકાર્યો હતો.

## ચિકણાના હિરેનની હત્યાનો ભેદ ઉકેલાયોઃ હત્યારો ગામનો જ સગીર

મહેસાણા

સતલાસણા તાલુકાના ચિકણા ગામના હિરેનની હત્યામાં ગામના જ સગીરની સંડોવણી હોવાનું બહાર આવતાં ખળભળાટ મચી ગયો છે.પતંગ દોરી બાબતે બંને વચ્ચે થયેલી માથાકૂટ બાદ પડી ગયેલા હિરેનના પરિવારની બીકે સગીરે તેને ઉઠાવી જઈ મોઢું દબાવવા જતાં શ્વાસ રૂંધાતાં તેનું મોત નીપજયું હોવાનુ પોલીસ માની રહી છે.પોલીસે ગુરૂવારે સગીરને ગામમા લઇ જઇ વિશ્વાસુ વ્યક્તિઓને સાથે રાખીને પુછપરછ હાથ ધરી હતી.

ચિકણા ગામના હિરેનની ગુમ થયાના ૯ મા દિવસે શાળાની દીવાલ પાસેથી કોહવાયેલી લાશ મળી આવતાં પરિવાર તેમજ ઠાકોર સેનાએ આરોપીઓ ન પકડાય ત્યાં સુધી લાશ ન લેવાનો ઈન્કાર કરતાં તપાસ એલસીબીને સોંપી આરોપી પકડવાની ખાતરી આપતાં દફનવિધિ કરાઈ હતી. કેસમાં એલસીબી,એસઓજી અને સ્થાનીક પોલીસની વિવિધ ટુકડીઓ તપાસમાં લાગી હતી.પ્રથમથી હત્યારો ગામનો જ હોવાનું સ્પષ્ટ થતા પોલીસે તે દિશામાં તપાસ લંબાવી હતી.

જેમાં ગામના ૧૫વર્ષના સગીરની પુછપરછમાં હત્યાનો ભેદ ઉકેલાયો હતો.જેમાં સગીરે જ હત્યા કરી હોવાનું હાલના તબક્કે માનતી પોલીસે બુધવારે તેને ગામમાં સાથે રાખીને તપાસ કરી હતી. જોકે સગીરનો હત્યા કરવાનો ઈરાદો ન હતો પરંતુ હિરેન પડી જતા પોતાનું નામ ના આવે તે માટે તેને ઉઠાવી જઇ મોઢું દબાવવા જતાં શ્વાસ રૂંધાઈ જવાથી મોત થયું હોવાનું હાલના તબક્કે મનાઇ રહ્યું છે.

## રાધનપુર તાલુકામાં દારૂના અડ્ડા બંધ કરાવવા ઠાકોરસેનાનું અલ્ટીમેટમ



રાધનપુર

રાધનપુર તાલુકામાં ઠાકોર સેના દ્વારા દારૂના અડ્ડા બંધ કરાવવા છતાંય આજે પણ ધમધોકાર દારૂનું વેચાણ થઈ રહ્યું છે,તાજેતરમાં નવનિ ર્વાચિત ધારાસભ્ય અલ્પેશજી ઠાકોરના અભિ વાદન સમારોહમાં પણ આ બાબતે રજુઆત કરવામાં આવી હતી,જેથી ઠાકોરસેના દ્વારા શુક્રવારે નાયબ કલેક્ટર અને પોલીસ ઈન્સ્પેક્ટરને લેખિતમાં આવેદન પત્ર આપીને રાધનપુર તાલુકામાંથી દારૂના અડ્ડા બંધ કરાવવા અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું,ઠાકોરસેનાના નવા વરાયેલા પ્રમુખ હરખાજી ઠાકોર,પ્રભારી વિષ્ણુજી ઠાકોર,જે.બી.ઠાકોર,જિલ્લા સંગઠન મંત્રી શૈલેષજી ઠાકોર, પ્રદેશ ઠાકોર સેના કમિટીના પ્રહલાદજી ઠાકોર, તાલુકા મંત્રી આર.કે. ઠાકોર, તાલુકા પંચાયત ના સદસ્ય સુરેશભાઈ ઠાકોર સહિતે સુપરત કરેલા આવેદનમાં રાધનપુર શહેરમાં ઘણી જગ્યાએ દારૂનું વેચાણ થાય છે,આ અંગેનું લિસ્ટ પણ અગાઉ આપેલું હતું,તેમ છતાંય પોલીસ દારૂના અડ્ડા બંધ નથી કરાવતી, તાલુકાના કેટલાક ગામડાઓમાં પણ દેશી-વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે,જેનું લિસ્ટ પણ પોલીસને આપવામાં આવેલું છે,રાધનપુર પોલીસ બુટલેગરો પાસેથી હપ્તાઓ લઈને વેચાણ કરાવી રહી હોવાના પણ આક્ષેપો કરવામાં આવ્યા છે,ગુજરાતમાં દારૂબંધી હોવા છતાંય પોલીસ તેનો અમલ કરાવતી નથી,રાધનપુર શહેર અને તાલુકામાં દારૂનું વેચાણ સત્વરે બંધ થવું જોઈએ, જો બંધ કરવામાં નહિ આવે તો ઠાકોરસેના જનતા રેડ કરશે,અને જેની હદમાં દારૂ પકડાશે તે પોલીસ ઉપર કાર્યવાહી પણ કરશે,જનતા રેડ કરતા કંઈપણ થશે તો તેની જબાબદારી પોલીસ તંત્ર તેમજ સરકારની રહેશે,આ રજુઆતમાં પોલીસ તા.૧૦ જાન્યુઆરી સુધીમાં દારૂનું વેચાણ બંધ નહિ કરાવે તો તે દિવસે બુધવારના સવારે ૧૧ વાગે રાધનપુર કચેરી આગળ ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામા આવી છે.

### ચાણસ્માના સેંધામાં અઢી વર્ષ જૂની અદાવત : આઠ વિરુદ્ધ ફરિયાદ

મહેસાણાઃ નવા વર્ષમાં મહેસાણાવાસીઓને એક અદ્યતન રેલવે સ્ટેશનની સુવિધા મળી જશે. અંદાજે સાતેક કરોડના ખર્ચે તૈયાર થયેલા આ નવા રેલવે સ્ટેશનમાં ૬ પ્લેટફોર્મ હશે. ફૂટ ઓવરબ્રિજ અને એક્સેલેટરની સુવિધા પણ હશે. અશક્તો માટે તમામ પ્લેટફોર્મ ઉપર લીફ્ટની પણ સગવડ પણ ખરી. નવા બિલ્ડીગમાં જ રેલવેની તમામ ઓફિસો હશે. તો મુસાફરોને આરામ માટે અદ્યતન બેઠક વ્યવસ્થા ધરાવતા રૂમો અને વીઆઈપી માટે સ્પેશિયલ લોંજ પણ હશે. ટ્રેન આવવાનો સમય હોય તો મુસાફરો બે ઘડી આરામથી બેસી શકે તે માટે સુંદર બગીચો પણ ખરો.